# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 4 ■ વિક્રમ સંવત ૨૦૮૨

પૌષ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 January 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૫ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ઈન્દિરા બ્રિજ મામલે તંત્રએ કરી સ્પષ્ટતા, બ્રિજ સુરક્ષિત છે, ગભરાશો નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં જ અમદાવાદનો સુભાષ બ્રિજમાં તિરાડ પડવાથી ચર્ચામાં આવ્યો હતો. ત્યારે હવે અમદાવાદ અને ગાંધીનગરને જોડતા મહત્ત્વપૂર્ણ એવા ઈન્દિરા બ્રિજ પર તિરાડો પડી હોવાના અહેવાલો મીડિયા અને સોશ્યલ મીડિયામાં વહેતા થયા હતા. જોકે, સત્તાધિકારીઓએ આ અહેવાલોને ભ્રામક અને તથ્યહીન ગણાવીને તેનું સત્તાવાર રીતે ખંડન કર્યું હતું. તંત્રએ સ્પષ્ટ કર્યું હતું કે પુલ સુરક્ષિત છે અને નાગરિકોએ આવી અફવાઓથી ગભરાવાની જરૂર નથી.

આ વિવાદના પગલે કેપિટલ પ્રોજેક્ટ ડિવિઝન-૩ ના કાર્યપાલક ઈજનેર અને સબ-ડિવિઝન-૧૮ ના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા સંયુક્ત રીતે સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ નિરીક્ષણ દરમિયાન જાણવા મળ્યું હતું કે જે ભાગને તિરાડ તરીકે દર્શાવવામાં આવી રહ્યો છે તે વાસ્તવમાં સ્ટ્રક્ચરલ તિરાડો નથી. સત્તાવાર અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે આ 'એક્સપાન્શન જોઈન્ટ્સ' છે, જે સિવિલ એન્જિનિયરિંગની ડિઝાઈન મુજબ બે સ્પાન વચ્ચે જાણી જોઈને રાખવામાં આવે છે.

ઈજનેરોએ ટેકનિકલ સ્પષ્ટતા આપતા જણાવ્યું હતું કે, તાપમાનમાં થતા ફેરફારોને કારણે પુલના મટીરિયલમાં થતા સંકોચન અને વિસ્તરણને સહન કરવા માટે આ જોઈન્ટ્સ અનિવાર્ય છે. આ કોઈ પણ પ્રકારનું નુકસાન કે ખામી દર્શાવતા નથી. વધુમાં, ઈન્દિરા બ્રિજનું સમયાંતરે ટેકનિકલ ઑડિટ કરવામાં આવે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા વ્યાપક ટેકનિકલ ઑડિટમાં પણ પુલના મુખ્ય માળખામાં કોઈ ખામી કે ક્ષતિ જોવા મળી નહોતી, તેવી સ્પષ્ટતા તંત્રએ કરી હતી. ■

# વલસાડમાં મેરેથોનમાં ભાગ લીધા પછી કિશોરી ઢળી પડી, હાર્ટ એટેકની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ જિલ્લાની એક સ્કૂલમાં યોજાયેલી મેરેથોનમાં ભાગ લીધા બાદ એક ૧૫ વર્ષીય વિદ્યાર્થિનીનું મોત થયું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ૧૫ વર્ષની રોશનીએ શાળા દ્વારા આયોજિત મેરેથોનમાં ભાગ લીધો હતો. આ ઘટના મહારાષ્ટ્રના વેજી તલાસરીના સોરઠપાડામાં બની હતી, જે વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાને અડીને છે. આ મેરેથોનનું આયોજન એક ખાનગી શાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

અહેવાલો અનુસાર, મેરેથોન પછી વિદ્યાર્થિનીની તબિયત બગડી ગઈ હતી. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરતા સ્કૂલ અને પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી મૃત્યુનું ચોક્કસ કારણ નક્કી થશે.

શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે દોડયા પછી વિદ્યાર્થિનીને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. તેની હાલત વધુ ખરાબ થતાં, વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જોકે ડોક્ટરોએ મૃત જાહેર કરી હતી. મેરેથોનમાં દોડવાના પરિણામે તેનું મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક ધોરણે લાગી રહ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

તો બીજી બાજુ દીકરીના આ રીતે મૃત્યુથી શોકમાં ડૂબેલાં માતા-પિતાએ સ્કૂલ પર બેદરકારીનો આક્ષેપ કર્યો હતો. રોશનીની માતા સુનીતાએ જણાવ્યું હતું કે તેમની દીકરીએ રાત્રે જમવાનું બનાવ્યું હતું અને તે એકદમ સ્વસ્થ હતી. સવારે તેણે માતાનાં આશીર્વાદ લીધા હતા અને મેરેથોનમાં ગઈ હતી, જ્યાં દોડ્યા બાદ તેનું મોત થયું હતું. દરમિયાન, હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે રોશની ૧૫ વર્ષની હતી. જ્યારે તેને હોસ્પિટલમાં લાવ્યા ત્યારે જ તે મૃત અવસ્થામાં હતી. ડોક્ટરે કહ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ, મૃત્યુનું કારણ હૃદયરોગનો હુમલો હોવાનું માનવામાં આવે છે, જોકે વાસ્તવિક કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી જ જાણી શકાશે. ■

# વર્ષના અંતે રાજયને મળશે પાંચ અત્યાધુનિક મેડિકલ કૉલેજ, મુખ્ય પ્રધાને કરી સમીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં આરોગ્ય ખાતાની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં રજૂ કરવામાં આવેલી માહિતી અનુસાર રાજપીપળા, મોરબી, નવસારી, ગોધરા અને પોરબંદર ખાતે પાંચ મેડિકલ કૉલેજો, હૉસ્પિટલો અને છાત્રાલયોના બાંધકામ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂરું થશે. પરિણામે, દૂરના આદિવાસી વિસ્તારો અને સૌરાષ્ટ્રના દૂરના ગામડાઓના લોકો નજીકના સ્થળોએ વધુ અદ્યતન આરોગ્યસંભાળ સેવાઓ સરળતાથી મેળવી શકશે.

મુખ્ય પ્રધાને કેન્દ્રીય આરોગ્ય યોજનાઓની પ્રગતિની વિગતવાર ચર્ચા અને સંપૂર્ણ સમીક્ષા બાદ બેઠક દરમિયાન જરૂરી નિર્દેશો જારી કર્યા હતા.

ખાસ કરીને, ગ્રામીણ સ્તર સુધીની આયુર્વેદિક અને હોમિયોપેથિક સારવાર પ્રણાલીનો સમાવેશ થાય છે, તે ગુજરાતમાં ૭,૭૩૩ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોના વ્યાપક નેટવર્ક દ્વારા સાકાર થઈ રહ્યું છે. આ સંદર્ભમાં વિગતો પણ બેઠકમાં રજૂ કરવામાં આવી હતી.

આ સંદર્ભમાં, મુખ્ય પ્રધાને પ્રધાનમંત્રી આયુષ્માન ભારત આરોગ્ય માળખાગત મિશન હેઠળ ૪૧૦ શહેરી આરોગ્ય કેન્દ્રો, ૩૩ જિલ્લાઓમાં આધુનિક પ્રયોગશાળાઓ અને ૩૨ જિલ્લાઓમાં ક્રિટિકલ કેર બ્લોક્સના નિર્માણની પ્રગતિની સમીક્ષા કરી હતી અને આ કાર્યો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સૂચનાઓ જારી કરી હતી. વધુમાં, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે બેઠકમાં માહિતી આપી હતી કે ગ્રામીણ વિસ્તારોમાં ૩૦૨ પેટા કેન્દ્રો અને ૨૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની નવી ઇમારતો પૂર્ણ થઈ ગઈ છે.

મુખ્ય પ્રધાને રાજ્યમાં પારદર્શક, ઝડપી અને એઆઈ-આધારિત ટૅકનોલૉજી દ્વારા આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મા ના વધુ સચોટ, સર્વાંગી અને વ્યવસ્થિત અમલીકરણની ખાતરી કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ ૩.૪૪ લાખથી વધુ માતાઓને પોષણ સહાયની જોગવાઈ, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-એમએ હેઠળ ૨.૬૯ કરોડ સભ્યોની નોંધણી અને ૧૦ લાખ રૂપિયા સુધીની રોકડ રહિત સારવારની ઉપલબ્ધતાની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી કલ્યાણ યોજનાઓના અમલીકરણમાં ગુજરાતની અગ્રેસર પરંપરાને ચાલુ રાખીને, મુખ્ય પ્રધાને આગ્રહ કર્યો કે રાજ્યએ સ્વસ્થ ગુજરાતના વિઝનને સાકાર કરવા માટે ૧૦ કેન્દ્ર પ્રાયોજિત આરોગ્ય યોજનાઓના અસરકારક રીતે અમલીકરણમાં પણ અગ્રેસર રહેવું જોઈએ. ■

# ગુજરાતના ૩૭૦ જ્વેલર્સ પર લીગલ મેટ્રોલોજી ડિપાર્ટમેન્ટ ત્રાટક્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યભરના જ્વેલર્સને આશ્ચર્યમાં મૂકતા લીગલ મેટ્રોલોજી ડિપાર્ટમેન્ટે ૩૭૦ સોના-ચાંદીના શોરૂમ પર સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું.

ગુજરાતના ૨૫ જિલ્લામાં શુક્ર અને શનિવારે બે દિવસીય ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જે દરમિયાન અધિકારીઓએ ૨૫૩ કેસ નોંધ્યા હતા અને સ્થળ પર જ કમ્પાઉન્ડિંગ ફી તરીકે રૂ. ૬.૭૯ લાખ વસૂલ કર્યા હતા.

કાનૂની મેટ્રોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, પ્રક્રિયામાં પારદર્શિતા નક્કી કરવા માટે ઇ-પીઓએસ, યુપીઆઈ-આધારિત ડિજિટલ ચુકવણીઓ, ઇ-પેમેન્ટ મોડ્સ અને ચેક દ્વારા કમ્પાઉન્ડિંગ ફી તાત્કાલિક વસૂલવામાં આવી હતી.

નિરીક્ષણ દરમિયાન, અમદાવાદમાં સૌથી વધુ તપાસ કરવામાં આવી હતી, જ્યાં ૬૧ એકમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ૨૨ કેસ નોંધવામાં આવ્યા હતા. ત્યારબાદ ભરૂચ-નર્મદાનો ક્રમ આવ્યો હતો, જ્યાં ૨૭ એકમનું નિરીક્ષણ કર્યા પછી ૨૫ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જૂનાગઢ-ગીર સોમનાથમાં, ૨૧ શોરૂમમાંથી ૨૦ કેસ નોંધાયા હતા, જ્યારે ભાવનગર, બોટાદમાં ૨૦ નિરીક્ષણમાંથી ૧૭ કેસ નોંધાયા હતા અને સુરતમાં ૨૦ તપાસ કરાયેલ એકમોમાંથી ૧૪ કેસ નોંધાયા હતા.

આ ડ્રાઈવમાં ગાંધીનગર, વડોદરા, પાટણ, છોટા ઉદેપુર, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, પોરબંદર, અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, મહેસાણા, બનાસકાંઠા (પાલનનગર), અમરેલી, રાજકોટ અને મોરબી સહિત જિલ્લાઓને પણ આવરી લેવામાં આવ્યા હતા.

અધિકારીઓને જે કાનૂની મેટ્રોલોજી કાયદાના ઉલ્લંઘન જાણમાં આવ્યા તેમાં અનવેરિફાઇડ અને સ્ટેમ્પ વગરના વજનના સાધનોનો ઉપયોગ, નિર્ધારિત કરતા ઓછું વજન, ફરજિયાત ચકાસણી અને સ્ટેમ્પીંગ કરવામાં નિષ્ફળતા, ચોકસાઈ તપાસ માટે સ્ટેમ્પ વગરના પ્રમાણભૂત વજન રાખવા, ચકાસણી અને પ્રમાણિકતા પ્રમાણપત્રો પ્રદર્શિત ન કરવા વગેરેનો સમાવેશ થાય છે. ■

# ગુજરાતમાં ભાજપ-કૉંગ્રેસને ફટકો, વડોદરાના ડભોઈમાં ૧૫૦૦ કાર્યકરો 'આપ'માં જોડાયા

અમદાવાદ: ગુજરાત ભાજપને કૉંગ્રેસ બાદ આમ આદમી પાર્ટી તરફથી પણ અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. કૉંગ્રેસ અને ભાજપના કાર્યકરોમાં તેમની પાર્ટીની નીતિરીતિ સામે રોષ પ્રવર્તી રહ્યો છે. આ જ કારણે શિસ્તબદ્ધ ગણાતી બંને પાર્ટીના કાર્યકરો ભાજપ છોડીને આપમાં જોડાઈ રહ્યા છે. ભાજપના કાર્યકરોનું આમ આદમી પાર્ટી પ્રત્યે આકર્ષણ વધ્યું છે. તાજેતરમાં વડોદરાના ડભોઇમાં ભાજપ અને કૉંગ્રેસના ૧૫૦૦ આગેવાનો આપમાં જોડાયા હતા. આપના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ સોશ્યલ મીડિયા મારફતે દાવો કર્યો હતો કે, આમ આદમી પાર્ટી હાલ સમગ્ર ગુજરાતમાં ગુજરાત જોડો જનસભા દ્વારા લોકો સાથે સંપર્ક કરી રહી છે અને મોટી સંખ્યામાં લોકો આમ આદમી પાર્ટી સાથે જોડાઈ રહ્યા છે અને સાથે સાથે ભાજપ અને કૉંગ્રેસના પણ આગેવાનો અને કાર્યકર્તાઓ ગુજરાત જોડો જનસભા દરમિયાન આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે ત્યારે, આજે ડભોઇના પણસોલી ગામે ગુજરાત જોડો જનસભાનું આયોજન થયું હતું ■

# ગુજરાતમાં હવે ક્યુઆર કોડ આધારિત રાશન વિતરણ થશે, બાયોમેટ્રિકની ઝંઝટમાંથી મુક્તિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મોના ખંધારે અમદાવાદમાં સાબરમતી ઝોનના રાણીપ ખાતે આવેલી સુરેશકુમાર અંબાલાલ પટેલની સસ્તા અનાજની દુકાનથી 'ડિજિટલ ફૂડ કરન્સી'ના પાયલોટ પ્રોજેક્ટના પ્રૂફ ઑફ કોન્સેપ્ટનું સફળ લોન્ચિંગ કરાવ્યું હતું. ભારત સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના સહયોગથી આ પહેલ હાથ ધરવામાં આવી હતી.

આ નવી રેશન વિતરણ પ્રણાલીમાં લાભાર્થીના મોબાઈલ ફોનમાં રિઝર્વ બેંક દ્વારા એક ડિજિટલ વોલેટ બનાવવામાં આવે છે, જેમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા દર મહિનાની પહેલી તારીખે અનાજ માટેની ડિજિટલ કુપન્સ જમા થઈ જાય છે. લાભાર્થી જ્યારે સસ્તા અનાજની દુકાને જાય છે, ત્યારે તેણે માત્ર દુકાનદારનો ક્યુઆર કોડ સ્કેન કરવાનો રહે છે અને તેની કૂપન રિડીમ થઈ જાય છે.

આ નવો પ્રયોગ સફળ થશે તો રાશન લેનારાઓને સર્વર અને બાયોમેટ્રિક સમસ્યાઓથી મુક્તિ મળશે, વિતરણ ઝડપી બનશે, પાદર્શિતા વધશે, દુકાનદાર પાસે પણ રિયલ ટાઈમ ડેટા હશે, તેમ સરકારે જણાવ્યું હતું. ■

# રાજકોટમાં ₹ ૨૫ કરોડના અંદાજિત ખર્ચે નવું અને અત્યાધુનિક ચાર્જિંગ સ્ટેશન બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા અને વાહનો માટે ચાર્જિંગની સુવિધા ઊભી કરવા માટે મહાનગરપાલિકા દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. શહેરમાં ઇલેક્ટ્રિક સિટીબસની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને શહેરના પ્રજાપતિ ચોક પાસે રૂ. ૨૫ કરોડના અંદાજિત ખર્ચે નવું અને અત્યાધુનિક ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સત્તાવાર રીતે ટેન્ડર જાહેર કરી દેવામાં આવ્યા છે. આ નવું સ્ટેશન તૈયાર થવાથી શહેરમાં ચાલતી ઇલેક્ટ્રિક બસોના સંચાલનમાં મોટી રાહત થશે. આ સાથે જ જાહેર પરિવહન સેવા વધુ ઝડપી બનશે. મનપા દ્વારા આ ચાર્જિંગ સ્ટેશન માટે પ્રજાપતિ ચોક પાસે ૨૦૦૯૨ સ્કવેર મીટરનો વિશાળ પ્લોટ ફાળવવામાં આવ્યો છે. ■

# રાજકોટમાં ₹ ૩.૫ કરોડના ખર્ચે ફૂડ લેબોરેટરી બનાવવાનું જાહેર કર્યું, પણ અમલ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં ફૂડ લેબોરેટરી બનાવવાની માગ ફરી ઉઠી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં શહેરના વોર્ડ નંબર ૧૦માં રૂ.૩.૫ કરોડના અંદાજિત ખર્ચે ખાસ ફૂડ લેબોરેટરી બનાવવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જોકે હજુ પણ આ લેબોરેટરીનું નિર્માણ થયું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ફૂડ વિભાગે લીધેલા નમૂનાઓની તપાસ કરવા માટેની કોઈપણ લેબોરેટરી નથી, જેના કારણે નમૂના વડોદરા મોકલવામાં આવે છે, જ્યાંથી રિપોર્ટ આવવામાં ૨-૩ મહિના જેટલો સમય લાગે છે ત્યાં સુધી વેપારી સામે કોઈપણ કાર્યવાહી કરી શકાતી નથી.

જોકે ગતવર્ષનાં બજેટમાં રાજકોટમાં ફૂડ લેબોરેટરી બનાવવાનું જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ આ પ્રોજેકટ આજે એક વર્ષ બાદ પણ મંજૂરીની રાહમાં છે. રાજકોટમાં ફૂડ લેબોરેટરીનું કામ ઝડપી થાય તે જરૂરી બન્યું છે.

રાજકોટ મનપાનાં ફૂડ વિભાગે વર્ષ ૨૦૨૫ દરમિયાન ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા સતત ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૯૧ જેટલા નમૂના લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં હતાં. આ પૈકી આજે પણ કુલ ૯૭ એટલે કે ૨૫ ટકા કરતા વધુ રિપોર્ટ આવવાના બાકી છે. ■

# ગુજરાતની બીજી નેક્સ્ટ જનરેશન પોસ્ટ ઓફિસ આઈઆઈએમમાં ખુલ્લી મૂકવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા પોસ્ટ ઓફિસનું નૂતનીકરણ કરવામાં આવ્યું છે અને ખાસ યુવાપેઢીને ધ્યાનમાં રાખી ટેકનોલોજી આધારિત સેવા આપવામાં આવી રહી છે.

આ ગુજરાતની બીજા નંબરની એન-જેન (નેક્સ્ટ જનરેશન) પોસ્ટ ઓફિસ છે, જેમાં તમામ પોસ્ટલ સર્વિસ સાથે વાયફાય, કાફેટેરિયા, લાઇબ્રેરી, ડિજિટલ પેમેન્ટ ઓપ્શન, સ્ટુડન્ટ ફ્રેન્ડલી સિટિંગ એરેન્જમેન્ટ અને ઈનડોર ગેમ્સ પણ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને સ્પીડ પોસ્ટ અને પાર્સલ સર્વિસ પર પણ દસ ટકા ડિસ્કાઉન્ટ મળશે.

આ પોસ્ટ ઓફિસનું મૉડેલ આઈઆઈએમના વિદ્યાર્થીઓએ સાથે મળી ડિઝાઈન કર્યું છે. પોસ્ટ ઓફિસના નૂતનીકરણની યોજના દેશના ઘણા ભાગમાં લાગુ કરવામાં આવશે, જેમાં શૈક્ષણિક સંસ્થાઓને કેન્દ્રમાં રાખવામાં આવી છે. ગુજરાતની આવી પહેલી પોસ્ટ ઓફિસ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ (ગાંધીનગર) ખાતે થોડા દિવસો પહેલા જ ખુલ્લી મૂકવામાં આવી હતી. ■

# રાજકોટમાં બાટલી ગેંગ સામે ગુજસીટોકનો ગુનો દાખલ, ૫૭ ગુના નોંધાયા

અમદાવાદ: રાજકોટ શહેરની કુખ્યાત બાટલી ગેંગ સામે શહેર ક્રાઈમ બ્રાન્ચે આકરી કાર્યવાહી કરતા ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો હતો. ગેંગના ૧૪ સાગરીતોની ગેંગ સામે વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૫ દરમ્યાન ખૂન, ખૂનની કોશિશ, લૂંટ, ગેરકાયદેસર મંડળી રચી શરીર સંબંધી ગુનાઓ આચરવા, ઘરફોડ ચોરી, પોલીસની ફરજ રૂકાવટ તથા ઇજા, ધમકીઓ આપવી તેમજ એન.ડી.પી.એસના વેચાણ સહિતના ૫૭ ગુના નોંધાઈ ચૂક્યા છે. આ ગેંગનો નેચા સાવન ઉર્ફે લાલી સહિત ૧૦ શખ્સો પોલીસના કબજામાં છે. જ્યારે ચાર આરોપીઓ હજુ પણ ફરાર છે. બાટલી ગેંગ સામે પોલીસ કાર્યવાહી અંગે માહિતી આપતા રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં બાટલી ગેંગના ૧૪ શખ્સો સામે ગુજસીટોક દાખલ કરવામાં આવ્યો છે. આ ગેંગ રેલનગર અને રૂખડીયાપરામાં એક્ટિવ છે. ગેંગ વોરને ખતમ કરવા માટે ક્રાઈમ બ્રાંચ સજ્જ છે. આ ગેંગનો કર્તાહર્તા સાવન ઉર્ફે લાલી સંજયભાઈ વાઘેલા (રહે. વાલ્મીકિવાડી શેરી નં.૩, જામનગર રોડ રાજકોટ શહેર) હાલ પાસા હેઠળ વડોદરા જેલ ખાતે છે. જેનો કબ્જો મેળવી ધરપકડ કરવામાં આવશે. આ સિવાય નવ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. જ્યા ચાર આરોપીઓ પકડવાના બાકી છે. જ્યારે સરફરાજ ઉર્ફે ઇડો આરીફભાઇ કાદરી (રહે. રૂખડીયાપરા નળલંગપરા શેરી નં.૪, સેન્ટ્રલ જેલની પાછળ), કમલેશ ઉર્ફે લાલુ કાળુભાઇ પરમાર (રહે. વાલ્મીકિવાડી શેરી નં.૨, કિરિટભાઇ વાઘેલાના મકાનમાં ભાડેથી જામનગર રોડ), સમીર ઉર્ફે ધમો બસીરભાઇ ઇસ્માઇલભાઇ શેખ (રહે.સેન્ટ્રલ જેલની પાછળ રૂખડીયાપરા શેરી નં.૫), ઇશોભા રીઝવાન દલ (રહે. હુડકો ક્વાર્ટર ક્વાર્ટર નં.૭૧, જામનગર રોડ), મીરખાન રહીશભાઇ દલ (રહે. હુડકો ક્વાટર,શેરી નં.૬,જામનગર રોડ), અસલમ ઉર્ફે સર્કીટ બસીરભાઇ ઇસ્માઇલભાઇ શેખ (રહે. સેન્ટ્રલ જેલની પાછળ, રૂખડીયાપરા શેરી નં.૫), સુલેમાન નિઝામભાઇ દલ રહે. જંગલેશ્વર, હુશેની ચોક, શેરી નં.૬), ઇરફાન ખમીશભાઇ ભાણુ (રહે. સેન્ટ્રલ જેલ પાછળ રૂખડીયાપરા શેરી નં.૩) અને સાહીલ ઉર્ફે ભુરો મુકેશભાઈ પાટડીયા ઝાલા (રહે. સંજરી મસ્જીદની સામે, વાલ્મીકિવાડી વસંતબેનના મકાનમાં)ને પોલીસે ઝડપી પાડ્યા છે.

જગદીશ બાંગરવાએ વધુમાં જણાવ્યું હતું કે આ સાથે જ રાજકોટમાં બીજી ટોળકીઓને પણ પકડવા માટે કાર્યવાહી ચાલુ છે અને તેમના વિરુદ્ધ પણ ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. શહેરમાં ગેંગ બનાવી આતંક ફેલાવતાં તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી હોય તેમ ટોળકી સામે ગુજસીટોક દાખલ કરી કડક કાર્યવાહી કરી રહી છે. ■

# અમદાવાદ મનપાએ બહાર પાડેલા શ્વાનની ગણતરીના ટેન્ડરને એક પણ બિડ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શ્વાનની ગણતરી કરવામાં આવનારી હતી. પરંતુ કોર્પોરેશને આ માટે બહાર પાડેલા ટેન્ડરમાં કોઈએ બોલી જ લગાવી નથી. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ શહેરમાં રખડતા શ્વાનની વૈજ્ઞાનિક પદ્ધતિથી ગણતરી કરવાનો હતો. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૨૯ ડિસેમ્બર હતી, પરંતુ કોઈ એજન્સીએ રસ દાખવ્યો ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હવે મનપાએ ફરી ટેન્ડર બહાર પાડવું પડશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટમાં ૧૩ જાન્યુઆરીએ શાળાઓ, હૉસ્પિટલો અને ટ્રાન્સપોર્ટ હબમાંથી રખડતા કૂતરાને હટાવવાની મહત્ત્વની અરજી પર સુનાવણી કરવાની છે, ત્યારે બીજી તરફ મનપાના ટેન્ડરમાં એક પણ બિડ આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સ્થિતિ આગામી સમયમાં જાહેર આરોગ્ય માટે ગંભીર કટોકટી સર્જી શકે છે. ચિંતાજનક બાબત એ છે કે જાન્યુઆરીથી ઓક્ટોબર ૨૦૨૫ વચ્ચે અમદાવાદમાં કુલ ૬૬,૧૩૬ લોકોને શ્વાને બચકાં ભર્યાં હતાં.

અમદાવાદમાં અંદાજે ૫૦,૦૦૦થી વધુ પાલતુ શ્વાન છે, પરંતુ નોંધણીના મામલે લોકો ઉદાસીન છે. ૩૧ ડિસેમ્બર,૨૦૨૫ સુધીમાં માત્ર ૧૮,૯૬૨ પાલતુ શ્વાનની જ નોંધણી થઈ હતી. મનપાએ નોંધણી ફી ૨૦૦ રૂપિયાથી વધારીને તબક્કાવાર ૨,૦૦૦ રૂપિયા કરી હોવા છતાં લોકો નોંધણી કરાવતા નથી. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ, રસીકરણ પછી શ્વાનને તે જ વિસ્તારમાં પાછા છોડી શકાય નહીં. તેમને ચાર દિવસ નિરીક્ષણ હેઠળ રાખવા પડે છે. મનપા પાસે હાલમાં માત્ર પાંચ શેલ્ટર હોમ છે, જેની કુલ ક્ષમતા માંડ ૫૦૦ શ્વાનની છે. સૂત્રોના કહેવા મુજબ શ્વાનની ઢોરની જેમ સમૂહમાં રાખી શકાતા નથી કારણ કે તેઓ અંદરોઅંદર લડે છે, જેના કારણે તેમને અલગ પાંજરામાં રાખવા મુશ્કેલ બને છે. ■

# સિંચન વિભાગ અને વડોદરા મનપા એક ખોવાયેલી ફાઈલને કારણે આમનેસામને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખોવાયેલી ફાઈલને લીધે સામાન્ય માણસ તો હેરાન થતો જ હોય છે, પરંતુ ગુજરાતમાં એક ખોલાયેલી ફાઈલે આખી વડોદરા નગરપાલિકાને હેરાન કરી નાખી હતી.

સિંચન ખાતાએ વડોદરા પાલિકા પર રૂ. ૫,૦૮૨ કરોડનો પાણીનો વેરો ઠાલવ્યો છે અને તેને ભરી દેવા માટે વારંવાર કહી રહી છે. જો આ બિલ પાલિકા ભરી દે તો તેમના વાર્ષિક બજેટના ૮૦ ટકા વપરાઈ જાય.

આ સમગ્ર બાબતના કેન્દ્રમાં એક ફાઈલ અથવા અમુક દસ્તાવેજો છે. ૧૯૭૦માં ત્રણ જાહેર સાહસની કંપની, રાજ્ય સરકાર વચ્ચે કરાર થયો હતો. આ કરાર મહી નદી પરના પાનમ ડેમ સંબંધિત હતો. વર્ષ ૨૦૦૭થી વડોદરા પાલિકા દ્વારા રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી નિવેડો આવ્યો નથી.

આ વાત ૧૯૭૧ની છે, જ્યારે મનપા અને ત્રણ કંપની ગુજરાત રિફાઇનરી, ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સે બંધના નિર્માણમાં યોગદાન આપવા માટે સરકાર સાથે ભાગીદારી કરી હતી. કરાર અનુસાર વડોદરા મનપા પીવા માટે અને આ ત્રણ કંપની ઔદ્યોગિક વપરાશ માટે પાણીનો ઉપયોગ કરશે.

કેપિટલ કોસ્ટ ઉપરાંત, વડોદરા મનપાએ સંચાલન અને જાળવણી ચાર્જ ચૂકવવાનો હતો. ૧૯૯૮ સુધી આ વ્યવસ્થા બરાબર ચાલી હતી. વર્ષ ૧૯૯૮ના ફેબ્રુઆરીમાં આ ભાગીદારી તમામ કાયદાઓને ધ્યાનમાં રાખી સિંચાઈ વિભાગે રદ કરી હતી.

સિંચાઈ વિભાગનો દાવો છે કે જ્યારે ત્રણેય જાહેર ક્ષેત્રની કંપનીઓએ પ્રવર્તમાન દરો મુજબ પાણીના શુલ્ક ચૂકવવાનું શરૂ કરી દીધું છે, ત્યારે વડોદરા મનપા મૂળ ભાગીદારીની શરતો અનુસાર આગ લગાવા માગે છે. આથી ગૂંચવણો વધી છે. મનપાએ દલીલ કરી હતી કે ભાગીદારી એકપક્ષીય રીતે રદ કરી શકાતી નથી, છતાં બંને પક્ષો પાસે કરારની શરતોને મામલે નિર્ણય લઈ શકાય તેવા દસ્તાવેજો નથી.

૧૯૯૮માં કરાર એકપક્ષીય રદ થયા પછી, મનપાએ રાજ્ય સરકાર સમક્ષ આ મામલો ઉઠાવ્યો અને ૨૦૦૫ સુધી કોઈ હલચલ થઈ નહીં. આ સમયગાળા દરમિયાન, મનપાએ નિર્ણય મુજબ ફક્ત ઑપરેશન અને મેઈનટેનન્સ ચાર્જ ચૂકવવાનું ચાલુ રાખ્યું હતું. રેકોર્ડ દર્શાવે છે કે માર્ચ ૨૦૦૫ સુધી નાગરિક સંસ્થાએ રૂ. ૫.૨૩ કરોડ ચૂકવ્યા હતા.

જોકે વર્ષ ૨૦૦૭માં મનપાને રૂ. ૩૫૦ કરોડનું બિલ ફટકારવામાં આવ્યું, જેમાં ૧૯૯૭-૯૮ સુધીના બાકી પાણીના ચાર્જ, વ્યાજ અને દંડનો સમાવેશ થતો હતો. ત્યારથી, સિંચાઈ વિભાગે વ્યાજ અને દંડ સાથે બિલો વધારવાનું ચાલુ રાખ્યું છે, જેના કારણે બિલ કુલ રૂ. ૫,૦૮૨.૦૮ કરોડ થઈ ગઈ છે.

બન્ને પક્ષ પોતપોતાની દલીલો હાલમા છોડી રહ્યા નથી અને આ મામલે હવે રાજ્ય સરકાર જ ઉકેલ લાવી શકે તેમ છે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 4 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 January 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૫ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




SCAN FOR TODAY'S GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

# ભારતમાં વર્લ્ડ કપ નહીં રમીએઃ બાંગ્લાદેશ

ઢાકાઃ બાંગ્લાદેશની ક્રિકેટ ટીમ આગામી ફેબ્રુઆરી-માર્ચના ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો રમવા માટે ભારતના પ્રવાસે નહીં જાય એવો નિર્ણય બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ લઈ લીધો છે. ક્રિકેટ બોર્ડે જણાવ્યું છે કે બાંગ્લાદેશના ક્રિકેટરોની સલામતીને ધ્યાનમાં રાખીને આ ફેંસલો કરવામાં આવ્યો છે.

બાંગ્લાદેશના ખેલ સલાહકાર આસિફ નઝરુલે રવિવારે સોશ્યલ મીડિયા પરની પોસ્ટ મારફત આ બાબતે પુષ્ટિ કરી છે. નઝરુલે જણાવ્યું છે કે બીસીબીએ તાકીદની બેઠક બાદ નિર્ણય લીધો છે કે બાંગ્લાદેશના ક્રિકેટરોને વર્લ્ડ કપ માટે ભારત નહીં મોકલવામાં આવે.

જોકે હવે જોવાનું એ છે કે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) આ મુદ્દે શું નિર્ણય લે છે, કારણકે વિશ્વ સ્તરની આ ઇવેન્ટ માટેનું શેડ્યૂલ આઇસીસી તૈયાર કરતી હોય છે.

બાંગ્લાદેશમાં હિન્દુ પ્રજા પર થઈ રહેલા અત્યાચારને પગલે બીસીસીઆઇની સૂચના મુજબ પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને (જુઓ પાનું ૨) ▶▶

આઈપીએલનું પ્રસારણ નહીં કરતાઃ બાંગ્લાદેશમાં માગણી
અહેવાલ માટે જુઓ ▶▶ ૮

# ગાંધીનગરમાં ટાઈફોઈડથી સ્થિતિ ગંભીર

## દર્દીઓનો આંકડો ૩૫૦ વટાવી જવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરમાં ટાઈફોઈડ રોગચાળાથી પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. શહેરના સેક્ટર-૨૪, ૨૬, ૨૮ અને આદિવાડા વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ગટરનું ઝેર ભળતા ટાઈફોઈડ રોગચાળો વકર્યો છે. અત્યાર સુધી ૧૦૪ બાળકો સહિત ૧૫૦થી વધુ દર્દીઓ નોંધાઈ ચુક્યા છે. સિવિલ હૉસ્પિટલમાં ૨૨ નિષ્ણાત તબીબોની વિશેષ ટીમ ખડેપગે ફરજ બજાવી રહી છે. તબીબોએ ૨૦ જાન્યુઆરી સુધીમાં ટાઈફોઈડના કેસનો આંકડો ૩૫૦ને પાર કરી જવાની આશંકા વ્યક્ત કરી હતી.

મળતી માહિતી મુજબ, ગાંધીનગર શહેરમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસો અંગે સઘન આરોગ્ય વ્યવસ્થા અને સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારોમાંથી આ શંકાસ્પદ કેસો મળી આવ્યા છે તે સેક્ટર ૨૪, ૨૬ અને ૨૮ તથા આદીવાડામાં ૭૫ હેલ્થ ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સર્વેક્ષણ ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૨૦,૮૦૦ થી વધુ ઘરોમાં સર્વે કરીને ૯૦ હજારથી વધુ વસ્તીને આવરી લીધી છે રોગ અટકાયતના પગલાં તરીકે ૩૦૦૦૦ ક્લોરિન ટેબ્લેટ અને ૨૦,૬૦૦ ORS પેકેટ વિતરણ કરાયા છે.

જો કે ટાઈફોઈડ રોગચાળો નિકળતા ગાંધીનગર મનપા તંત્રની લાપરવાહીની પણ પોલ ખુલી છે. મહાનગરપાલિકાના (જુઓ પાનું ૨) ▶▶

# ઑલિમ્પિક્સનું યજમાનપદ મેળવવા બધી તાકાત કામે લગાડી દીધી છેઃ મોદી

વારાણસીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક કહ્યું છે કે ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનું યજમાનપદ ભારતને મળે એ માટે કેન્દ્ર સરકાર પૂરી તાકાત સાથે પ્રયત્નશીલ છે.

પીએમ મોદીએ અહીં રવિવારે ૭૨મી સિનિયર નૅશનલ વૉલીબૉલ ચૅમ્પિયનશિપના સમારોહનું વીડિયો કૉન્ફરન્સિંગ મારફત ઉદ્‌ઘાટન કરતી વખતે એવું પણ કહ્યું હતું કે 'દેશમાં આપણે મોટી ખેલકૂદ સ્પર્ધાઓના આયોજન કરીને આપણા વધુને વધુ ખેલાડીઓ-ઍથ્લીટોને હરીફાઈની પુષ્કળ તકો પૂરી પાડી શકીએ એ માટે સરકાર કટિબદ્ધ છે.'

**આશાસ્પદ ઍથ્લીટોને ટૅલન્ટ બતાડવાની તક**

મોદીના મતે 'દેશના આશાસ્પદ ઍથ્લીટો ઑલિમ્પિક સ્પોર્ટમાં આગળ વધવા પોતાની ટૅલન્ટ બતાવી શકે તથા પોતાની ક્ષમતાને વિકસાવી શકે એ વિશેની તકો તેમ જ સગવડો પૂરી પાડવા માટે પણ સરકાર શક્ય બધા જ પ્રયાસો કરી રહી છે અને આ બધામાં ખેલો ઇન્ડિયા જેવી સ્કિમ ટૅલન્ટ બહાર લાવવામાં ગેમ-ચૅન્જર બની રહી છે.'

**૧૦ વર્ષમાં ૨૦ મોટી સ્પર્ધા યોજી**

૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવાની છે અને જો ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનું યજમાનપદ મળશે તો મોટા ભાગે એનું મુખ્ય યજમાન પણ અમદાવાદ જ હશે. (જુઓ પાનું ૨) ▶▶

## "ભારત ૧૦૦ મેડલ જીતશે અને તેમાં ગુજરાતના ૧૦ હશે"

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ(આઈસીસી)ના ચેરમેન જય શાહે રવિવારે જણાવ્યું હતું કે ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યા પછી, ભારત ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સ ગુજરાતમાં લાવવાનું અને ૧૦૦ મેડલ જીતવાનું (જુઓ પાનું ૨) ▶▶

# શૅરબજારમાંથી વિદેશી રોકાણકારોએ બે દિવસમાં ₹ ૭,૬૦૮ કરોડ પાછા ખેંચ્યા

નવી દિલ્હી : ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરે નવા વર્ષની શરૂઆત સાવચેતીભરી રીતે કરીને ગયા વર્ષનો વેચવાલીનો ટ્રેન્ડ ચાલુ રાખ્યો છે અને જાન્યુઆરીથી શરૂ થયેલા પ્રથમ બે ટ્રેડિંગ સેશનમાં ૭,૬૦૮ કરોડ રૂપિયા (૮૪.૬ કરોડ અમેરિકન ડૉલર) પાછા ખેંચી લીધા છે. ૨૦૨૫માં નાણાંનું સૌથી મોટું ગમન જોવા મળ્યું હતું અને ૧.૬૬ લાખ કરોડ રૂપિયા (૧૮.૯ અબજ અમેરિકન ડૉલર) ભારતીય બજારમાંથી પાછા ખેંચી લીધા હતા. આની પાછળનું મુખ્ય કારણ કરન્સીની વોલેટાઈલ હિલચાલ, વૈશ્વિક વેપાર તણાવ, સંભવિત અમેરિકન ટૅરિફ અંગેની ચિંતા તથા માર્કેટનું દબાણયુક્ત વેલ્યુએશન છે.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરના અવિરત વેચવાલીના દબાણનું ૨૦૨૫માં ભારતના રૂપિયાના અવમૂલ્યનમાં મોટું યોગદાન છે. જોકે માર્કેટ એક્સપર્ટ માને છે કે ૨૦૨૬માં પ્રવાહ ઊલટાવે. ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી. કે. વિજયકુમારે કહ્યું હતું કે એફપીઆઈ વ્યૂહરચનામાં બદલાવ આવે એવી સંભાવના છે, કારણ કે ભારતના સ્થાનિક મૂળભૂત તત્ત્વોને લીધે વિદેશી રોકાણકારના ચોખ્ખાં નાણાંનો પ્રવાહ સકારાત્મક થશે. જીડીપીમાં તગડી વૃદ્ધિ અને કોર્પોરેટ આવકમાં થયેલો વધારો એક પૉઝિટિવ સંકેત છે.

જોકે, વર્ષની શરૂઆતના વિદેશી રોકાણકારો જાન્યુઆરીમાં પરંપરાગત રીતે સાવચેતીભર્યો અભિગમ અપનાવતા હોય છે. તેમણે છેલ્લાં દસ વર્ષમાંથી આઠ વર્ષમાં ફંડ પાછું ખેંચ્યું છે. (એજન્સી) ■

# અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ હજી ચાલુ છે : ઉડ્ડયન પ્રધાન

વિશાખાપટ્ટનમ : અમદાવાદમાં થયેલી એર ઇન્ડિયા વિમાન દુર્ઘટના અંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે આ કેસની તપાસ ઘણા દેશોની ભાગીદારી સાથે સંપૂર્ણ અને ઉચ્ચ પ્રોફેશનલ રીતે પોતાની ગતિએ આગળ વધી રહી છે. અમદાવાદ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટના અંગે તેમણે કહ્યું કે તમામ સંબંધિત દેશો તપાસમાં ભાગ લઈ રહ્યા છે અને અકસ્માત તપાસમાં વૈશ્વિક અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરવું મહત્ત્વપૂર્ણ છે. આ અમારા માટે પ્રાથમિકતા રહી છે અને અમે આ સંદર્ભમાં ખૂબ જ સારું કામ કરી રહ્યા છીએ. મંત્રાલયથી લઈને તપાસ ટીમ સુધી અમે સંસાધનોની કોઈ અછત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી સહાય પૂરી પાડી રહ્યા છીએ.

તેમણે કહ્યું હતું કે '૧૫૦ કિમી હવાઈ અંતર'નો નિયમ જે તે ત્રિજ્યામાં ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણ પર પ્રતિબંધ મૂકે છે, પરંતુ જો હાલના એરપોર્ટની ક્ષમતા પૂર્ણ થઈ ગઈ હોય તો હવે તે લાગુ થશે નહીં. વિશાખાપટ્ટનમ પાસે ભોગપુરમ એરપોર્ટ પર એક વેલિડેશન ફ્લાઈટમાંથી ઉતર્યા બાદ મીડિયા સાથે વાત કરતા મંત્રીએ કહ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મંત્રાલય રાજ્યોને વધતી માગને પહોંચી વળવા માટે મેટ્રો શહેરોમાં બીજા (જુઓ પાનું ૨) ▶▶

# ફ્લાઈટમાં પાવર બૅન્ક ચાર્જ કરવા પર લાગ્યો પ્રતિબંધ

## ડીજીસીએએ જાહેર કરી માર્ગદર્શિકા

નવી દિલ્હી : હવાઈ મુસાફરો માટે એક મહત્ત્વપૂર્ણ સમાચાર છે. ફ્લાઇટમાં પાવર બૅન્ક ચાર્જ કરવા અથવા તેનો ઉપયોગ કરવા પર હવે સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારતીય ઉડ્ડયન નિયમનકાર ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ લિથિયમ બેટરીમાં આગ લાગવાની અનેક ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું છે. નોંધનીય છે કે ઑક્ટોબરમાં દિલ્હી એરપોર્ટ પર ઇન્ડિગો ફ્લાઇટમાં એક મુસાફરની પાવર બૅન્કમાં આગ લાગી હતી. જોકે આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી. ડીજીસીએ કડક કાર્યવાહી કરી છે.

ભારતમાં હવાઈ મુસાફરી દરમિયાન પોર્ટેબલ ઇલેક્ટ્રોનિક ડિવાઈસને ચાર્જ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એરલાઇન્સ દ્વારા પૂરી પાડવામાં આવતી સીટ પાવર સપ્લાય સિસ્ટમમાં પાવર બૅન્ક પ્લગ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ફક્ત હેન્ડ બેગમાં જ પાવર બૅન્ક અને બેટરી રાખવાની મંજૂરી રહેશે. મુસાફરોને (જુઓ પાનું ૨) ▶▶

# ભારતને અબજો રૂપિયાનો લાભ થશે વેનેઝુએલા પરના હુમલાથી

નવી દિલ્હી : વેનેઝુએલાના ઓઈલ ક્ષેત્રો પર અમેરિકાના નિયંત્રણનો સીધો ફાયદો ભારતને થઈ શકે છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આ ઘટનાક્રમથી ભારતને લાંબા સમયથી ફસાયેલા તેના આશરે એક અબજ ડૉલર (અંદાજે રૂપિયા ૯૦ અબજ) પાછા મળી શકે છે અને પ્રતિબંધોથી પ્રભાવિત વેનેઝુએલામાં ભારતીય કંપનીઓ દ્વારા સંચાલિત તેલ ક્ષેત્રોમાંથી ક્રૂડ તેલનું ઉત્પાદન વધી શકે છે. ભારત એક સમયે વેનેઝુએલાના ક્રૂડ તેલનો મુખ્ય આયાતકાર હતો, જે દરરોજ ૪૦૦,૦૦૦ બેરલથી વધુ આયાત કરતો હતો. જોકે, ૨૦૨૦માં અમેરિકાના પ્રતિબંધો અને જોખમોને કારણે આ આયાત ખોરવાઈ ગઈ હતી.

ભારતની અગ્રણી વિદેશી તેલ શોધ અને ઉત્પાદન કંપની ઓએનજીસી વિદેશ લિમિટેડ (ઓવીએલ) પૂર્વી વેનેઝુએલામાં સૈન ક્રિસ્ટોબલ તેલ ક્ષેત્રનું સંચાલન કરે છે. અમેરિકાના પ્રતિબંધોએ ઉત્પાદન પર ગંભીર અસર કરી, આવશ્યક ટેકનોલોજી, સાધનો અને સેવાઓની ઍક્સેસને પ્રતિબંધિત કરી અને વાણિજ્યિક રીતે ઉપયોગી ભંડારો લગભગ ફસાઈ ગયા હતા. વેનેઝુએલાની સરકારે હજુ સુધી ઓએનજીસી વિદેશ લિમિટેડના પ્રોજેક્ટમાં ૪૦ ટકા હિસ્સા (જુઓ પાનું ૨) ▶▶






એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# માદુરો અમેરિકાની જેલમાં, ઘરમાં ઘૂસી માર્યા આને કહેવાય

અમેરિકાએ અંતે રૂપસુંદરીના દેશ તરીકે જાણતા વેનેઝુએલા પર આક્રમણ કરી દીધું. અમેરિકા સામે શિંગડાં ભેરવીને બેઠેલા વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને તેમનાં પત્ની સિલિયા ફ્લોરેસ સાથે અમેરિકાએ ઉઠાવી લીધા અને શનિવારે એટલે કે ૪ જાન્યુઆરીની મધ્યરાતે અમેરિકા લઈ જવાયા. અમેરિકાએ શનિવારે માદુરોની ધરપકડ કરી હોવાનું એલાન કર્યું ત્યારે વેનેઝુએલાની સરકારે આ વાતને ખોટી ગણાવીને પુરાવા માગેલા. અમેરિકાએ શનિવારે રાત્રે એ પુરાવા પણ આપી દીધા.

પહેલાં અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર માદુરોની એક તસવીર પોસ્ટ કરી કે જેમાં ગ્રે રંગનો નાઇકી સ્વેટસૂટ પહેરેલા માદુરો બેઠા હતા. તેમના હાથમાં હાથકડી પહેરાવી હતી અને એક હાથમાં પાણીની એક બોટલ પકડી હતી. આંખો પર કાળી પટ્ટી બાંધેલી હતી જ્યારે કાનમાં હેડફોન લગાવેલા હતા. શનિવારે રાત્રે અમેરિકાએ બીજો પુરાવો પણ આપ્યો.

ટ્રમ્પે માદુરોને કઈ રીતે ફિલ્મી સ્ટાઈલમાં ઝડપી લેવાયા તેની વિગતો પણ આપી છે. આ વિગતો પ્રમાણે, માદુરોએ કિલ્લા દેવા પ્રેસિડેન્ટ હાઉસમાં ખાસ સેફ રૂમ બનાવ્યો હતો કે જેની દીવાલો સ્ટીલની બનેલી છે. અમેરિકાના સૈનિકો પ્રેસિડેન્ટ હાઉસમાં ઘૂસ્યા પછી માદુરો આ રૂમમાં ઘૂસી જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા પણ અમેરિકી સૈનિકોએ તક જ ના આપી. અમેરિકી સૈનિકો એ ઝડપે અંદર પહોંચ્યા કે માદુરો દરવાજો બંધ જ ન કરી શક્યા અને ઝડપાઈ ગયા.

શનિવારે ન્યૂયોર્કના સ્ટુઅર્ટ એર નેશનલ ગાર્ડ બેઝ પર માદુરોને પ્લેનમાંથી ઉતારવામાં આવ્યા ત્યારે તેમનો ચહેરો ઢાંકેલો હતો પણ નીચે ઉતારીને તેમની તસવીરો લેવાની છૂટ અપાઈ. એ પછી માદુરો અને તેમની પત્નીને બેઝ પર બનેલા હેંગરમાં લઈ જવામાં આવ્યાં કે જ્યાં તેમની મેડિકલ તપાસ કરવામાં આવી. એ પછી માદુરોને ન્યૂયોર્ક સિટીના મેનહટન લઈ જવામાં આવ્યા અને માદુરો સામે ડ્રગ ટ્રાફિકિંગનો કેસ નોંધવામાં આવ્યો. તેને લગતી કાનૂની કાર્યવાહી પૂરી કર્યા પછી માદુરોને બ્રુકલિન લઈ જવાયા છે અને મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં રખાયા છે. હવે આવતા અઠવાડિયે મેનહટનની ફેડરલ કોર્ટમાં માદુરો સામે ડ્રગ્સ અને હથિયારોની દાણચોરીનો કેસ ચલાવવામાં આવશે.

માદુરોને અમેરિકા કેમ ઉઠાવી લાવ્યું એ વિશે ઝાઝું કહેવાની જરૂર નથી. દુનિયામાં ક્રુડ ઓઈલનો સૌથી મોટો ભંડાર વેનેઝુએલા પાસે છે. એક સમયે આ ભંડાર પર અમેરિકન કંપનીઓનો કબજો હતો પણ હ્યુગો શાવેઝ વેનેઝુએલાના પ્રમુખ બન્યા પછી તેમણે અમેરિકન કંપનીઓને તગેડી મૂકી હતી.

શાવેઝે અમેરિકન કંપનીઓની સંપત્તિઓ જપ્ત કરી લીધી હોવાનો આક્ષેપ અમેરિકાએ મૂકેલો જ્યારે શાવેઝનું કહેવું હતું કે, કંપનીઓને વેનેઝુએલામાંથી ઉચાળા ભરવા માટે પૂરતું વતર આપી દેવાયું હતું. અમેરિકન કંપનીઓ આ દાવાને નકારીને કોર્ટમાં ગઈ છે ને તેનો કેસ ચાલે છે પણ વેનેઝુએ મચક નથી આપતું.

શાવેઝ ૨૦૧૩માં ગુજરી ગયા પછી પ્રમુખ બનેલા નિકોલસ માદુરોને મનાવવા માટે અમેરિકાએ બહુ મથામણ કરી પણ માદુરો પણ શાવેઝની જેમ અમેરિકા સામે લડવાના મિજાજમાં જ હતા તેથી અમેરિકાની દાળ ના ગળી. અમેરિકાનો ડોળો ક્રૂડ ઓઈલના ભંડાર પર છે તેથી અલગ અલગ સ્કીમો દ્વારા અમેરિકાએ વેનેઝુએલામાં ઘૂસવાની કોશિશ કરી પણ એ પણ ના ફળી તેથી છેવટે વેનેઝુએલા અમેરિકામાં ડ્રગ્સ ઘૂસાડે છે, હથિયારો ઘૂસાડે છે અને અમેરિકન યુવાધનને બરબાદ કરે છે એવા આક્ષેપો શરૂ થયા. માદુરો સામે એ બદલ કેસ નોંધાયા ને છેવટે તેને ઉઠાવી લાવીને તેનું બોર્ડ પૂરું કરી દેવાયું.

ટ્રમ્પે કહી દીધું જ છે કે, વેનેઝુએલાની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી વેનેઝુએલાનો વહીવટ અમેરિકા જ ચલાવશે અને બીજા દેશો સાથે વેનેઝુએલા ક્રૂડ ઓઈલનો વ્યાપાર કરશે. મતલબ કે, અમેરિકાને મુખ્ય રસ ક્રૂડની કમાણીમાં જ છે. વેનેઝુએલાનો વહીવટ કરવા માટે ટ્રમ્પે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો, સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ અને અન્ય ટોચના અધિકારીઓની એક ટીમ પણ બનાવી છે કે જે વેનેઝુએલાને કઈ રીતે ચૂસી લેવું તેની સ્કીમ અમલમાં મૂકશે.

માદુરો અમેરિકાના કબજામાં છે તેથી હાલ પૂરતા છૂટે એવી શક્યતા નથી પણ અમેરિકાના પગ પકડી લે તો ભવિષ્યમાં છૂટી જાય એ શક્ય છે. અમેરિકા માદુરોને છોડી દે તો પણ તેમને ફરી વેનેઝુએલા જવા દે એવી શક્યતા નથી એ જોતાં તેમની બાકીની જિંદગી ગુમનામીમાં જ વિતશે.

માદુરોને વેનેઝુએલામાં ઘૂસીને ઉઠાવી લાવીને અમેરિકાએ સાબિત કર્યું છે કે, આજે પણ દુનિયામાં દાદાની જેમ વર્તવાની તાકાત માત્ર અમેરિકામાં છે અને પોતાના સ્વાર્થની વાત આવે ત્યારે અમેરિકા કોઈની ચિંતા કે પરવા કર્યા વિના વર્તવામાં માને છે. ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલાની વાત કરતા હતા ત્યારે રશિયા અને ચીન માદુરોની પડખે ઊભા રહેવાની કસમો ખાતાં હતાં.

અમેરિકા હુમલો કરશે તો પોતે ચૂપ નહીં બેસે એવી ગર્ભિત ધમકી પણ બંનેએ આપી હતી પણ અમેરિકા બહુ પહેલાં જ આ ધમકીને ઘોળીને પી ગયું હતું. અમેરિકાના જોઇન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના પ્રમુખ જનરલ ડેન કેને આપેલી માહિતી પરથી સ્પષ્ટ છે કે, અમેરિકાએ બહુ પહેલાં જ માદુરોને ઠેકાણે પાડવાનું નક્કી કરી નાંખેલું.

જનરલ ડેન કેને આપેલી માહિતી પ્રમાણે, અમેરિકન આર્મી અને ગુપ્તચરો મહિનાઓથી માદુરો પર નજર રાખીને બેઠાં હતાં. માદુરો શું ખાય છે, કોને મળે છે, કેટલા વાગ્યે શું કરે છે, ક્યા સમયે ક્યાં રહે છે, માદુરો પાસે ક્યાં ક્યાં પાલતુ પ્રાણીઓ છે સહિતની માહિતી લાંબા સમય પહેલાં મેળવી લેવાઈ હતી. એ પછી માદુરોના ઘર જેવું નકલી ભવન બનાવીને કમાન્ડોને ટ્રેનિંગ શરૂ કરાઈ હતી અને મહિનાઓ સુધી માદુરોને ઉઠાવી લેવા માટેના ઓપરેશનનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

માદુરોએ ગોઠવેલી સિક્યુરિટી સિસ્ટમ બંધ કરી દેવા માટે કારાકાસ શહેરની લાઇટો બંધ કરી દેવામાં આવી હતી અને આખું ઑપરેશન અંધારામાં કરવામાં આવ્યું હતું. અમેરિકી સૈનિકોએ પહેલાં ધડાકા કર્યા તેથી વેનેઝુએલાની આર્મીનું ધ્યાન એ તરફ ગયું. તેનો લાભ લઈને અમેરિકાના સૈનિકો પ્રેસિડેન્ટ હાઉસમાં ઘૂસી ગયા અને ૩૦ મિનિટમાં ખેલ ખતમ કરીને માદુરોને ઉઠાવીને પાછા પણ આવી ગયા.

અમેરિકાની દાદાગીરી જોયા પછી એક સવાલ થાય છે કે, ભારત આ પ્રકારનું ઓપરેશન કરી શકે ? ભારતમાં આતંકવાદ ફેલાવનારા દાઉદ ઈબ્રાહીમથી માંડીને હફીઝ સઈદ સુધીના આતંકવાદીઓ પાકિસ્તાનમાં રહે છે પણ આપણે તેમનો વાળ પણ વાંકો કરી શકતા નથી. નવું ભારત હવે ઘરમાં ઘૂસીને મારે છે એવા ફડાકા થાય છે પણ આતંકવાદી આકાઓ તો સલામત જ છે ત્યારે આપણે ઘરમાં ઘૂસીને કોને મારીએ છીએ એ જ ખબર નથી પડતી. અમેરિકાએ વેનેઝુએલાના ઓપરેશન દ્વારા ઘરમાં ઘૂસીને મારવું કોને કહેવાય એ બતાવી આપ્યું છે ત્યારે આપણે પણ આવું એકાદ ઓપરેશન તો કરવું જ જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, સોમવાર, તા. ૫–૧–૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૫, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ–૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ–૨
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય બપોરે ક. ૧૩–૨૪ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

- ભરતીઃ બપોરે ક. ૧૩–૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૫૨ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૦૭–૨૯, રાત્રે ક. ૧૯–૧૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – દ્વિતિયા. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦–૫૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર–ગુરુ–શનિ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, સુવર્ણ ખરીદી, પરદેશગમનનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, શિવ પરિવાર પૂજા, નવાં વસ્રો, આભૂષણ, વાસણ, યંત્ર, બી વાવવું, ધાન્ય ભરવું, દેવદર્શન, દુકાન–વેપાર, નૌકા બાંધવી, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–શનિ અર્ધચતુષ્કોણ નિષ્ફળતાનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ–ધનુ, માર્ગી બુધ–ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# વેનેઝુએલામાં અમેરિકન હુમલામાં ૪૦નાં મોત

ન્યૂયોર્કઃ વેનેઝુએલામાં અમેરિકાની લશ્કરી કાર્યવાહીથી વૈશ્વિક રાજકીય ઊથલપાથલ મચી ગઇ છે. રાજધાની કરાકસ પર અમેરિકાના હુમલા બાદ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરી તેમને ન્યૂયોર્ક લઇ જવામાં આવ્યા છે. અમેરિકાએ આ ઓપરેશનને ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વ નામ આપ્યું છે. જ્યારે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે હાલ વેનેઝુએલાને અમેરિકા ચલાવશે. અમેરિકાના હવાઇ હુમલામાં ભારે જાનહાનિ થઇ છે.

ધ ન્યૂયોર્ક ટાઇમ્સના અહેવાલ અનુસાર વેનેઝુએલા સરકારના એક અધિકારીએ પુષ્ટી કરી છે કે કરાકસમાં અમેરિકન હવાઇ હુમલામાં ૪૦ લોકોનાં મોત થયા છે. અધિકારીએ આ વાત નામ ન આપવાની શરતે પ્રારંભિક અહેવાલોને ટાંકીને કહી હતી. આ હવાઇ હુમલો ૩ જાન્યુઆરીએ હાથ ધરવામાં આવેલા ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વના ભાગરૂપે કરવામાં આવ્યો હતો. આ ઓપરેશન દરમિયાન અમેરિકન સૈનિકોએ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની અટકાયત કરી હતી.

દરમિયાન વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને લઇ જતું વિમાન ન્યૂયોર્કના સ્ટુઅર્ટ એર નેશનલ ગાર્ડ બેઝ પર લેન્ડ કરી ચૂક્યું હોવાના અહેવાલ છે. ઉતરાણ પછી માદુરોને કડક સુરક્ષા વચ્ચે વિમાનમાંથી ઉતારતા જોવા મળ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર તેઓ એક ડઝનથી વધુ ફેડરલ એજન્ટોથી ઘેરાયેલા હતા.

સ્થાનિક સમય અનુસાર સાંજે લગભગ ૫-૨૫ વાગ્યે અટકાયતમાં લીધેલી વ્યક્તિને વિમાનમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા. જે માદુરો હોવાનું માનવામાં આવી રહ્યું છે. તે સાવધાનીપૂર્વક સીડીએથી નીચે ઉતરતા જોવા મળ્યા હતા. અગાઉ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે એક ચોંકાવનારો ફોટો શેર કર્યો હતો. જેમાં નિકોલસ માદુરોને હાથકડી અને આંખે પાટા બાંધીને યુએસ યુદ્ધ જહાજ પર દર્શાવવામાં આવ્યા હતા. આ યુદ્ધજહાજ ન્યૂયોર્ક પહોંચ્યું હતું, જ્યાં માદુરો ફોજદારી કેસનો સામનો કરવાના છે.

# વિશ્વના સૌથી મોટા શિવલિંગની બિહારમાં ૧૭મીએ સ્થાપના

પટનાઃ વિશ્વનું સૌથી મોટું શિવલિંગ તામિલનાડુના મહાબલીપુરમથી બિહારના ગોપાલગંજ આવી પહોંચ્યું છે. આ શિવલિંગની લંબાઇ ૩૩ ફૂટ અને વજન ૨૧૦ મેટ્રિક ટન છે. આ વિશાળ શિવલિંગની સ્થાપના ૧૭ જાન્યુઆરીના રોજ પૂર્વ ચંપારણના કેસરિયા બ્લોકસ્થિત વિરાટ રામાયણ મંદિરમાં વિધિવત રીતે કરવામાં આવશે.

તામિલનાડુના મહાબલીપુરમથી ૨૧ નવેમ્બરના રોજ રવાના થયેલું આ શિવલિંગ લગભગ ૪૫ દિવસની લાંબી યાત્રા કરીને તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ થઇને બિહાર પહોંચી ગયું છે. મંદિરના સીઇઓ બીકે મિશ્રા અને મંદિર અધિક્ષક સુધાકરણે જણાવ્યું કે શિવલિંગ ગોપાલગંજથી ખજુરિયા અને હુસૈની થઇને કેસરિયા પહોંચશે. વિરાટ રામાયણ મંદિર સંકુલમાં ૧૭ જાન્યુઆરીના રોજ શિવલિંગની પીઠ પૂજા, હવન અને વિધિ-વિધાન સાથે સ્થાપના કરવામાં આવશે. ત્યારબાદ શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

આ શિવલિંગ તામિલનાડુના મહાબલીપુરમસ્થિત પટ્ટીકાડુ ગામમાં એક જ બ્લેક ગ્રેનાઇટ મોનોલિથ પથ્થરમાંથી તૈયાર કરવામાં આવ્યું છે. તેના નિર્માણમાં કલાકારોને લગભગ ૧૦ વર્ષ જેટલો સમય લાગ્યો છે. શિવલિંગ પર ૧૦૦૮ સહસ્ત્રલિંગ પણ કોતરવામાં આવ્યા છે. તેને ખાસ ૯૬ પૈડાવાળા ટ્રક પર રોડ માર્ગે બિહાર લાવવામાં આવ્યું છે.

વિરાટ રામાયણ મંદિરનું નિર્માણ મહાવીર મંદિર ન્યાસ સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. મંદિર પરિસરમાં પ્રવેશદ્વાર, ગણેશ સ્થળ, સિંહ દ્વાર, નંદી, શિવલિંગ સ્થળ અને ગર્ભગૃહ માટે પાયાનું કામ પૂર્ણ થઇ ગયું છે. આ મંદિર ૧૦૮૦ ફૂટ લાંબું અને ૫૪૦ ફૂટ પહોળું હશે.

મંદિર અધિક્ષકના જણાવ્યા અનુસાર ૨૦ જૂન, ૨૦૨૩ના રોજ શિલાન્યાસ બાદ મંદિરનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. આ મંદિર પટનાથી લગભગ ૧૨૦ કિમી દૂર કેસરિયા અને ચકિયા વચ્ચે જાનકીનગરમાં આકાર લઇ રહ્યું છે. મંદિર સંકુલમાં ચાર આશ્રમ પણ બનાવવામાં આવશે. વિરાટ રામાયણ મંદિર પદ્મશ્રી આચાર્ય કિશોર કુણાલનો ડ્રીમ પ્રોજેક્ટ છે. જે પૂર્ણ થયા બાદ વિશ્વનું સૌથી મોટું મંદિર બનશે.

# ચંદ્રગ્રહણને લીધે તિરુમાલા મંદિર દસ કલાક બંધ રહેશે

તિરુપતિ : ચંદ્રગ્રહણને લીધે તિરુમલાનું ભગવાન વેંકટેશ્વરનું પ્રસિદ્ધ મંદિર શ્રદ્ધાળુઓ માટે ત્રીજી માર્ચે સવારના નવ વાગ્યાથી સાંજના સાડાસાત વાગ્યા સુધી બંધ રહેશે, એવી માહિતી મંદિરના વહીવટીતંત્રે આપી હતી.

અખબારી યાદીના જણાવ્યા અનુસાર મંદિર શુદ્ધિની વિધિ બાદ ફરી ખુલશે. ગ્રહણ પછી મંદિરમાં શુદ્ધિની વિધિ કરવી અનિવાર્ય છે. ઑફલાઈન દર્શન રાતના સાડાઆઠ વાગ્યાથી શરૂ કરાશે. મંદિર દસ કલાક માટે બંધ રહેશે અને શુદ્ધિની વિધિ બાદ ફરી ખુલશે.

ચંદ્ર ગ્રહણ બપોરના ૩.૨૦ કલાકથી રાતના ૬.૪૭ સુધી રહેશે. ગ્રહણને લીધે મંદિરની અનેક સેવા જેવી કે અષ્ટદળ પદા પદ્મરાધના (ભગવાનના ચરણની આઠ દળવાળા કમળથી પૂજા કરવી) કલ્યાણોત્સવમ (દિવ્ય વિવાહ સમારોહ), ઉંજલ સેવા (જુલા સમારોહ), અર્જિત બ્રહ્મોત્સવ (દિવ્ય સરઘસ) રદ કરાશે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારતમાં વર્લ્ડ કપ

આઇપીએલની ૨૦૨૬ની સીઝનમાંથી (કેકેઆરની ટીમમાંથી) કાઢી મૂકવામાં આવ્યો એને પગલે હવે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) આગામી ફેબ્રુઆરી-માર્ચના ટી-૨૦ વર્લ્ડ કપમાં પોતાની ટીમની મૅચો ભારતમાંથી ખસેડીને શ્રીલંકામાં રખાવવા દૃઢનિશ્ચયી છે. ખરેખર તો બાંગ્લાદેશના ખેલકૂદ મંત્રાલયે જ બીસીબીને સૂચના આપી છે કે તમે બાંગ્લાદેશની વર્લ્ડ કપની મૅચો ભારતની બહાર લઈ જવા વિશે જય શાહના અધ્યક્ષસ્થાન હેઠળની આઇસીસી સમક્ષ માગણી મૂકો.

આસિફ નઝરુલે પોતાના ફેસબુક અકાઉન્ટ પર લખ્યું, 'બાંગ્લાદેશ વિશ્વ કપ રમવા માટે ભારત નહીં જાય. બીસીસીએ આજે (રવિવાર, ચોથી જાન્યુઆરીએ) આ ફેંસલો કર્યો છે. અમે આ નિર્ણયને આવકારીએ છીએ. આ નિર્ણય ભારતીય ક્રિકેટ બોર્ડની આક્રમક સાંપ્રદાયિક નીતિઓના જવાબમાં લેવામાં આવ્યો છે.'

બાંગ્લાદેશ સરકારે નિર્ણય લઈ લીધો?

એક અહેવાલ મુજબ બીસીબીએ ટી-૨૦ વર્લ્ડ કપ લીગ મૅચો ભારતથી શ્રીલંકામાં ખસેડવા આઇસીસીને અરજી કરી છે. મુસ્તફિઝુર રહમાનની કેકેઆરમાંથી હકાલપટ્ટી થયા બાદ બીસીબીએ ઇમરજન્સી બોર્ડ મીટિંગ બોલાવી હતી. જોકે બેઠક બાદ બીસીબીના પ્રમુખ અને બાંગ્લાદેશના ભૂતપૂર્વ કેપ્ટન અમીનુલ ઇસ્લામે કોઈ જાહેર નિવેદન આપ્યું નથી. જોકે એક અહેવાલ અનુસાર નજરુલે સોશ્યલ મીડિયા પર એવું જણાવ્યું છે કે 'બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે બેઠકમાં નિર્ણય લીધો છે કે બાંગ્લાદેશની ટીમ ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો ભારતમાં નહીં જ રમે.'

ખેલભાવનાથી સાવ ઊલટો અભિગમઃ બાંગ્લાદેશ

બાંગ્લાદેશના સૂચના-પ્રસારણ ખાતાના સલાહકાર સૈયદા રિઝવાના હસને આખા મામલાને રાજનીતિ-પ્રેરિત ગણાવતા કહ્યું છે, 'આપણી સરકાર આ આખી ઘટનાને ચૂપચાપ સહન નહીં કરે. સામાન્ય રીતે બે દેશ વચ્ચે રાજનીતિ તંગદિલી થાય છે ત્યારે સાંસ્કૃતિક આદાન-પ્રદાન થાય છે તેમ જ ખેલકૂદના સંબંધોને સુદૃઢ બનાવીને તંગદિલી ઘટાડવાનો પ્રયત્ન થતો હોય છે, પરંતુ અહીં તો સાવ ઊલટું જ થયું. બાંગ્લાદેશના એક ખેલાડીને પહેલાં આઇપીએલ માટે પસંદ કરવામાં આવ્યો અને પછી તેને ટીમમાંથી કાઢી મૂકવામાં આવ્યો.'

મૂળ શેડ્યૂલ મુજબ મૅચો કોલકાતા-મુંબઈમાં

આઇસીસીના મૂળ શેડ્યૂલ મુજબ ટી-૨૦ વિશ્વ કપમાં બાંગ્લાદેશની મૅચો કોલકાતાના ઈડનમાં આગામી ૭-૧૪ ફેબ્રુઆરી દરમ્યાન વેસ્ટ ઇન્ડિઝ, ઇટલી તથા ઇંગ્લૅન્ડ સામે તેમ જ ૧૭મી ફેબ્રુઆરીએ વાનખેડેમાં નેપાળ સામે રમાવાની છે. જોકે ભારતે મુસ્તફિઝુર સામે હકાલપટ્ટીનું પગલું લીધું એ કારણસર તેમ જ ભારતમાં પોતાના ક્રિકેટરો પર હુમલા થઈ શકે એવા ડરને લીધે બાંગ્લાદેશ બોર્ડ વર્લ્ડ કપની મૅચો ભારતમાં રમવા નથી માગતું એવું શનિવારે રાત્રે જાણવા મળ્યું હતું.

### અમદાવાદ વિમાન દુર્ઘટનાની

એરપોર્ટ વિકસાવવા માટે પણ પ્રોત્સાહિત કરી રહ્યું છે.

જેવરમાં નોઇડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તમામ જરૂરી લાઇસન્સિંગ મંજૂરીઓ પૂર્ણ કરવાની નજીક છે અને સરકાર આ મહિનાના અંતમાં અથવા ફેબ્રુઆરીની શરૂઆતમાં તેનું ઉદ્ઘાટન કરવાનું લક્ષ્ય ધરાવે છે. નાયડૂએ કહ્યું હતું કે ''જ્યારે ૧૫૦ કિલોમીટરના અંતરની નીતિ વાત આવે છે ત્યારે તે એક એવી નીતિ છે જે એરપોર્ટ વિકાસની શરૂઆતનું માર્ગદર્શન આપે છે. એકવાર સંપૂર્ણ ક્ષમતા પૂર્ણ થઈ ગયા બાદ આ નિયમ લાગુ પડતી નથી. રાજ્ય પાસે બીજા એરપોર્ટની વ્યવસ્થા કરવાની તક હોય છે.''

વધુમાં તેમણે કહ્યું હતું કે ''તેથી આ નીતિ પ્રથમ એરપોર્ટની કાર્યકારી સ્થિરતા સુનિશ્ચિત કરે છે, પરંતુ એકવાર ક્ષમતા પૂર્ણ થઈ ગયા બાદ આ બીજા એરપોર્ટના વિકાસને પ્રતિબંધિત કરતી નથી.'' હાલના નિયમો અનુસાર, હાલના નાગરિક એરપોર્ટથી ૧૫૦ કિલોમીટરના હવાઈ અંતરમાં કોઈ ગ્રીનફિલ્ડ એરપોર્ટની મંજૂરી નથી. જોકે, જો હાલના નાગરિક એરપોર્ટથી ૧૫૦ કિલોમીટરની અંદર ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રસ્તાવિત કરવામાં આવે છે, તો હાલના એરપોર્ટ પર તેની અસર કેસ-બાય-કેસ આધારે તપાસવામાં આવે છે.

મંત્રીએ કહ્યું કે માત્ર વર્તમાન કામગીરી માટે જ નહીં, પરંતુ ભવિષ્યની જરૂરિયાતો માટે પણ એરપોર્ટ બનાવવા માટે એક સંકલિત પ્રયાસ કરવામાં આવ્યો છે, ખાસ કરીને ટાયર-૨ અને ટાયર-૩ શહેરો, ટાપુ પ્રદેશો અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં.

આંકડા ટાંકીને નાયડુએ કહ્યું હતું કે ભારત જેટલી વસ્તી ધરાવતું ચીન લગભગ ૪,૦૦૦ વિમાન ઓપરેટ કરે છે. ભોગાપુરમ એરપોર્ટના ઉદ્ઘાટન અંગેના પ્રશ્નના જવાબમાં નાયડુએ કહ્યું કે તે મે અથવા જૂનમાં થઈ શકે છે અને આંધ્ર પ્રદેશ સરકાર આ કાર્યક્રમ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તારીખ લેવાનો પ્રયાસ કરી રહી છે.

અમરાવતી ખાતે નવા ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટેના આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુના પ્રસ્તાવ અંગે ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે તે રાજ્ય માટે વિશ્વ-સ્તરીય, ભવિષ્યવાદી અને ટેક-સેવી રાજધાની બનાવવાના મુખ્ય પ્રધાનના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

### ઑલિમ્પિક્સનું યજમાનપદ મેળવવા

વડા પ્રધાને સમારોહને સંબોધતા એવું પણ જણાવ્યું હતું કે '૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ ભારતમાં યોજાવાની છે અને ૨૦૩૬ની ઑલિમ્પિક્સનું યજમાનપદ પણ ભારતને મળે એ માટે સરકાર મજબૂત પ્રયાસો કરી રહી છે. ખેલકૂદમાં ભારત પ્રભાવશાળી બની રહ્યું છે જેનો પુરાવો એ છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં આપણા દેશમાં ફિફા અન્ડર-૧૭ વર્લ્ડ કપ, હૉકી વર્લ્ડ કપ તથા ચેસની મોટી ચૅમ્પિયનશિપ સહિત કુલ ૨૦ મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું આયોજન થયું છે.'

ખેલકૂદ માટેનું મૉડેલ ઍથ્લીટોના હિતમાં

પીએમ મોદીના મતે 'ખેલકૂદની બાબતમાં છેલ્લા એક દાયકામાં આપણી જનતાની માનસિકતામાં મોટું પરિવર્તન આવ્યું છે. સરકારે રમતગમતના બજેટમાં મોટો વધારો કર્યો છે. આજે આપણું ખેલકૂદને લગતું મૉડેલ ઍથ્લીટને કેન્દ્રમાં રાખીને, ટૅલન્ટ ખોળી કાઢવા પર ખાસ ધ્યાન આપીને, વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવા પર લક્ષ આપીને તૈયાર કરાયું છે. આપણે ઍથ્લીટોના પોષણ, સિલેક્શન માટેની પારદર્શક પ્રક્રિયા પર પણ ભાર આપી રહ્યા છીએ અને દરેક સ્તરે ખેલાડીઓના હિત સચવાય એની તકેદારી રાખવામાં આવે છે.'

### ભારતને અબજો રૂપિયાનો

૫ર ૨૦૧૪ સુધીમાં બાકી ૫૩૬ મિલિયન ડોલરનું ડિવિડન્ડ ચૂકવ્યું નથી. આગામી સમયગાળા માટે પણ આવી જ રકમ ચૂકવવાની બાકી છે, પરંતુ ઓડિટ મંજૂરીના અભાવે આ દાવાઓનું સમાધાન અટકી ગયું છે.

વિશ્લેષકોના મતે, જો અમેરિકા ત્યાંના તેલ ભંડાર પર નિયંત્રણ મેળવે છે તો પ્રતિબંધો હળવા થઈ શકે છે. આ પછી ઓવીએલ ગુજરાત અને અન્ય વિસ્તારોમાંથી રિંગ અને અન્ય સાધનો મોકલીને ઉત્પાદન વધારી શકે છે. હાલમાં ઉત્પાદન ઘટીને માત્ર ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ રહ્યું છે. અધિકારીઓનો અંદાજ છે કે અદ્યતન સાધનો અને વધારાના તેલ કૂવાઓના ઉપયોગથી ઉત્પાદન ૮૦,૦૦૦ થી ૧૦૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ સુધી વધી શકે છે. ઓએનજીસી પાસે પહેલાથી જ આ માટે જરૂરી રિગ છે.

વેનેઝુએલાના તેલ ક્ષેત્ર પર અમેરિકાના નિયંત્રણનો અર્થ એ પણ છે કે વૈશ્વિક બજારમાં વેનેઝુએલાની નિકાસ ટૂંક સમયમાં ફરી શરૂ થઈ શકે છે, જે ઓવીએલને તેના ભૂતકાળના બાકી લેણાં વસૂલવામાં મદદ કરશે. ઓવીએલ એ અગાઉ શેવરોનને આપવામાં આવેલા ખાસ લાઇસન્સ જેવા જ ખાસ લાઇસન્સ હેઠળ યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના ફોરેન એસેટ્સ કંટ્રોલ ઓફિસ પાસેથી પ્રતિબંધોમાં રાહત માગી હતી. કેપ્લરના વરિષ્ઠ સંશોધન વિશ્લેષક નિખિલ દુબેએ જણાવ્યું હતું કે પ્રતિબંધોમાં રાહતથી વેપાર પ્રવાહ ઝડપથી પુનઃસ્થાપિત થઈ શકે છે અને વેનેઝુએલાના ક્રૂડ ઓઇલને ભારતીય રિફાઇનરીઓ સુધી પહોંચી શકે છે.

### ફ્લાઈટમાં પાવર બૅન્ક

હવે તેમને ઓવરહેડ બિનમાં પાવર બેન્ક અને બેટરી રાખવાની મંજૂરી નથી. ડીજીસીએએ આ અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે અને આ નિયમોનું કડક પાલન કરવાનો આદેશ આપ્યો છે. ફ્લાઇટ દરમિયાન લિથિયમ બેટરીમાં આગ લાગવાની ઘટનાઓ બાદ ડીજીસીએએ આ પ્રતિબંધ લાદયો હતો. મુસાફરો અને ક્રૂ સભ્યો લિથિયમ બેટરીથી ચાલતા ડિવાઈસ લઈને જતા હતા, જેમાં તેમને બોર્ડ પર ચાર્જ કરવાની સુવિધા હતી. જોકે, આ બેટરીઓ દ્વારા ઊભા થતા જોખમોને ઘટાડવા માટે ''ખતરનાક સામાન સંબંધિત ચેતવણી પરિપત્ર'' જાહેર કરવામાં આવ્યો છે.

આ નિયમોમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ ડિવાઈસ ગરમી, ધુમાડો અથવા અસામાન્ય ગંધ બહાર કાઢે છે તો મુસાફરોએ તાત્કાલિક કેબિન ક્રૂને જાણ કરવી જોઈએ અને એરલાઇન્સે લિથિયમ બેટરી સંબંધિત તમામ સલામતી સમસ્યાઓ અને ઘટનાઓની તાત્કાલિક ડીજીસીએને જાણ કરવી જોઈએ. ઉડ્ડયન નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ નવા ખતરાને ધ્યાનમાં રાખીને એરલાઇન્સને પણ પ્રતિ મુસાફર એક હેન્ડબેગ નિયમનો કડક અમલ કરવા કહેવામાં આવ્યું છે.

### ભારત ૧૦૦ મેડલ

લક્ષ્ય રાખે છે. સુરતમાં ડો. હેડગેવાર સેવા સ્મૃતિ સેવા સમિતિ દ્વારા આયોજિત 'રન ફોર ગર્લ ચાઇલ્ડ' મેરેથોનને સંબોધતા શાહે કહ્યું હતું કે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોમનવેલ્થ ગેમ્સને ગુજરાતમાં લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. કોમનવેલ્થ ૨૦૩૦ પછી, અમે ૨૦૩૬માં અહીં ઓલિમ્પિકનું આયોજન કરવાનું લક્ષ્ય રાખીએ છીએ, તેમ તેમણે કહ્યું હતું.

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ભારતના પ્રદર્શનનો ઉલ્લેખ કરતા, શાહે કહ્યું હતું કે ૨૦૨૪માં ભારતે આઠ મેડલ જીત્યા હતા, હવે ૨૦૩૬ માટેનું લક્ષ્ય ઓછામાં ઓછા ૧૦૦ મેડલ હોવું જોઈએ, જેમાં ગુજરાતનું ૧૦ મેડલનું યોગદાન હોવું જોઈએ તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

શાહે બાર્બાડોસમાં ૨૦૨૪ માં યોજાયેલી ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ માં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમની સફળતાની પણ પ્રશંસા કરી.

મહિલાઓની રમતગમત ક્ષેત્રમાં વધતી રૂચિ અને ભાગીદારી પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું હતું કે પહેલા માતાપિતા ઘણીવાર તેમના પુત્રો વિરાટ કોહલી જેવા બનાવાની ઇચ્છા વ્યક્ત કરતાં હતાં, પરંતુ હવે ઘણા લોકો ઈચ્છે છે કે તેમની પુત્રીઓ સ્મૃતિ મંધાના અને હરમનપ્રીત કૌર જેવી ક્રિકેટર બને.

### ગાંધીનગરમાં ટાઈફોઈડથી

કેટલાક નગરસેવકોએ વ્યથા ઠાલવી હતી કે, પ્રજાના પ્રશ્નો બાબતે અધિકારીઓ સમક્ષ કરાયેલી રજૂઆતોને કાયમ કચરાપેટીમાં નાખી દેવામાં આવી છે. ૨૫૦ કરોડના આંધણ છતાં ઠેર-ઠેર લીકેજની રજૂઆત કરનારા નગરસેવકોની બોલતી બંધ કરી દેવામાં આવતી હતી. અધિકારીઓની એજન્સીઓ પ્રત્યેની મમતા અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની સતત અવગણનાના કારણે શહેરમાં રોગચાળાએ માથું ઊંચક્યું છે.

# સિદ્ધિવિનાયક મંદિર ૭થી ૧૧ જાન્યુ. પાંચ દિવસ બંધ રહેશે



મુંબઈ: મુંબઈગરાનું શ્રદ્ધાસ્થાન ગણાતા પ્રભાદેવીના સિદ્ધિવિનાયક મંદિરમાં ભક્તો આગામી પાંચ દિવસ ગણેશજીના દર્શન કરી શકશે નહીં. આ અંગેની જાણકારી સિદ્ધિવિનાયક મંદિરના સત્તાવાર ઍક્સ હૅન્ડલ પર આપવામાં આવી છે. મહારાષ્ટ્ર સહિત દેશભરમાંથી અને વિદેશમાંથી મોટી સંખ્યામાં ભાવિકો મંદિરમાં દર્શન કરવા આવતા હોય છે, પરંતુ દર વર્ષે પાર પડનારી ધાર્મિક પરંપરા અનુસાર આ વર્ષે પણ પાંચ દિવસ માટે મૂર્તિના દર્શન નહીં થઇ શકશે.

સિદ્ધિવિનાયક મંદિરમાં ૭ જાન્યુઆરીથી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ગણપતિ બાપ્પાની મૂર્તિ પર સિંદુર લેપન કરવામાં આવશે. આથી આ સમયગાળામાં ભાવિકો મૂર્તિના દર્શન નહીં કરી શકશે. મંદિરમાં આવનારા ભાવિકો માટે બાપ્પાના ફોટાના દર્શન ઉપલબ્ધ કરી આપવામાં આવશે. મંદિર ટ્રસ્ટ દ્વારા ભાવિકોને આ સમયગાળામાં પ્રશાસનને સહકાર આપવાનો અનુરોધ કરાયો છે. સિંદુર લેપન પૂર્ણ થયા બાદ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ની સવારે પૂજા-અર્ચના કરવામાં આવશે અને વિશેષ પૂજા બાદ બપોરે એક વાગ્યે મંદિર ભાવિકો માટે ખૂલશે. ■

# ચૂંટણી માટે વાંસળી, હાથગાડી, બિસ્કિટ જેવા ચિહ્નોની વહેંચણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ ઊભા રહેલા ઉમેદવારોને શનિવારે ચૂંટણી પંચ દ્વારા ચિહ્નોની વહેંચણી કરવામાં આવી હતી, જેમાં ટેબલ, વાંસળી, હાથગાડી, હોડી, બસ, ગ્રામોફોન જેવા ચિહ્નોનો સમાવેશ થાય છે.મુંબઈ મહાનગરપાલિકા સહિત રાજ્યની કુલ ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાઈ રહી છે. ચૂંટણીમાં મોટા પક્ષોના પોતાના ચિહ્નો છે, પણ અપક્ષોને ચૂંટણી પંચ દ્વારા ચિહ્નો આપવામાં આવે છે. શનિવારે સત્તાવાર રીતે ચૂંટણી પંચે તમામ અપક્ષ ઉમેદવારોને ચિહ્નોની વહેંચણી કરી હતી.મુંબઈ મહાનગરપાલિકાની ૨૨૭ બેઠક માટે ૧,૭૦૦ ઉમેદવારો ચૂંટણના મેદાનમાં છે, જેમાં મુખ્ય પક્ષોના ઉમેદવારોની સાથે જ નવા પક્ષો અને અપક્ષોનો સમાવેશ થાય છે. બે જાન્યુઆરી, ૨૦૨૬ના ઉમેદવારી પાછી ખેંચવાનો દિવસ હતો. એ બાદ મેદાનમાં ૧,૭૦૦ ઉમેદવારો રહ્યા છે, જેની અંતિમ યાદી ત્રણ જાન્યુઆરીના બહાર પાડવામાં આવી હતી. એ સાથે જ તેમને ચિહ્નો પણ આપવામાં આવ્યા હતા. ધનુષ્યબાણ, મશાલ, પંજો, કમળ, રેલવે એન્જિન, હાથી, ઘડિયાળ જેવા ચિહ્નો મુખ્ય પક્ષોના છે, જ્યારે અપક્ષ અને નાના પક્ષોને ચિહ્નો આપવામાં આવ્યા હતા. જેમાં વાંસળી, હાથગાડી, કપબસી, નાળિયેર, પુસ્તક, કમ્પ્યુટર, રિક્ષા, હોડી, બસ, ગ્રામોફોન, ટેબલ, સીસીટીવી, પેન, હેલિકોપ્ટર, ચાવી, ચશ્મા, સિલિન્ડર, સિલાઈ મશીન, ફુટબોલ, એરકંડિશન, સિટી, સફરજન વગેરેનો સમાવેશ થાય છે. ■

## મેદાનમાં ઓછા ઉમેદવાર

મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭માં થયેલી ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારોની સંખ્યા કરતા આ વર્ષની ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારોની સંખ્યા ઓછી છે. ૨૦૧૭માં ૨,૨૮૨ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા હતા, જેમાં ૧,૧૯૬ પુરુષ અને ૧,૦૮૬ મહિલા ઉમેદવારનો સમાવેશ થાય છે. તો આ વખતે કુલ ૧,૭૦૦ ઉમેદવાર છે, જેમાં ૮૨૧ પુરુષ તો ૮૭૯ મહિલા ઉમેદવાર છે. પુરુષ ઉમેદવારની ટકાવારી ૪૮ ટકા છે, તો મહિલા ઉમેદવારી ૫૨ ટકા છે. ■

## નાના-મોટા ૨૯ પક્ષો મેદાનમાં

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી આ વર્ષે નાના-મોટા ૨૯ પક્ષ મેદાનમાં છે, જેમાં શિવસેનાનું વિભાજન થતા હવે ઉદ્ધવની અને શિંદેની શિવસેના મેદાનમાં છે. મનસે, કૉંગ્રેસ, ભાજપ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટીનો સમાવેશ થાય છે. તો રાષ્ટ્રવાદી કૉંગ્રેસનું પણ વિભાજન થતા શરદ પવારની રાષ્ટ્રવાદી અને અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ થઈ ગઈ છે. એ સિવાય એમઆઈએમ, વંચિત બહુજન આઘાડી સહિત સનદ છત્રપતિ શાસન, વિનાયક મેટે વિકાસ આઘાડી, બહુજન મુક્તિ પાર્ટી, સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, અખિલ ભારત હિંદુ મહાસભા, જનતા દળ (સેક્યુલર) રાષ્ટ્રીય મહાસ્વરાજ ભૂમિ પાર્ટી, ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ, રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે), પ્રહા જનશક્તિ પક્ષ, સંભાજી બ્રિગેડ, રાષ્ટ્રીય સમાજ પક્ષ, પીસ પાર્ટી, ઉત્તર ભારતીય વિકાસ સેના, વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયા બળીરાજ સેના વગેરે પક્ષોના ઉમેદવાર પણ મેદાનમાં છે.■

# મુંબઈમાં એક ગેંગ ક્રેડિટ ચોરી કરી રહી છે: ફડણવીસ

## અમિત અને આદિત્ય ઠાકરે તો અજ્ઞાની બાળકો હોવાનું પણ કહ્યું

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના પ્રચારની શરૂઆત થઈ ગઇ છે. રવિવારે વરલીમાં મહાયુતિની પ્રચાર સભા યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઠાકરેની આકરી ટીકા કરી હતી. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે, કેટલાક લોકો અમે કરેલા કામોનું શ્રેય લઈ રહ્યા છે. તેમ જ તેમણે આદિત્ય ઠાકરે અને અમિત ઠાકરેનો ‘અજ્ઞાની બાળકો’ તરીકે ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત અન્ય પણ અનેક મુદ્દાઓ પર તેમણે ઠાકરે પરિવાર પર નિશાન સાધ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, રવિવારે તિથિ મુજબ જીજા માતાની જન્મજયંતિ છે. જીજા માતાએ સ્વરાજ્યના નિર્માણ માટે શિવાજીને તૈયાર કર્યા હતા. તેમ જ સાવિત્રીબાઈ ફૂલેની પણ જન્મજયંતિ છે. આ ખાસ દિવસે આપણે પ્રચારની શરૂઆત કરી. આ ચૂંટણી મુંબઈનું ચિત્ર અને મુંબઈગરાઓનું જીવન બદલનારી છે. હવે ‘દાણા-પાણી’ (વિપક્ષો) વાળાને તેમનું ઠેકાણું ક્યાં છે તે બતાવી દેવાનું છે.

જ્યારે હું મુંબઈમાં ઉતરી રહ્યો હતો ત્યારે જોતો હતો કે મુંબઈ ક્યાં ગઈ કે? ક્યાંય ખસી ગઈ છે કે? પણ મુંબઈ ખસતી નથી, પણ જ્યારે ચૂંટણી આવે છે ત્યારે અમુક લોકોને લાગે છે કે મુંબઈ ઉત્તર તરફ ખસી રહી છે. મુંબઈ નથી ખસી રહી, તમારી બુદ્ધિ ખસી ગઈ છે. એમ ફડણવીસે કહ્યું હતું.

પોતાના ભાષણમાં આગળ બોલતા ફડણવીસે કહ્યું કે, મુંબઈમાં એક ગેંગ છે જે ક્રેડિટ ચોરી રહી છે. તેમની વચ્ચે કેટલાક અજ્ઞાની બાળકો પણ છે. તેઓ કહે છે કે અમે મુંબઈનો વિકાસ કર્યો. જોકે મેટ્રો, કોસ્ટલ રોડ, બીડીડી ચાલનું કામ અમે કર્યું છે. જોકે ફડણવીસે એવો પણ આરોપ લગાવ્યો હતો કે ઉદ્ધવ ઠાકરેએ વિકાસમાં અવરોધ ઉભો કરવાનું કામ કર્યું છે. ■

# રાહુલ નાર્વેકરને તાત્કાલિક સસ્પેન્ડ કરવા ઉદ્ધવ ઠાકરેની માગણી

મુંબઈ: વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર દ્વારા વિરોધ પક્ષના ઉમેદવારોને ઉમેદવારી ફોર્મ ભરતી વખતે ધમકાવવામાં આવ્યા હોવાના આરોપ પર ઉદ્ધવ ઠાકરેએ પ્રતિક્રિયા આપતી વખતે એક મોટી માગણી કરી હતી.

વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો હતો કે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે વિરોધ પક્ષના ઉમેદવારોને ફોર્મ ભરતી વખતે ધમકાવ્યા હતા. આ સંદર્ભમાં એક વીડિયો પણ વાયરલ થયો હતો. આ અંગે ઉદ્ધવ ઠાકરેએ કાર્યવાહીની માગ કરતા કહ્યું કે રાહુલ નાર્વેકર સામે કેસ નોંધવો જોઈએ અને ચૂંટણી પંચે તાત્કાલિક રાહુલ નાર્વેકરને સસ્પેન્ડ કરવા જોઈએ.

વધુમાં તેમણે કહ્યું કે હું જાણીજોઈને રાહુલ નાર્વેકરના નામનો ઉલ્લેખ કરી રહ્યો છું, કારણ કે વિધાનસભા અધ્યક્ષ વિધાનસભામાં હોય છે, તેમનો અધિકાર ગૃહની અંદર હોય છે. ગૃહની બહાર તેઓ રાહુલ નાર્વેકર છે અને એક વિધાનસભ્ય છે. તો પછી એક વિધાનસભ્ય પોતાના અધિકારનો દુરુપયોગ કરીને જનતાને ડરાવી-ધમકાવી રહ્યા છે અને પોતે સુરક્ષામાં રહીને બીજાની સુરક્ષા હટાવવાનો આદેશ આપી રહ્યા છે.

ચૂંટણી પંચે આ બાબતને ખૂબ ગંભીરતાથી લેવી જોઈએ અને વિધાનસભાના અધ્યક્ષને તાત્કાલિક સસ્પેન્ડ કરવા જોઈએ, એવી ઉદ્ધવ ઠાકરેએ માગ કરી હતી.

# પાલિકાના ચૂંટણી-પ્રચારમાં કૉંગ્રેસ-ભાજપ વચ્ચે ઝપાઝપી

## ખુરશી, પથ્થર, લાકડી વડે થઈ મારામારી

થાણે: બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી ૧૫ જાન્યુઆરીના રોજ યોજાવાની છે. મુંબઈમાં યોજાનારી આ ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ તથા તમામ સ્થાનિક પક્ષો જોરશોરથી તૈયારીઓ કરી રહ્યા છે. જોકે આ ચૂંટણી પ્રચાર દરમિયાન તાજેતરમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મારામારી થયાની ઘટના સામે આવી છે. જેમાં બે જણ ઘાયલ થયા છે. થાણે જિલ્લાના ભિવંડીના વોર્ડ નંબર ૨૦માં ભાજપના નેતા યશવંત તાવરે તથા કોંગ્રેસના નેતા જિતેન્દ્ર પાલનું કાર્યાલય સામસામે આવેલું છે. ત્રીજા જાન્યુઆરીને શનિવારની સાંજે કોંગ્રેસના ઉમેદવારે ભાજપ કાર્યાલય સામે રેલી કાઢી હતી અને નારા લગાવવાની સાથોસાથ સુત્રોચ્ચાર શરૂ કર્યો હતો. જેને લઈને બંને પક્ષોના કાર્યકર્તાઓ આમનેસામને આવી ગયા હતા. આ દરમિયાન કોંગ્રેસના કાર્યકર્તાઓએ પત્થર અને ખુરશીઓ ફેંકી હતી અને લાકડી વડે હુમલો કરતા મામલો હિંસક બન્યો હતો. આખરે બંને પક્ષના કાર્યકર્તાઓ વચ્ચે મારામારી શરૂ થઈ ગઈ હતી. જેમાં બે લોકો ઘાયલ થયા હતા. જોકે સમગ્ર ઘટનાને લઈને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસની હાજરીમાં પણ બંને પક્ષોના કાર્યકર્તાઓની મારામારી ચાલુ રહી હતી. આખરે પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ભાજપના ઉમેદવારે કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા તેના પર હુમલો કરાયો હોવાનો આરોપ લગાવ્યો છે.

# નવી મુંબઈમાં મહિલા ચૂંટણી અધિકારીને ધમકી: પોલીસ ફરિયાદ નોંધાઈ

નવી મુંબઈ: નવી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીને લગતી તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે ત્યારે ઘણસોલી વૉર્ડની મહિલા ચૂંટણી અધિકારીને ધમકી આપવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ઘણસોલી વૉર્ડની ચૂંટણી અધિકારી તેમ જ ઉપજિલ્લાધિકારી કલ્પના ગોડેએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી સંબંધી કામકાજની ફરજ બજાવતી વખતે એક વ્યક્તિ દ્વારા તેના પર દબાણ લાવવામાં આવ્યું હતું. સંબંધિત વ્યક્તિએ ચૂંટણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ઘણસોલી પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદ અનુસાર આ વ્યક્તિએ ચૂંટણી અધિકારીના પર્સનલ મોબાઈલ નંબર પર તેમ જ વ્હૉટ્સઍપ દ્વારા સંપર્ક સાધીને ધમકી આપી હતી. એ સિવાય સોશ્યલ મીડિયા પર મહિલા અધિકારી વિશે દ્વેષપૂર્ણ અને બદનક્ષીભર્યું લખાણ વાયરલ કરવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો હતો. આવા કૃત્યથી ચૂંટણી કામકાજમાં વિઘ્ન ઊભું થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.આ ઘટના બાબતે ઘણસોલી વૉર્ડના ચૂંટણી અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે પોલીસે ફોજદારી ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે વધુ તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# ૪.૬૧ કરોડ રૂપિયાની છેતરપિંડી મામલે ટીવી પર્સનાલિટી જય દુધાનેની ધરપકડ

થાણે: બૅન્ક પાસે ગિરવી હોવા છતાં પાંચ વ્યાવસાયિક ગાળા વેચવાના કૌભાંડમાં કથિત રીતે સંડોવાયેલા બિગ બૉસ મરાઠી ફૅમ ટીવી પર્સનાલિટી જય દુધાનેની મુંબઈના ઍરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી.

આ પ્રકરણે નિવૃત્ત એન્જિનિયરે નોંધાવેલી ફરિયાદને આધારે વર્તક નગર પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. થાણેની એક બૅન્કમાં ગિરવી પાંચ વ્યાવસાયિક ગાળા વેચવાનો પ્રયાસ કરી દુધાને અને તેના પરિવારના ચાર સભ્યએ ૪.૬૧ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

વરિષ્ઠ પોલીસ અધિકારી પ્રવીણ માનેએ જાણીતા ફિટનેસ ઈન્સ્ટ્રક્ટર અને મૉડેલ જય દુધાનેની શનિવારે ઍરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

એફઆઈઆરમાં જણાવાયું હતું કે દુધાનેએ ફૅક બૅન્ક કલીયરન્સ લેટર અને ૪.૯૫ કરોડ રૂપિયાના નકલી ડિમાન્ડ ડ્રાફ્ટ સહિત બનાવટી દસ્તાવેજો ફરિયાદીને આપ્યા હતા. બૅન્કે મિલકતને તાબામાં લેવા સંબંધી નોટિસ મોકલાવ્યા બાદ આ છેતરપિંડી સામે આવી હતી.

પોલીસે દુધાને અને તેના પરિવારના ચાર સભ્ય વિરુદ્ધ છેતરપિંડી અને ઠગાઈને લગતી ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## મહિલા દર્દીનું મૃત્યુ

# દિનાનાથ મંગેશકર હૉસ્પિટલના ટ્રસ્ટીઓ વિરુદ્ધ કેસ દાખલ

પુણે: એપ્રિલ, ૨૦૨૪માં તનીષા ભિસે નામની મહિલા દર્દીના મૃત્યુ સંબંધમાં દિનાનાથ મંગેશકર હૉસ્પિટલના ટ્રસ્ટીઓ વિરુદ્ધ જોઇન્ટ ચેરિટી કમિશનર ઓફિસ દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ભાજપના વિધાનસભ્ય અમિત ગોરખેના પર્સનલ સેક્રેટરીની પત્ની તનીષા ભિસે ગર્ભવતી હતી. તનીષાને ૧૦ લાખ રૂપિયા ડિપોઝિટ ન જમા કરાવવા બદલ દીનાનાથ મંગેશકર હૉસ્પિટલમાં દાખલ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. દરમિયાન અન્ય હૉસ્પિટલમાં જોડિયા બાળકીઓને જન્મ આપ્યા બાદ તનીષાનું મૃત્યુ થયું હતું.

તનીષાના મૃત્યુથી લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો, જેને કારણે સાસૂન જનરલ હૉસ્પિટલ દ્વારા રચવામાં આવેલી સમિતિએ મંગેશકર હૉસ્પિટલના ડૉ. સુશ્રૂત ઘૈસાસને જવાબદાર ઠેરવ્યા બાદ પુણે પોલીસે તેમની સામે કેસ દાખલ કરવો પડ્યો હતો.

આ કેસની તપાસ કરી રહેલી જોઇન્ટ ચેરિટી કમિશરની ઓફિસે દર્દીને તાત્કાલિક તબીબી સારવાર આપવામાં ભૂલો માટે હૉસ્પિટલને જવાબદાર ઠેરવી હોવાનું કહેવાય છે.

ચેરિટી કમિશનર ઓફિસના અધિકારીએ પુષ્ટિ આપી હતી કે તેમણે હૉસ્પિટલના ટ્રસ્ટીઓ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

દરમિયાન મંગેશકર હૉસ્પિટલ તરફથી જણાવવામાં આવ્યું હતું કે શનિવાર સુધી તેમને ચેરિટી કમિશનર તરફથી કોઇ રિપોર્ટ મળ્યો નથી.

મંગેશકર હૉસ્પિટલમાં તનીષા પર ચાર કલાક સુધી દેખરેખ રાખવામાં આવી હતી અને ત્યાર બાદ તેના પરિવારે ડૉક્ટરોને જાણ કર્યા વિના તેને બીજી હૉસ્પિટલમાં લઇ જવાનું નક્કી કર્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

પરિવાર તેમના ખાનગી વાહનમાં હૉસ્પિટલમાંથી જતો રહ્યો. મંગેશકર હૉસ્પિટલના એક ડૉક્ટર તેમની પાછળ દોડ્યા, પણ તેઓ રોકાયા નહીં, એવો દાવો મંગેશકર હૉસ્પિટલે પોતાના નિવેદનમાં કર્યો હતો. (પીટીઆઇ) ■

# નવા વર્ષની પાર્ટીમાં સંગીતને લઇ થયેલા વિવાદમાં મહિલાની મારપીટ: સાત સામે ગુનો

થાણે: નવા વર્ષની ઉજવણી દરમિયાન મોટા અવાજે સંગીત વગાડવાને મુદ્દે થયેલા વિવાદ બાદ મહિલાના ઘરમાં ઘૂસીને તેની અને તેના સંબંધીની મારપીટ કરવા બદલ પોલીસે એક પરિવારના સાત સભ્ય વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

થાણે જિલ્લાના અંબરનાથમાં વાંદ્રાપાડા ખાતે રહેતી બાવન વર્ષની મહિલાનો ૩૧ ડિસેમ્બરે રાતના નવા વર્ષની ઉજવણી દરમિયાન મોટા અવાજે સંગીત વગાડવાને મુદ્દે આરોપીઓ સાથે વિવાદ થયો હતો. દરમિયાન શુક્રવારે મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આરોપીઓ મહિલાના ઘરમાં ઘૂસી આવ્યા હતા અને તેની અને તેના પરિવારના સભ્યોની મારપીટ કરી હતી, એમ અંબરનાથ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.મારપીટમાં ઘાયલ થયેલી મહિલા અને તેના પરિવારના સભ્યોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મહિલાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે સાત જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

# રહમાનને પડતો મૂકવાના બીસીસીઆઈના નિર્ણય મુદ્દે ધમકી: યુબીટી નેતાનો દાવો

મુંબઈ: કોલકાતા નાઈટ રાઈડર્સને તેમની ૨૦૨૬ની આઈપીએલની સ્કવોડમાંથી બાંગ્લાદેશી પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને પડતો મૂકવાના નિર્દેશ આપવાના બીસીસીઆઈના નિર્ણયને વધાવી લેતાં પોતાને જાનથી મારવાની ધમકી મળી હોવાનો દાવો શિવસેના (યુબીટી)ના પ્રવક્તા આનંદ દુબેએ રવિવારે કર્યો હતો.

કાંદિવલીના સમતાનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અજાણ્યા શખસે દુબેને વ્હૉટ્સઍપ મેસેજીસ અને ફોન કૉલ્સ દ્વારા શનિવારે ધમકી આપી હતી. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૨ અને ૩૫૧(૪) હેઠળ બિનદખલપાત્ર ગુનો (એનસી) નોંધવામાં આવ્યો હતો. આરોપીનું પગેરું મેળવવા અને તેને તાબામાં લેવાના પ્રયાસ પોલીસ કરી રહી છે.

સોશ્યલ મીડિયા પર વિગતવાર પોસ્ટ શૅર કરતાં દુબેએ દાવો કર્યો હતો કે બીસીસીઆઈના પગલાને ઉત્તમ નિર્ણય ગણાવવા માટે તેને ગાળાગાળી કરાઈ અને ધમકી આપવામાં આવી હતી.

આ મુદ્દો અત્યંત ગંભીર છે. તેથી પોલીસ અને રાજ્ય સકારે તેને ગંભીરતાથી લેવો જોઈએ, એમ યુબીટીના નેતાએ જણાવ્યું હતું.

કોલકાતા નાઈટ રાઈડર્સે રહમાનને છૂટો કર્યો છે. આઈપીએલની હરાજીમાં રહમાનને ૯.૨ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. જોકે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજદ્વારી તણાવ વધવાને લીધે બીસીસીઆઈ દ્વારા તેને પડતો મૂકવાના નિર્દેશ અભિનેતા શાહરુખ ખાનની ટીમ કેકેઆરને અપાયા હતા. (પીટીઆઈ) ■

# બાંગ્લાદેશના ક્રિકેટર-ફિલ્મ સેલિબ્રિટીઓ નહીં જોઈએ: નવનીત રાણા

મુંબઈ : બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારની ઘટનાઓના વિરોધમાં ભારતના લોકોમાં બાંગ્લાદેશ સામે ગુસ્સો છે. ભારતના વિવિધ શહેરોમાં લોકો બાંગ્લાદેશ વિરુદ્ધ પ્રદર્શન કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે.

ભારતમાં બાંગ્લાદેશ વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે બીસીસીઆઈએ આઇપીએલ ટીમ કેકેઆરને બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહમાનને તેની ટીમમાંથી મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. હવે ક્રિકેટ બોર્ડના નિર્ણય પર ભાજપ નેતા નવનીત રાણાની પ્રતિક્રિયા સામે આવી છે.

નવનીત રાણાએ કહ્યું હતું કે કોઈ પણ બાંગ્લાદેશી ક્રિકેટરે ભારતમાં રમવું જોઈએ નહીં કે આપણી કોઈપણ ક્રિકેટ મેચ કે લીગમાં ભાગ લેવો જોઈએ નહીં. બાંગ્લાદેશ તેના દેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓને નિશાન બનાવી રહ્યું છે, તેથી ભારતમાં કોઈપણ ક્રિકેટર કે ફિલ્મ સેલિબ્રિટીનું સ્વાગત ન કરવું જોઈએ.

બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે, તાજેતરના ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈએ ફ્રેન્ચાઇઝી કેકેઆરને તેમના એક બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને તેમની ટીમમાંથી મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. ક્રિકેટ બોર્ડે એ પણ જણાવ્યું છે કે જો કેકેઆર રિપ્લેસમેન્ટ કરવા માંગતું હોય, તો બોર્ડ તેમ કરવાની પરવાનગી પણ આપશે. ■

# ડ્રગ્સ કેસમાં જામીન માટે કોર્ટમાં બોગસ દસ્તાવેજો રજૂ કર્યા

થાણે: થાણે જિલ્લામાં ડ્રગ્સ કેસમાં આરોપીના જામીન માટે કોર્ટમાં બોગસ દસ્તાવેજો રજ કરવા બદલ પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ૨૩ નવેમ્બર અને ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન આ ગુનો આચરવામાં આવ્યો હતો.

થાણે નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈના કાલાચોકી પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ દાખલ કેસમાં ધરપકડ કરાયેલા અમુક શખસોને જામીન અપાવવા માટે ઉપરોક્ત સમયગાળામાં થાણેની કોર્ટમાં બોગસ દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમને શંકા છે કે એક કરતા વધુ વ્યક્તિઓએ કોર્ટને ગેરમાર્ગે દોરવા અને આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં મદદ કરવા માટે બોગસ દસ્તાવેજો તૈયાર કરવા અને રજૂ કરવાનું કાવતરું ઘડ્યું હશે. એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)ના થાણે યુનિટની ટીમના સભ્યોએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ૧ જાન્યુઆરીએ ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# યુટીએસથી ડેટા રેલવન એપ પર શિફ્ટ કરવાનું શરૂ

મુંબઈ: ડિજિટલ ટિકિટિંગને સુવ્યવસ્થિત કરવાની દિશામાં એક મોટા પગલામાં ભારતીય રેલવેએ જૂની અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (યૂટીએસ) મોબાઇલ એપ્લિકેશનમાંથી મુસાફરોને તેના નવા યુનિફાઇડ પ્લેટફોર્મ, રેલવન પર સ્થાનાંતરિત કરવાનું શરૂ કર્યું છે. આ ફેરફારના ભાગ રૂપે, રેલવેએ યૂટીએસ એપ પર સીઝન પાસ જારી કરવાનું અને નવીકરણ કરવાનું કાયમી ધોરણે બંધ કરી દીધું છે, જોકે જાહેર ઉપયોગમાંથી યૂટીએસને સંપૂર્ણપણે પાછી ખેંચવા માટે હજુ સુધી કોઈ સમયમર્યાદા જાહેર કરવામાં આવી નથી.

રેલવન ને એક વ્યાપક સુપર એપ તરીકે સ્થાન આપવામાં આવી રહ્યું છે જે લગભગ તમામ પેસેન્જર-ફેસિંગ રેલવે સેવાઓને એક જ ડિજિટલ પ્લેટફોર્મ હેઠળ આવરી લે છે. જ્યારે યૂટીએસ માટે અનરિઝર્વ્ડ (સામાન્ય) ટિકિટો અને સીઝન પાસ સુધી મર્યાદિત હતી.

નવી એપ વાપરવા પ્રોત્સાહન આપવા માટે રેલવે મંત્રાલયે કોઈપણ ડિજિટલ ચુકવણી મોડનો ઉપયોગ કરીને રેલવન દ્વારા બુક કરાયેલી અનરિઝર્વ્ડ ટિકિટની ખરીદી પર ૩ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરી છે. આ પ્રોત્સાહન ૧૪ જાન્યુઆરીથી ૧૪ જુલાઈ સુધી ઉપલબ્ધ રહેશે. હાલમાં આર-વોલેટ વિકલ્પનો ઉપયોગ કરીને રેલવન એપ દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટ બુક કરાવનારા મુસાફરોને ૩ ટકા કેશબેક મળે છે. યૂટીએસ એપ ખોલનારા પ્રવાસીઓને રેલવન એપ ડાઉનલોડ કરવા વિનંતી કરતો સંદેશ ફ્લેશ થાય છે.

જોકે હજી યૂટીએસ પણ ટિકિટ બુકીંગ થાય છે, પણ આખરે તેને ધીમેધીમે બંધ કરવામાં આવશે. સરળ સંક્રમણ સુનિશ્ચિત કરવા માટે અપડેટેડ યૂટીએસ એપમાં ’ટ્રાન્સફર ટિકિટ’ લિંક એમ્બેડ કરવામાં આવી છે. આ સુવિધા મુસાફરોને તેમના સક્રિય સીઝન પાસ - માસિક, ત્રિમાસિક કે વાર્ષિક - રેલવનમાં સરળતાથી સ્થાનાંતરિત કરવાની મંજૂરી આપે છે.

રેલવન પર નોંધણી કરાવ્યા પછી વપરાશકર્તાઓએ વધારાની સુરક્ષા માટે એમ-પિન સેટ કરીને તેનો ઉપયોગ કરવો જરૂરી છે. ટિકિટિંગ ઉપરાંત રેલવન મુસાફરોને લાંબા અંતરની ટ્રેનોને વાસ્તવિક સમયમાં ટ્રેક કરવા પીએનઆર સ્થિતિ તપાસવા, કોચની સ્થિતિ જોવા, ફરિયાદો નોંધાવવા અને ટ્રેનની મુસાફરી દરમિયાન ખોરાકનો ઓર્ડર આપવાની સુવિધા પણ ધરાવે છે.

રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું કે ડિજિટલ ટિકિટિંગ હાલમાં કુલ ટિકિટ વેચાણમાં લગભગ ૨૫ટકા હિસ્સો ધરાવે છે, જેમાં મોબાઇલ એપ્સ અને ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન (એટીવીએમ) દ્વારા બુક કરાયેલી ટિકિટનો સમાવેશ થાય છે. આમાંથી, એપ્લિકેશન-આધારિત ટિકિટિંગનો ફાળો લગભગ ૮-૧૦ ટકા છે.

મધ્ય અને પશ્ચિમ રેલવેના અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે યુટીએસના અચાનક બંધ થવાની તાજેતરની અટકળો પાયાવિહોણી છે. યૂટીએસ રાતોરાત બંધ થવાનું નથી, પણ તેનો ઉપયોગ માર્યાદિત કરી દેવામાં આવ્યો છે, જ્યારે રેલવન રેલવેની પ્રાથમિક એપ બની જશે, એમ તેમણે જણાવ્યું હતું. ■

### પુણેમાં બિલ્ડરે કરી આત્મહત્યા

# પાલિકાની ચૂંટણી લડી રહેલા એનસીપીના ઉમેદવારનું સુસાઇડ નોટમાં નામ

પુણેઃ પુણેમાં ૫૭ વર્ષના બિલ્ડરે પોતાની ઓફિસમાં કથિત આત્મહત્યા કરી હતી. જીવન ટૂંકાવતા પહેલા તેણે લખેલી સૂસાઇડ નોટમાં પંદરમી જાન્યુઆરીએ પાલિકાની ચૂંટણી લડી રહેલા રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા સહિત અનેક લોકોના નામ છે. પોલીસે આ પ્રકરણે ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પુણેના કેમ્પ વિસ્તારમાં આવેલી પોતાની ઓફિસમાં સાદિક હુસેન કપૂર (૫૭) શનિવારે મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. પોલીસને ઘટનાસ્થળેથી સૂસાઇડ નોટ મળી આવી હતી, જેમાં હડપસર વિસ્તારના રાષ્ટ્રવાદી કૉંગ્રેસના ભૂતપૂર્વ નગરસેવક ફારુક ઇનામદાર સહિત અનેક લોકોનાં નામ છે, એમ અધિકારીએ કહ્યું હતું.

સાદિકના પુત્ર સાજીદ કપૂરે લશ્કર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે, જેમાં ઇનામદાર તથા અન્ય ત્રણ વ્યક્તિએ તેના પિતાને ત્રાસ આપ્યો હતો અને પચાસ લાખ રૂપિયાની માગણી કરી હોવાનો આક્ષેપ કર્યો છે.

આને કારણે તેના પિતા આત્મહત્યા કરવા પ્રવૃત્ત થયા હતા, એવો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો.

સાજીદ કપૂરની ફરિયાદને આધારે અમે ફારુક યાસિન ઇનામદાર, અફાન ફારુક ઇનામદાર, ઝુહુર મોહંમદ સૈયદ અને તનવીર ઇબ્રાહિમ મણિયાર વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું અને ખંડણી માગવી સહિત ભારતીય ન્યાય સંહિતાની અન્ય કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ગેન્ગસ્ટર ટિપુ પઠાણ સાથે કડી ધરાવતા કેસમાં સાદિક કપૂર વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. (પીટીઆઇ)

### મુલુંડના ગુજરાતી ઉમેદવારનું ટેન્શન વધ્યુંઃ

# ઠાકરેસેનાને અપક્ષને સમર્થન જાહેર કરી લગાવ્યો મોટો દાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ ઉપનગરના મુલુંડના વોર્ડ નંબર ૧૦૭માંથી ભૂતપૂર્વ ગુજરાતી નગરસેવક નીલ સોમૈયા ચૂંટણી લડી રહ્યા છે, તેમની સામે ઠાકરે સેનાનો કોઈ ઉમેદવાર ચૂંટણીના મેદાનમાં સીધો ઉતર્યો નથી. મૂળમાં આ જગ્યા શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસને ફાળે ગઈ હતી પણ તેમના ઉમેદવારની અરજી બાદ થયા બાદ નીલ સોમૈયા સરળતાથી જીતી જશે એવું માનવામાં આવી રહ્યું હતું પણ હવે ચૂંટણીમાં આ બેઠક પર રસાકસી જોવા મળે એવી શક્યતા છે.

ઠાકરેની શિવસેનાના સાંસદ સંજય રાઉતે પત્રકાર પરિષદમાં માહિતી આપી હતી કે ઠાકરે ગ્રૂપે વોર્ડ નંબર ૧૦૭માં અપક્ષ ઉમેદવારને સમર્થન જાહેર કર્યું છે. તેથી હવે આ વોર્ડમાં શિવસેના આડકરી રીતે ભાજપને ટક્કર આપશે એવું માનવામાં આવે છે. પરિષદમાં સંજય રાઉતે એવો આક્ષેપ કર્યો હતો કે મહારાષ્ટ્રના હિતશત્રુઓને ભાજપ સમર્થન આપે તેના પરથી ભાજપના મનસુબા સ્પષ્ટ થયા છે. જેમની ભૂમિકા હંમેશાથી મહારાષ્ટ્ર વિરુદ્ધની હોય અને જે સ્કૂલમાં શિક્ષણમાં મરાઠી ફરજિયાત કરવા સામે વિરોધ કરતા હોય, કોર્ટમાં ગયા હોય તેમને સમર્થન આપનારાઓ વિચાર કરવો જોઈએ.

સંજય રાઉતે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે મુલુંડની ૧૦૭ નંબરની સીટ માટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના શરદ પવારે આગ્રહ રાખ્યો હતો. આ બેઠક અત્યંત નાજુક છે અને ત્યાં લડવું શિવસેના માટે આવશ્યક છે. સેના પાસે સારો ઉમેદવાર છે અને બધા મળીને તે જીતી શકે છે એ મુદ્દો સેના તરફથી રાખવામાં આવ્યો હતો પણ નાછુટકે આ બેઠક તેમને આપવી પડી હતી. તેમના ઉમેદવારને સેનાએ સમર્થન પણ આપ્યું હતું. છતાં હંમેશ મુજબ અહીં પણ ગોટાળો થયો હતો. જોકે સેના પાસેથી આ બેઠક રાષ્ટ્રવાદી પાસે જતી રહેતા શિવસૈનિક દિનેશ જાધવે અહીંથી અપક્ષ રીતે અરજી ભરી હતી. તેમને પહેલાથી જ આ બાબતે શંકા હતી. તેમની અરજી પાત્ર ઠરી હતી. એ બાદ સેનાના નેતા ઉદ્ધવ ઠાકરેએ તેમને પત્ર લખ્યો હતો. આ પત્રમાં દિનેશ જાધ ઠાકરે સેના સમર્થક ઉમેદવાર હોવાનું લખવામાં આવ્યું છે. દિનેશ જાધવને સેનાનું મશાલનું સિમ્બોલ મળ્યું નથી પણ તેઓ જે સિમ્બોલ પરથી લડશે તેને સેનાનું સમર્થન છે. તેથી મુલુંડની આ બેઠક બિનહરીફ નહીં પણ કાંટેની ટક્કર જોવા મળશે એવો દાવો તેમણે કર્યો હતો.

# પાલિકાની ચૂંટણીમાં ફિક્સ ડિપોઝિટ મુદ્દો ગાજ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયાની સૌથી શ્રીમંત કહેવાથી મુંબઈ મહાનગરપાલિકાની હજારો કરોડો રૂપિયાની ફિક્સ ડિપોઝિટ આ વખતની ચૂંટણીમાં રાજકીય પક્ષો માટે મહત્ત્વનો મુદ્દો બની ગયો છે. એક સમયે પાલિકા પાસે જુદી જુદી બેન્કમાં ૯૨ હજાર કરોડથી વધુ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ જમા હતી, જે આજે ઘટીને લગભગ ૮૦ હજાર કરોડ પર આવી ગઈ છે.

મુખ્ય પ્રધાને એક ચૂંટણી સભા દરમ્યાન પાલિકાની કરોડોની ફિક્સ ડિપોઝિટને શું ચાટવી છે એવો સવાલ કરીને જુદી જુદી બેન્કમાં રહેલી કરોડો રૂપિયાની ફિક્સ ડિપોઝિટને લઈને લોકોમાં કુતુહલ ઊભું કર્યું છે. પાલિકાની એક સમયે ૯૨ હજાર કરોડથી પણ વધુ ફિક્સ ડિપોઝિટ હતી પણ સમય જતા તેમા ઘટાડો થતો ગયો છે.

પાલિકાએ કરોડો રૂપિયા જુદી જુદી બેન્કમાં મુક્યાં છે. પાલિકા પોતાની ફિક્સ ડિપોઝિટ અને તેના વ્યાજની રકમમાંથી પોતાના નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સહિત એસ્ટાબ્લિશમેન્ટના ખર્ચ કરે છે. તેમ જ જુદા જુદા ઈન્ફ્રાસ્ટ્રકચર કામ માટે કૉન્ટ્રેક્ટર પાસેથી લીધેલી ડિપોઝિટ રકમને પણ ફિક્સ ડિપોઝિટમાં મૂકવામાં આવતી હોય છે.

કોરોના મહામારી દરમ્યાન કન્સ્ટ્રકશન કામ ઠપ્પ થઈ જતા પાલિકાએ મોટા પ્રમાણમાં પ્રિમીયમમાં રાહત આપી હતી અને તેને કારણે માર્ચ ૨૦૨૨માં ૧૪,૭૫૦ કરોડની આવક થઈ હતી. તેથી પાલિકાની ફિક્સ ડિપોઝિટ માર્ચ ૨૦૨૨માં લગભગ ૯૧ હજાર કરોડથી પણ ઉપર પહોંચી ગઈ હતી, ત્યારબાદ એફડીમાં જોકે સતત ઘટાડો થતો ગયો હતો. જૂન ૨૦૨૫માં એફડી ૮૦,૭૪૦ કરોડ પહોંચી ગઈ હતી.

# વિપક્ષીએ ઉમેદવારોને કેમ પાછા ખેંચી લીધા?: ભાજપ

મુંબઈઃ મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપના ૪૪, શિવસેનાના શિંદે જૂથના ૨૨ અને અજિત પવારની પાર્ટીના બે ઉમેદવારો બિનહરીફ જીત્યા છે. જેને લઈને ઘણા સવાલો ઊભા થયા છે. ત્યારે ભાજપના અમિત સાટમે વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા છે. અમિત સાટમે વિપક્ષ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, અમારો વિપક્ષ પર સીધો આરોપ છે. તેમણે પોતાના ઉમેદવારોના નામ પાછા કેમ ખેંચી લીધા, એનો જવાબ તેમણે આપવો જોઈએ.

સત્ય એ છે કે લોકો પીએમ મોદી અને દેવેન્દ્ર ફડણવીસના કામથી પ્રભાવિત છે. જેથી વિપક્ષ પાસે કોઈ આધાર રહ્યો નથી.

છેલ્લા પાનાનું ચાલુ

## આપણી ચૂંટણી

મેનિફેસ્ટો બહાર પાડતી વખતે બિનહરીફ ચૂંટણી પ્રચાર પર પણ પ્રહારો કર્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ રાહુલ નાર્વેકર દ્વારા આપવામાં આવેલી કથિત ધમકીઓને પગલે તેમના રાજીનામાની માગ કરી હતી. આ સાથે જ તેમણે બિનહરીફ જાહેર થયેલી બેઠકો પર પણ ફરીથી ચૂંટણી યોજવાની માંગ કરી છે.

બીજી તરફ મનસે પ્રમુખ રાજ ઠાકરેએ ભાજપ પર પ્રહાર કરતા પશ્ચિમ બંગાળના ઉદાહરણની યાદ અપાવી હતી. તેમણે કહ્યું કે, શાસકોએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે તેમના કૃત્યો દ્વારા કોઈ ખોટી પરંપરા તો નથી પડી રહી ને.

## ચૂંટણી પંચમાં

બનાવ્યો છે, મોદી ગંગામાંથી પાણી લાવ્યા છે અને મિંધે (એકનાથ શિંદે) એ તો અરબી સમુદ્ર બાંધ્યો છે. આગળ બોલતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, કોર્ટમાં જઈને શું થવાનું છે? વિશ્વાસ પણ કોના પર રાખવો? જો ચૂંટણી પંચમાં હિંમત હોય તો તેમણે ચૂંટણી રદ કરવી જોઈએ. જે રિટર્નિંગ ઓફિસર્સ હતા, તેમના ફોન રેકોર્ડ્સ તપાસો. શું તે રેકોર્ડ પણ સીસીટીવી ફૂટેજની જેમ ડિલીટ કરી નાખ્યા? બિનહરીફ ચૂંટણીઓ કેવી રીતે થાય છે, તે બાબતે બોલતા ઉદ્ધવ ઠાકરેએ સીધું જ મોટું આવહ્ન કર્યુ કે, સીધી ચૂંટણીઓ જ રદ કરી દો.

ઉદ્ધવ ઠાકરેનું નિશાન માત્ર દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે જ નહીં, પરંતુ નરેન્દ્ર મોદી પણ હતા. નરેન્દ્ર મોદીની સાથે ઉદ્ધવ ઠાકરે અદાણીની ટીકા કરતા જોવા મળ્યા હતા.

## ૨૦ વર્ષ પછી

થયો છું. ૨૦ વર્ષ જેલમાં હતો અને હવે પહેલી વાર મુક્ત થયો છું. મને લાગે છે કે આપણે તેનું સ્વાગત કરવું જોઈએ. આજે ઘણા વર્ષો પછી હું શિવસેના ભવનમાં આવ્યો છું. હું નવું શિવસેના ભવન પહેલી વાર જોઈ રહ્યો છું. મારા મનમાં કાયમ માટે કોતરાયેલી બધી યાદો જૂના શિવસેના ભવનની છે. હવે ક્યાં શું થઇ રહ્યું છે, તે મને સમજાતું નથી. પણ જૂની શિવસેના ભવનની યાદો ખૂબ જ રોમાંચક અને સુખદ છે.

જો વાત કરવા બેસીશ તો જુના શિવસેના ભવનની અનેક યાદો કહેવા માટે છે. શિવસેના ભવન ૧૯૭૭માં બનાવવામાં આવ્યું હતું. તે સમયે જનતા પાર્ટીની સરકાર બની હતી. ત્યાંની સભા પછી શિવસેના ભવન પર પથ્થરમારો કરવામાં આવ્યો. પછી શું થયું? મને તે સમયની જૂની યાદો છે. હું તેને હવે યાદ કરતો નથી.

**ફડણવીસનું નિવેદન તદ્દન હાસ્યાસ્પદ**

ચૂંટણી નજીક આવતાં જ ફરી એકવાર બાળાસાહેબના વારસદાર કોણ? અને કોણ ખરી શિવસેના? તેના ઉપર તું-તું મૈં-મૈં શરૂ થઇ ગયું છે. શનિવારે દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે એકનાથ શિંદે બાળાસાહેબ ઠાકરેના વિચારોના વારસદાર છે. તેમણે શિંદેનો ઉલ્લેખ બાળાસાહેબ ઠાકરેના 'આક્રમક વાઘ' તરીકે પણ કર્યો હતો.

રાજ ઠાકરેએ પત્રકાર પરિષદમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને પોતાની આગવી શૈલીમાં જવાબ આપ્યો. મુખ્ય પ્રધાન દ્વારા આપવામાં આવેલા નિવેદન વિશે પૂછવામાં આવતા રાજ ઠાકરેએ શરૂઆતમાં ફક્ત હાસ્ય કર્યું, જ્યારે પત્રકારોએ રાજ ઠાકરેને તેમની પ્રતિક્રિયા પૂછી, ત્યારે તેમણે કહ્યું, હું હસ્યો. હું શાંતિથી હસ્યો... સંજય રાઉત જોરથી હસ્યા... આ તેમનો જવાબ છે... એમ રાજ ઠાકરેએ આડકતરી રીતે કહેવાનો પ્રયાસ કર્યો કે ફડણવીસનું નિવેદન હાસ્યાસ્પદ હતું.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, કોઈનામાં મુંબઈ તોડવાની હિંમત નથી. આપણી સાથે હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરેના ઉગ્ર વાઘ એકનાથ શિંદે છે. જન્મથી લોહીનો વારસો જરૂર મળે છે, પરંતુ કાર્યોથી વિચારોનો વારસો મળી શકે છે અને વિચારોનો વારસો એકનાથ શિંદેનો છે. આપણી મહાયુતીમાં તે છે. હવે મુંબઈવાસીઓ જાગી ગયા છે, વિકાસ એક દોર બની ગયો છે. આ ચૂંટણી મુંબઈ માટે મહત્વપૂર્ણ છે.

મુંબઈમાં ક્રેડિટ ચોરી કરતી એક ગેંગ સક્રિય છે. કેટલાક અબોધ બાળકો કહે છે કે બધું તેમણે જ કર્યું છે. જો તમે મધ્યરાત્રિએ મુંબઈવાસીઓને પૂછો તો પણ મુંબઈવાસીઓ તમને કહેશે કે મહાયુતિએ શું કર્યું. જો તમે મુંબઈવાસીઓને પૂછો કે વિકાસના દરેક પાસામાં અડચણ કરનાર કોણ છે, તો તેઓ ફક્ત એક જ વ્યક્તિનું નામ લેશે, તે એટલે માનનીય ઉદ્ધવ ઠાકરે, એમ તેમણે કહ્યું હતું.

## વિપક્ષ કોર્ટમાં

ચોક્કસપણે કોર્ટમાં જઈ શકે છે, પરંતુ જનતાની અદાલતે અમને ચૂંટ્યા છે. ભલે તેઓ (વિપક્ષ) કોર્ટમાં જાય, પણ જનતાનો આદેશ કોર્ટમાં જીતશે.

મુખ્ય પ્રધાને ધ્યાન દોર્યું કે ઘણા અપક્ષ અને મુસ્લિમ ઉમેદવારો પણ બિનહરીફ ચૂંટાયા છે, પણ વિપક્ષ તેના વિશે બોલતા નથી. કારણકે તેમને પોતાની હાર સ્પષ્ટ દેખાય છે, એટલે હવે બહાના શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ફડણવીસે ભાજપના વરિષ્ઠ નેતા સુધીર મુનગંટીવાર, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી હંસરાજ આહિર, મહારાષ્ટ્રના મંત્રી અશોક ઉઇકે અને ધારાસભ્ય કિશોર જોર્ગેવાર સાથે ચંદ્રપુરમાં ભાજપ અને શિવસેનાના ઉમેદવારોના પ્રચાર માટે રોડ શો કર્યો. મુખ્ય પ્રધાને એક સભાને સંબોધતા કહ્યું કે ભાજપ-શિવસેના સિવાય અન્ય કોઈ પક્ષે ચંદ્રપુરમાં વિકાસ કાર્યો કર્યા નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શહેરોના વિકાસ માટે ૫૦,૦૦૦ કરોડ રૂ પયા ફાળવ્યા છે અને સરકાર ચંદ્રપુરના વિકાસ માટે ભંડોળ પૂરું પાડશે, એમ તેમણે કહ્યું. તેમણે લોકોને વિનંતી કરી કે ભંડોળનો યોગ્ય ઉપયોગ ઇચ્છતા હો, તો મહાયુતિને સત્તામાં લાવજો અને ખાતરી આપી કે સરકાર આગામી પાંચ વર્ષ સુધી લોકોની સંભાળ રાખતી વખતે પારદર્શક શાસન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

મુખ્ય પ્રધાને સવારે ચંદ્રપુરમાં પ્રાચીન મહાકાળી મંદિરની મુલાકાત લીધી અને અંકલેશ્વર ગેટથી એક રોડ શોમાં ભાગ લીધો, જે ગાંધી ચોકથી પસાર થઈને જટપુરા ગેટ પર સમાપ્ત થયો.

## ઉદ્ધવ ઠાકરેએ

સામનો કરવાનો વારો આવ્યો છે. ઉદ્ધવ ઠાકરેએ રવિવારે પક્ષના ૨૯ બળવાખોર ઉમેદવારો કે જેમણે પોતાનું નામ પાછું ખેંચ્યું નહોતું, તેમની પક્ષમાંથી હકાલપટ્ટી કરી છે. આ બધા ઉમેદવારોએ વિવિધ પ્રભાગોમાં અપક્ષ ચૂંટણી લડવા ફોર્મ ભર્યા હતા. શિવસેનાના બે ફાડચાં થયા બાદ, અસલી શિવસેના કઈ? તે સાબિત કરવા દરેક ચૂંટણીમાં બંને જૂથો સતત પ્રયત્નશીલ રહ્યા છે. અવિભાજિત શિવસેનાએ મુંબઈ મહાનગરપાલિકા પર અઢી દાયકા કરતાં વધુ સમય રાજ કર્યું છે. તેથી આ ચૂંટણી તેમના માટે પ્રતિષ્ઠાનો જંગ છે. પણ ઠાકરે જૂથને લગભગ બધાંજ વોર્ડમાં બળવાખોરીનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક સ્તરે જનાધાર ધરાવતા આ ઉમેદવારો જો અપક્ષ તરીકે લડે તો ઠાકરે જૂથને ચૂંટણીમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે. તેથી આ બળવો ડાબી દેવા અને યેનકેન પ્રકારેણ તેમને મનાવવા ખુબ પ્રયત્નો કરવામાં આવ્યા. તેમ છતાં જે બળવાખોરોએ પીછેહઠ નથી કરી તેવા ૨૯ ઉમેદવારોની ઉદ્ધવ ઠાકરેએ હકાલપટ્ટી કરી છે. હકાલપટ્ટી કરાયેલા આ ઉમેદવારોમાં માતોશ્રીના આંગણે જ બળવાખોરી કરનારા ચંદ્રશેખર વાયંગણકરનો પણ સમાવેશ થાય છે. આ વોર્ડમાં વિધાનસભ્ય વરુણ સરદેસાઈએ હરિ શાસ્ત્રીને ઉમેદવારી આપી હતી, પણ ચંદ્રશેખર વાયંગણકરને ટિકિટ મળે તે માટે વિધાનસભ્ય અનિલ પરબ ઉત્સુક હતાં. આ બાબત પરબ અને સરદેસાઈ વચ્ચે વિવાદ થયો હતો. વાયંગણકરે પોતાની ઉમેદવારી પછી લીધી નથી.

## 'નોટા' અધિકારનું

ઉમેદવાર વિરુદ્ધ પોતાનો નાપસંદગીનો (નોટા) મત નોંધવાનો અધિકાર છીનવી લેવામાં આવશે અને મતદારોના મતની કોઈ કિંમત રહેશે નહીં એવો ડર પણ ગ્રાહક પંચાયતે વ્યક્ત કર્યો છે. ભારતીય સંવિધાન મુજબ લોકશાહીમાં કોઈ પણ ચૂંટણી મુક્ત વાતાવરણમાં પારદર્શકતા રાખીને યોજાવી આવશ્યક છે પણ જે પદ્ધતિએ અપક્ષ જ નહીં પણ રાજકીય પક્ષોના ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી પાછી ખેંચી રહ્યા છે તેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવા વોર્ડની ચૂંટણી રદબાદલ કરીને ત્યાં નવેસરથી અરજી મગાવીને ચૂંટણી મુક્ત વાતાવરણમાં લેવાની આવશ્યકતા હોવાનો મત ગ્રાહક પંચાયતે વ્યક્ત કર્યો છે. આ બાબતે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ પણ કરવામાં આવવાની છે. જો ચૂંટણી પંચે આ બાબતે મક્કમ રીતે પગલા નહીં લીધા તો ભવિષ્યમાં ખોટી પ્રથા અમલમાં આવી જશે. આવશ્યકતા જણાઈ તો કોર્ટમાં જવાની ચીમકી પણ ગ્રાહક પંચાયતના કાર્યાધ્યક્ષ એડવોકેટ શિરીષ દેશપાંડેએ આપી છે.

શુક્રવારે ઉમેદવારી પાછી ખેંચવાની મુદત પૂરી થયા બાદ જુદી જુદી મહાનગરપાલિકામાં ૬૭થી વધુ નગરસેવકો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હોવાનો દાવો રાજકીય પક્ષોએ કર્યો છે, તેમાંથી સૌથી વધુ નગરસેવક સત્તાધારી મહાયુતિના છે. ઉમેદવારી પાછી ખેંચવાની મુદક પૂરી થયા બાદ સંબંધિત વોર્ડમાં જો એકમાત્ર પાત્ર ઉમેદવાર બાકી રહે તો તે બિનહરીફ ચૂંટાઈ આવ્યો હોવાનું માનવામાં આવે છે. જે વોર્ડમાં બિનહરીફ ઉમેદવાર ચૂંટાયા છે ત્યાં અરજી પાછા ખેંચનારા ઉમેદવારોએ દબાવમાં આવીને આ પગલું લીધું છે. તો અમુક જગ્યાએ ઉમેદવારોને ધમકાવવાને કારણે તેમણે ફોર્મ ભર્યા નહોતા. તો અમુક જગ્યાએ તેમને લાલચ આપવામાં આવતા તેમણે ફોર્મ પાછા ખેંચ્યા હોવાના આક્ષેપ વિરોધ પક્ષ દ્વારા કરવામાં આવ્યા છે. જયાં બિનહરીફ ઉમેદવારો ચૂંટાયા છે તે જગ્યાએ જોકે ચૂંટણી પંચે સત્તાવાર રીતે તેની જાહેરાત કરી નથી. ચૂંટણી પંચે આ બાબતની તપાસ કરવાનો આદેશ આપ્યો છે અને અહેવાલ આવે નહીં ત્યાં સુધી રિઝલ્ટ જાહેર કરવામાં આવશે નહીં એવી સ્પષ્ટતા પણ કરી છે. છતાં નિષ્ણાતોના મતે ચૂંટણી પંચના નિયમ મુજબ ચૂંટણી બિનહરીફ હોય છતાં તેનો નિકાલ મત ગણતરી બાદ જ જહારે કરવામાં આવે છે.

## સંવેદનશીલ પરિસર

હતી. બહેન પર ગોળીબાર માટે બબલુએ ઉપયોગમાં લીધેલી પિસ્તોલ મળવાની પોલીસને અપેક્ષા હતી, પરંતુ જે મળ્યું તે જોઈ પોલીસ ચોંકી ગઈ હતી. સ્કૂટરના ડિકીમાં પ્લાસ્ટિકની થેલીમાં સંતાડીને હેન્ડ ગ્રેનેડ રાખવામાં આવી હતી.

પોલીસે તાત્કાલિક બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડને જીવંત હેન્ડ ગ્રેનેડની માહિતી આપી હતી. ઘટનાસ્થળે પહોંચેલી બીડીડીએસની ટીમે ગ્રેનેડને નિષ્ક્રિય કરી તાબામાં લીધી હતી. આ ગ્રેનેડ મોટું નુકસાન કરવાની ક્ષમતા ધરાવતી હતી, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

ચૂંટણી સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ઠેકઠેકાણે નાકાબંધી કરવામાં આવી રહી છે અને કડક સુરક્ષાવ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આવા માહોલમાં હેન્ડ ગ્રેનેડ મળવી પોલીસ માટે ચિંતાનો વિષય બન્યો છે.

જોકે પૂછપરછમાં આરોપીએ દાવો કર્યો હતો કે ઘાટકોપરની પંતનગર પોલીસે એક કેસમાં તેની ધરપકડ કરી હતી. આ કેસમાં તેને જામીન પર છોડાવવામાં બહેન-બનેવીએ કોઈ રસ દાખવ્યો નહોતો, જેનો તેને ભારોભાર ગુસ્સો હતો. બાદમાં જેલમાંથી છૂટીને તે ઉત્તર પ્રદેશ ગયો હતો. ત્યાંથી પિસ્તોલ અને કારતૂસો સાથે તે હેન્ડ ગ્રેનેડ પણ ખરીદી લાવ્યો હતો. બહેન-બનેવીને બૉમ્બથી ઉડાવવાની યોજના હતી, પણ પહેલાં તેણે બહેન પર ગોળીબાર કર્યો હતો. હવે ગ્રેનેડ ફોડવાના પહેલાં જ તે પોલીસને હાથે ઝડપાઈ ગયો હતો.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ દાદર સ્વ. કાશીબેન રતિલાલ મહેતાના સુપુત્ર જયસુખલાલ મહેતા (ઉં.વ.૮૫) તે શનિવાર તા. ૩-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ચંદનબેનના પતિ. સ્વ. માયાબેન કાંતિલાલ, સ્વ. ધનકુંવરબેન નટવરલાલ, સ્વ. મીનાબેન ભુપતરાયના દીયર. સ્વ. ચિરંતન વિજય મહારાજસાહેબ, ભુપતરાય તથા અનસુયા ભોગીલાલ દોશીના ભાઇ.પરેશ-હીના, નિમેષ-ફાલ્ગુની, અનીશ-પ્રિતીના પિતા. ભાઇચંદભાઇ જગજીવનદાસ દોશીના જમાઇ. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૫-૧-૨૬ના સવારે ૧૦થી ૧૨. ઠે. યોગી સભાગૃહ ગ્રાઉન્ડ ફ્લોર, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ તિલકનગર ચેમ્બુર સ્વ. છગનલાલ ચત્રભુજ પૂંજાણીના ધર્મપત્ની ગં. સ્વ. વિમળાબેન (ઉં. વ. ૯૧) તા. ૩-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અનિલભાઇ, પુનિતાબેન (પ્રફુલ્લાબેન) તથા રાજેશભાઇના માતુશ્રી. મમતાબેન, પંકજભાઇ મકાણી તથા જયનીબેનના સાસુજી. હીના, જય, પ્રતિક તથા કિંજલના દાદી-નાની. તે ગોંડલ નિવાસી સ્વ. ગિરિજાશંકર દોશી, સ્વ. કુસુમબેન ખારા, સ્વ. શોભનાબેન બાટવિયાના બેન. સ્વ. દલીચંદ ભાઇ, સ્વ. અમૃતલાલભાઇ, સ્વ. ભાનુભાઇ, સ્વ. લલિતાબેન મહેતા, સ્વ. દયાબેન બાવીસી, સ્વ. જયાબેન સંઘરાજકા, સ્વ. મંજુલાબેન શાહ, ગં. સ્વ. ભાનુબેન દેસાઇ તથા સ્વ. વસંતબેન સંઘાણીના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

વિજાપુર નિવાસી હાલ મુંબઇ શારદાબેન બાબુલાલ વખારીયા (ઉં. વ. ૯૭) તા. ૨-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મોહનલાલ દોલતરામની દીકરી. હર્ષદભાઇ, કિશોરભાઇ, મૂકેશભાઇ, અતુલભાઇના માતુશ્રી. રક્ષાબેન, સુરેખાબેન, સ્વ. ભાવનાબેન, બીનાબેનના સાસુ. મેહુલ, પાયલ, કેતલ, અપૂર્વ, રાહુલ, બીજલ, શ્વેતા, રીના, પ્રેમલનાં દાદીમા. પિયર પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. ઠે. ભારતીય વિદ્યાભવન ચોપાટી, સોમવાર, તા : ૫-૧-૨૬ના બપોરના ૨થી ૩.૩૦.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મેરાવાના રમેશ કલ્યાણજી ગાલા (ઉ.વ.૭૪) તા.૩-૧-૨૬ના અવસાન પામેલ છે. પ્રભાબેન કલ્યાણજીના પુત્ર. હંસાબેનના પતિ. પારસ, હિતેન, દિપ્તીના પિતા. હરીશ, કુસુમ, પ્રીતીના ભાઈ. વીઢ મોંઘીબેન ચનાભાઈ ટોકરશી ગોસરના જમાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦.

**વીશા શ્રીમાળી જૈન**

મૂળ કલિકટવાળા, હાલ કલ્યાણ નિવાસી હરિલાલ વલ્લભદાસ શાહ (ઉં.વ.૯૩) તા.૨/૧/૨૬ ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. પ્રિતી અને સ્મિતાના પિતા. કિરીટભાઇ ચૌહાણના સસરા. કિમીના નાના. દીપ, ઉદય, સૂચકના નાનાસસરા. સ્વ. કસ્તુરચંદ દલીચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ- કાંદિવલી સ્વ. નાનચંદ લક્ષ્મીચંદ સંઘવીના સુપુત્ર સ્વ. પ્રતાપરાય સંઘવીના ધર્મપત્ની સરોજબેન (ઉં. વ. ૭૫) તા. ૩-૧-૨૬ શનિવારના અવસાન પામેલ છે. તે ધર્મેશના માતુશ્રી તથા દીપલના સાસુ તથા સ્વ. પ્રેમીલાબેન, સ્વ. ગુણીબેન, સ્વ. કળાબેન, સ્વ. શાંતીલાલ, સ્વ. હસમુખરાય, કનૈયાલાલ, દિનેશભાઇ, સ્વ. મનહરભાઇના ભાભી. સ્વ. હસુબેન, સ્વ. હસુમતીબેનના દેરાણી. પિયરપક્ષે વંથલીવાળા સ્વ. નરોત્તમદાસ વિઠ્ઠલજી વસાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## તેરી ભી ચૂપ,

કરવા મુંબઈમાં વધુ પાંચ મેડિકલ કોલેજો ખોલવામાં આવશે (શતાબ્દી-ગોવંડી, શતાબ્દી-કાંદિવલી, એમ.ટી. અગ્રવાલ-મુલુંડ, ભગવતી-બોરીવલી, રાજાવાડી-ઘાટકોપર).

મ્યુનિસિપલ હોસ્પિટલોમાં ઓપીડી ક્ષમતા બમણી કરવામાં આવશે.

તમામ મ્યુનિસિપલ હોસ્પિટલોમાં ઝડપી રિકવરી માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના રોબોટિક ઓપરેશન થિયેટર અને ડિજિટલ સબટ્રેક્શન એન્જીયોગ્રાફી/ લેપ્રોસ્કોપિક સર્જરી શરૂ કરવામાં આવશે.

શતાબ્દી (કાંદિવલી), એમટી અગ્રવાલ (મુલુંડ) અને શતાબ્દી (ગોવંડી) હોસ્પિટલોનું ખાનગીકરણ થવા નહીં દેવાય. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા મંજૂર કરાયેલી જેનેરિક દવાની દુકાનો પર મ્યુનિસિપલ હોસ્પિટલો અને દવાખાનાઓમાં ડોકટરો દ્વારા સૂચવવામાં આવેલી જેનેરિક દવાઓ દર્દીઓને મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. વરિષ્ઠ નાગરિકો માટે ૨૪૪૭ આરોગ્ય સંભાળ નિયંત્રણ રૂમ અને 'આરોગ્ય-ઘર સુધી' (હેલ્થ ટુ હોમ) સેવાઓ શરૂ કરવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન પોતાની એમ્બ્યુલન્સ અને શબવાહિની સેવા શરૂ કરશે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની પોતાની સુપર સ્પેશિયાલિટી કેન્સર હોસ્પિટલ હશે. રેપિડ બાઇક મેડિકલ આસિસ્ટન્સ (એમ્બ્યુલન્સ) સેવા જે તેમને સરળતાથી અને સમયસર, રસ્તાની વચ્ચે પણ, ભીડના સમયે પણ પહોંચી શકે. ગંભીર માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકો તેમજ હૃદયરોગનો હુમલો અથવા સ્ટ્રોકનો ભોગ બનેલા દર્દીઓને બાઇક પર ઉપલબ્ધ જીવનરક્ષક સાધનોનું સંચાલન કરવા માટે, તાલીમ પામેલા પેરામેડિકલ સ્ટાફ (હાર્ટ શોક મશીન - ડિફિબ્રિલેટર, ઓક્સિજન, નેબ્યુલાઇઝર વગેરે) 'ગોલ્ડન અવર' દરમિયાન પ્રાથમિક સારવાર પૂરી પાડશે અને દર્દીઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલ પર પહોંચાડશે.

## પારસી મરણ

ફેની હોમી ઇચ્છાપોરીયા તે મરહુમો હોમી સોરાબજી ઇચ્છાપોરીયાના ધનીયાની. તે મરહુમો માણેકબાઇ પીરોજશાહ ઇલાવયાના દીકરી. તે જેનીફર ખુશરૂ કરનજાવાલા તથા કમલ દારાયસ મુસ તથા પરઝીદ ઇચ્છાપોરીયાના માતાજી. તે ખુશરૂ, દારાયસ તથા ઉરવઝીના સાસુ. તે મરહુમો ફરોખ, અસપી તથા હોશંગના બહેન. તે મરહુમો મોટામાય સોરબજી ઇચ્છાપોરીયાના વહુ. (ઉં. વ. ૮૫) રે. ઠે. કલીધરી સ્કૂલની સામે, સી-૨૨, ગીલડર બાગ, જે. બી. નગર, બામનીયા લેન, અંધેરી (ઇ), મુંબઇ-૪૦૦૦૫૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૧-૨૬, ૩.૪૫ બપોરે લાલબાગની અગિયારીમાં કરવામાં આવશે.

પેરુઇઝ ફિરોઝ દસ્તુર (ઉં. વ. ૮૪) તા. ૨૯-૧૨-૨૫એ ગુજરી ગયા છે. તે ફિરોઝના વાઇફ. નોશીર અને ફ્રેની એન્જિનિયરના દીકરી. કમલ અને ઝરીનના માતા. સંદીપના સાસુ. રાયન અને આસ્તિનના દાદી. કુમા અને મંચેરશા દસ્તુરના વહુ.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. પૂર્ણિમા પ્રવીણચંદ્ર સોનેતા (ઉં. વ. ૭૭) કચ્છ ગામ વાંકી પત્રી હાલ ઘાટકોપર તે સ્વ. માણેકબેન રામજી સોનેતાના પુત્રવધૂ. તે સ્વ. લીલાવંતી રામજી કરસનદાસ પલણ ગામ મોટી વમોટીના સુપુત્રી તે શનિવાર, તા. ૩-૧-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. ધર્મેન્દ્ર, પ્રજ્ઞેશ તથા દિવ્યા મનીષ મજેઠીયાના માતુશ્રી. તે શિલ્પા તથા ઉર્વશીના સાસુમા. તે આશય, સ્ટ્ર તથા માહીના દાદીમા. સ્વ. કિરીટભાઇના ભાભી. પ્રાર્થનાસભા તા. ૫-૧-૨૬ સોમવારે ૫૦૧, પદમાવતી હોલ, એમ.જી. રોડ, શિવસેના ઓફિસની ઉપર, મુલુંડ (વેસ્ટ), ૫થી ૭. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**વાંઝા જ્ઞાતિ**

ચોરવાડ નિવાસી હાલ વિલેપાર્લે ગં. સ્વ. ચંદ્રિકાબેન ઘેરવડા (ઉં. વ. ૭૧) તા. ૩-૧-૨૬ના શરણ પામ્યા છે. તે સ્વ. દિલીપભાઇ દામજીભાઇ ઘેરવડાના ધર્મપત્ની. વૈભવ તથા સેજલબેનના માતુશ્રી. વૈશાલી તથા મુકેશભાઇ ચાવડાના સાસુ. જીયા તથા વિહાનના દાદી. સિદ્ધાર્થ તથા યશના નાની. તે સ્વ. મોહનભાઇ માવડીયાના પુત્રી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૫-૧-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. સન્યાસ આશ્રમ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૬.

**હાલાઇ ભાટીયા**

હેમલતા કિશોરકુમાર ભાટીયા (બેબીબેન) તે સ્વ. મમુબા કરસનદાસ ભાટીયાના પુત્રવધૂ. સ્વ. જયાબેન સુંદરદાસ દયાળના પુત્રી. રૂપલ શરદ કલવાણી અને સ્વ. વૃંદા તથા આરતીના માતુશ્રી. દિશા ઋષભ કપૂરના નાની તા. ૩-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

સોનગઢ નિવાસી હાલ ઘાટકોપર ચંદ્રકાન્ત ભવાનીદાસ સંઘરાજકાના ધર્મપત્ની અ. સૌ. અરુણાબેન (ઉં.વ.૭૮) તે હિરેન, પ્રીતિ ચંદ્રેશકુમાર મોદી અને દીપાલી અમિશકુમાર ભગતના માતુશ્રી. હિનલ હિરેન સંઘરાજકાના સાસુ. ધ્રુમિલ, વત્સલના દાદી. નીધી, દેવાંશીના દાદીસાસુ. નીતા બીપીન સંઘરાજકા, ચારુ ભરત સંઘરાજકાના ભાભી. અમૃતલાલ પ્રભુદાસભાઇ મેહતલિયાના દીકરી. તા. ૩-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૬-૧-૨૬ના બપોરે ૪થી ૬. ઠે. કેશવબાગ, નવરોજી લેન, ઘાટકોપર (પશ્ચિમ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણીક**

મહુવા નિવાસી હાલ અંબરનાથ ભૂપતરાય ગંગાદાસ મહેતાના પુત્ર મહેશ (ઉં.વ.૭૬) તે નંદુબા બચુભાઇ ચુડાસમાના જમાઇ. જયશ્રીબેનના પતિ. આશાબેન, ગીતાબેન, પ્રવીણાબેન, નીકીતાબેન અને રાકેશના મોટાભાઇ. પરેશ, પ્રિતી, સ્વાતીના પિતા. કૌશિક અને હેમાંગના સસરા તા. ૧-૧-૨૬ ગુરુવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

માંગરોળ નિવાસી હાલ કાંદિવલી સ્વ. હરેશકુમાર ગોકળદાસ ઠક્કરના ધર્મપત્ની ગ. સ્વ. રંજનબેન હરેશકુમાર ઠક્કર (ઉં.વ. ૭૯) તે નાથાલાલ લાલજી રાજાણી (ભાવનગર)ના સુપુત્રી. તે જીજ્ઞેશભાઈ, પરેશભાઈ, શિલ્પાબેન કમલેશભાઈ રૂપારેલિયાના માતુશ્રી. ગોકળદાસ લાધાભાઈના વહુ, તે લતા જીજ્ઞેશ ઠક્કરના સાસુ તે તા. ૩-૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૫-૧-૨૬ના રોજ ૪.૩૦ થી ૬.૩૦ કલાકે હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલે માળે, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ ગુંદાલા હાલ ડોમ્બિવલી નિવાસી પ્રવિણચંદ્ર મોરારજી લીયા (ઉં. વ. ૮૫) તે સ્વ. સામાબેન મોરારજી લીયાના પુત્ર. અ.સૌ.સ્વ. પ્રવિણાબેન (નીરૂબેન)ના પતિ. સ્વ.ગોદાવરીબેન કાનજી ધાંધાના જમાઈ. હરેશ, હિતેશ, વિનેશ, કમલેશ, મનીષા (હેતલ) ના પિતાશ્રી. દિવ્યા, નયના, નેહા, પ્રમોદ ઘેલાના સસરા. દેવાંગ, જોઈતા, યશ, હિતાંશુ, હર્ષિલના દાદા. તેમની પ્રાર્થનાસભા ૫-૧-૨૬ સોમવારે ૪ થી ૫ પાંજીવાડી કાંજુરમાર્ગ (ઇસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# ધર્મતેજ

## મનન

# મોક્ષના ચાર માર્ગ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે કે આ સૃષ્ટિ હકીકતમાં છે શું. વ્યક્તિનો જ્યારે સૃષ્ટિમાં પ્રવેશ થાય ત્યારે તેની પાછળ પ્રેરણા કે મજબૂરી, શું હોય છે. આ બધા નિર્ણય અંતે કોણ લે અને શા માટે લે. આ બધા જવાબ મેળવવા માટે વ્યવહારનો એક સામાન્ય નિયમ સમજવો જરૂરી છે. આધ્યાત્મના ક્ષેત્રમાં પરિસ્થિતિ વ્યવસ્થિત રીતે પૂર્ણતામાં સમજવી હોય તો પરિસ્થિતિથી બહાર નીકળવું પડે. જ્યાં સુધી વ્યક્તિ પરિસ્થિતિનો ભાગ છે ત્યાં સુધી કાંતો તેની માહિતી અંશત હોય અથવા કેન્દ્રીત હોય. આ પ્રશ્નોનાં જવાબ માટે મોક્ષ જરૂરી છે.

પુરુષાર્થ શબ્દ પુરુષ અને અર્થના સમન્વયથી બન્યો છે. પુરુષ અર્થાત માનવ અને અર્થ એટલે હેતુ, ઉદ્દેશ્ય, લક્ષ્ય. એમ કહી શકાય કે પુરુષાર્થ એટલે કોઈ પણ કાર્ય પાછળનું લક્ષ્ય. જ્યારે કોઈપણ કાર્ય સહેતુક કરવામાં આવે ત્યારે તેની પાછળ એક ઉદ્દેશ્ય હોય. સનાતની સંસ્કૃતિમાં પુરુષાર્થને ચાર વિભાગમાં વર્ગીકૃત કરાયો છે; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ એટલે સ્થાપિત થયેલ કર્તવ્યનું સત્ય, નૈતિકતા, ન્યાય અને નિસ્વાર્થ ભાવથી કરવામાં આવતું પાલન. અર્થ એટલે જીવનના નિભાવ અને જીવનની સુરક્ષા માટે જરૂરી સંસાધનો એકત્રિત કરવા માટેની પ્રક્રિયા. આમાં ભવિષ્યની ઈચ્છા સંતોષવાની વાતનો પણ સમાવેશ થઈ શકે. કામ એટલે જીવનમાં ઉદ્‌ભવતી આનંદ-લક્ષી બાબતોનો ઉપભોગ કરવા માટેનાં પ્રયત્ન અને મોક્ષ એટલે જન્મ-મરણનાં ચક્રમાંથી મુક્તિ માટેનો, આત્મસાક્ષાત્કાર માટેનો, કૈવલ્યની સ્થિતિ માટેનો, પરમપદ પામવા માટેનો પ્રયત્ન.

સામાન્ય સંજોગોમાં, સામાન્ય માનવી માટે આ ચારેય પુરુષાર્થ આવશ્યક પણ છે, શક્ય પણ છે અને સાર્થક પણ છે. સામાન્ય પરિસ્થિતિમાં આ ચારેય સ્તંભ જીવનને સંતુલિત રાખી શકે છે. ધર્મથી દિશા નક્કી થાય, અર્થથી તે દિશા તરફની ગતિ શક્ય બને, કામથી એક પ્રવાસમાં ખુશી પ્રાપ્ત થવાની સંભાવના ઊભી કરવામાં આવે અને ધર્મથી અંતિમ ગંતવ્ય સ્થાને પહોંચી શકાય. ધર્મથી સંતોષ મળે, અર્થથી સ્થિરતા મળે, કામથી આનંદની અનુભૂતિ થાય અને મોક્ષથી જીવનનો અર્થ સાર્થક થાય. ધર્મ પ્રેરક બળ બની શકે, અર્થ ચાલક બળ સમાન છે, કામ વચ્ચેનું વિરામ સ્થાન છે એમ ગણી શકાય જ્યારે મોક્ષ એ પ્રવાસની પૂર્ણતા છે. એક રીતે આ ચાર પુરુષાર્થ આદર્શ ગૃહસ્થ જીવનથી સંન્યાસ સુધીનો માર્ગ દર્શાવે છે. વિગતે જોતાં એમ જણાય છે કે ધર્મ, અર્થ અને કામ એ જીવન-યાત્રાની અગત્યની ભૂમિકા છે. આ ત્રણને આધારે જીવન આગળ વધે છે, જીવનમાં વ્યવહારિક પ્રવૃત્તિ સ્થાપિત થાય છે, વ્યક્તિગત - કૌટુંબિક - તેમજ સામાજિક સમીકરણોની નિભાવણી શક્ય બને છે, અને જીવન માટે ટૂંકાગાળાના તેમજ લાંબાગાળાના ઉદ્દેશ્ય મળતાં રહે છે. જીવનની આ યાત્રાનો મોક્ષ અંતિમ પડાવ છે. અંતિમ લક્ષ્ય મોક્ષ હોવું જોઈએ. અર્થ અને કામ પર ધર્મનો પ્રભાવ હોવો જોઈએ. કામ પર વિવેક અને સંયમનું નિયંત્રણ હોવું જોઈએ. અર્થ-પુરુષાર્થ લોભ, કપટ, ચોરી, પરિગ્રહ વૃત્તિ તથા અનૈતિકતાથી મુક્ત હોવો જોઈએ. અર્થ અને કામ જો નિયંત્રિત ન થાય તો તે આસક્તિ અને બંધન તરફ લઈ જાય છે. એક દ્રષ્ટિકોણ પ્રમાણે ધર્મ, અર્થ અને કામ સાધન છે જ્યારે મોક્ષ એ અંતિમ સાધ્ય છે.

સનાતની તત્ત્વજ્ઞાન મુજબ મોક્ષ માટે મુખ્ય ચાર માર્ગ છે; જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ અને રાજયોગ. જ્ઞાનયોગ એ વૈચારિક માર્ગ છે જેમાં સ્વ-સ્વરુપ વિશે ચિંતન કરી 'અહમ્ બ્રહ્માસ્મિ'ની અનુભૂતિ માટેનો પ્રયત્ન થાય છે. અહીં સૃષ્ટિના પ્રત્યેક સમીકરણને યથાર્થ સ્વરૂપે સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અજ્ઞાનનો નાશ કરી જ્ઞાન સ્થાપવાની આ પ્રક્રિયા છે. અવિદ્યાના આવરણને દૂર કરી વિદ્યાની સ્વીકૃતિની આ વાત છે. અસત્યના પ્રભાવ હેઠળથી મુક્ત થઈ સત્યની સ્વીકૃતિનો આ પ્રયાસ છે. વાસ્તવિકતાની પ્રતીતિ થતાં અહીં જ્ઞાનને આધારે મોક્ષ માટેનો પ્રયત્ન કરવામાં આવે છે. ભક્તિયોગ એ ઈશ્વરના અસ્તિત્વની સ્વીકૃતિનો અને ઈશ્વરના પ્રેમનો માર્ગ છે. અહીં ભક્તજન ઈશ્વરને પોતાનું સર્વસ્વ માની, તેને સર્વસ્વ અર્પણ કરી, તેને યોગક્ષેમની ચિંતા સોંપી, ભજન - કીર્તનમાં જીવન વ્યતીત કરે. ગીતામાં પણ કહેવામાં આવ્યું છે કે 'મારો ભક્ત મને પ્રિય છે'. અહીં ઈશ્વર કૃપાથી મોક્ષ પ્રાપ્તિનો પ્રયત્ન થાય છે.

કર્મયોગ એ નિષ્કામ કર્મનો માર્ગ છે. અહીં માનવી ફળની આશા રાખ્યા વગર નિયત કર્મ કરતો રહે છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે કર્મયોગના માર્ગને ગીતા વધુ મહત્વ આપે છે. 'કર્મમાં જ તારો અધિકાર છે', 'નિયત થયેલું કર્મ કાર્ય કરવું જ પડે અને તે પણ અકર્મના ભાવથી' - એમ ગીતા સ્પષ્ટ જણાવે છે. એમ પણ કહી શકાય કે અહીં કર્મ ઈશ્વરને અર્પણ કરી દેવાય છે. કર્મયોગથી સ્થાપિત થયેલા અને સંલગ્ન, બધાં જ કર્મફળ શૂન્યતામાં પરિણામે અને અંતે મોક્ષ પ્રાપ્તિ શક્ય બને. મારાં વ્યક્તિગત અભિપ્રાય પ્રમાણે મોક્ષના બધા જ માર્ગમાં ધ્યાન અને સમાધિનો માર્ગ રાજયોગ સૌથી મુશ્કેલ અને સંવેદનશીલ છે. અહીં શાસ્ત્રીય વિધિ-વિધાન પ્રમાણે યોગના આઠ અંગ; યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિનું પાલન કરી આત્મસાક્ષાત્કાર માટે પુરુષાર્થ કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં મન એકદમ શાંત થઈ જાય, પ્રકાશિત સ્વ-સ્વરૂપની અનુભૂતિ થાય અને નિજાનંદ પરિસ્થિતિ સ્થાપિત થાય. આત્મસાક્ષાત્કારથી મોક્ષની પ્રાપ્તિનો આ માર્ગ છે.

જ્ઞાનયોગમાં 'હું કોણ છું' તે સમજમાં આવે, ભક્તિયોગમાં ઈશ્વર પ્રત્યેનું દાસત્વ પ્રતીત થાય, કર્મયોગમાં પોતે નિમિત્તમાત્ર હોવાનો અને ત્રિગુણાત્મક વિશ્વકર્તા છે તે પ્રમાણે વ્યવહાર થાય જ્યારે રાજયોગમાં શૂન્યતામાં પ્રવેશતા આત્માની અનુભૂતિ શક્ય બને અને અદ્વૈત અનુભવાય. આ ચારેય માર્ગોનો હેતુ એક જ છે, મોક્ષ-પુરુષાર્થ, આધ્યાત્મિક પુરુષાર્થ. આ જ મનુષ્ય જીવનને અંતિમ અર્થ આપે છે. અહીં જ જીવનને શાશ્વત તેમજ સંપૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં વર્ણવાયેલી પરમાનંદની આ સ્થિતિ છે. અસ્તિત્વ સંપૂર્ણતામાં વિરમે છે. દિવ્ય ચેતનાની આ અનુભૂતિ છે જેમાં હવે પ્રવેશ શક્ય બને. ■

# જો હરિકથામાં ચિત્ત પરોવાઈ જાય તો દુનિયાના સંતાપો આપણને નહીં નડે



## માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



मदाश्रयाः कथामृष्टाः श्रुणवन्ति कथयन्ति व।
तपन्ति विविधास्तापा नैतान्म्दत वेतस॥

હું તો પુરા વિશ્વાસથી બોલી રહ્યો છું. હરેક કથામાં અનુભવ સાથે બોલી રહ્યો છું. પરમાત્મામાં ચિત્ત લગાડવાનું સરળ, સુગમ, અનુગ્રહ અને સર્વપ્રાપ્ય કોઈ સાધન હોય તો ભગવત કથા છે. હા, જરૂર, પતંજલિ ભગવાનના માર્ગ દ્વારા ગણ્યા ગાંઠિયા સાધકો ચિત્તવૃત્તિ નિરોધ કરી અને યાત્રા કરી શકે. બાકી ઈશ્વરમાં ચિત્ત જોડવા માટે ભગવત કથા શ્રેષ્ઠ ઉપાય છે.

એક વખતનું ભોજન આપણા માટે ૨૪ કલાકનો આરામ છે. એક વખતનું ભોજન માણસને ૨૪ કલાકની પુષ્ટિ આપે તેમ કથા દરમિયાન પણ ચિત્તનો નિરોધ, ચિત્તની પરમાત્મામાં સમર્પિત થવાની વૃત્તિ એ સરળતાથી કથા દ્વારા થોડો સમય પણ સમય જાય તો ઈશ્વરમાં ગયેલા ચિત્તથી અને પછી જે ચેતના પ્રગટ થાય એનાથી વ્યક્તિગત જીવન અને વૈશ્વિક જીવનની કેટલીય સમસ્યાઓનો ઉકેલ આવે.

ભગવાન કપિલ કહે છે દેવહુતિને- સાધુઓના લક્ષણોનું એક લિસ્ટ આપતી વખતે કહે છે. ઉપરના શ્લોકમાં લખેલા લક્ષણો કહે છે. ભગવાન કપિલ કહે છે કે 'મા, સાધુઓનું બળ કયું? સાધુ કેવો હોય?' મદાશ્રયા મારા સંબંધી જ ચર્ચા કરતો હોય, જેને મારો આશ્રય હોય, કૃષ્ણાશ્રય હોય. જેનામાં શરણાગતિ હોય, દ્રઢ ભરોસો હોય. વૈષ્ણવ સંપ્રદાયના શબ્દોમાં કહું તો આશરો એકનો, એક ધણીનો હોય. એના સિવાય બીજી કોઈ ચર્ચા નહીં. તો, જે શ્રવણ કરે, કથન કરે એને સંસારના કોઈ વિવિધ તાપ, કોઈ સમસ્યાઓ પરેશાન નથી કરી શકતી. કોને? જેનું ચિત્ત મારામાં પરોવાયેલું છે !એનામાં પરોવાઈ જાય, ફરી કથામાં પરોવાઈ જાય તો દુનિયાના કોઈ સંતાપો મને અને તમને કંઈ ન કરી શકે! પણ આપણુ ચિત એમાં રહે.

વેદાંતમાં એક કથા છે. એક સિંહણ ગર્ભવતી હતી. ખોરાકની શોધમાં જંગલમાં ફરતી રહેતી હતી. એક વખત શિકારની શોધમાં ક્યાંક જતી હતી ને રસ્તામાં નદી આવી. એણે તો નદીમાં છલાંગ લગાવી. આવી રીતે નદી પાર કરવાની તેને આદત હતી.

છલાંગ લગાવીને જ્યાં નદીમાં અડધે પહોંચી ત્યાં એને પ્રસવ થયો. બચ્ચું પાણીમાં પડી ગયું. મા તો સામે પાર જતી રહી. પશુના બચ્ચામાં કુદરતી રીતે પાણીમાં તરવાની શક્તિ હોય છે એટલે એ બચ્ચું તરવા લાગ્યું. પ્રવાહમાં તરતું તરતું દૂર નીકળી ગયું. એક કિનારા પર હરણોનું ઝૂંડ પાણી પીતું હતું. નાદાન સિંહનું બચ્ચું એ ઝૂંડમાં ભળી ગયું અને હરણોની સાથે રહેવા લાગ્યું. પોતે એ ભૂલી ગયું કે હું સિંહ છું, એ તો પોતાને પણ હરણ માનવા લાગ્યું. સંગદોષ થઈ ગયો.

આ વાતને ઘણો સમય વિત્યો હશે કે એક સિંહ શિકારની શોધમાં નીકળ્યો, જે આ હરણોનાં ઝૂંડને જોવે છે. હરણો તો સિંહને જોઇને ભાગે છે. એમાં પેલું બચ્ચું કે જે હવે તો મોટું થઈ ગયું હતું, તે પણ ભાગે છે. સિંહ જોઈ રહ્યો છે આ ઘટના! તેને થયું કે આ તો મારી જાતિનો છે અને હરણોનાં ઝૂંડમાં ભાગ્યો? કમાલ છે. હરણો ભાગી ગયા પણ સિંહે પેલા બચ્ચાંને પૂછ્યું કે તું તો મારી જાતિનો છે, આમાં કેમ? આપણી જાતિ એક છે. બચ્ચું માને નહિ જ ને. સિંહ તેને નદીના પાણીમાં લઈ ગયો અને પાણીમાં પ્રતિબિંબમાં બતાવ્યું કે જો,આપણે બંને એક જેવા જ છીએ. તું મારી જ જાતિનો છો. પછી સિંહે ગર્જના કરી અને બચ્ચાંને કહ્યું કે તું પણ દહાડ. એ બચ્ચાંએ જ્યારે ગર્જના કરી ત્યારે તેને પોતાની જાતનું ભાન થયું.

માણસ પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે પ્યારે! કોઈ ઘેટાંનાં ટોળામાં ભળી ગયું છે તો કોઈ બકરીનાં ટોળામાં. હરિનામ, હરિકથા વ્યક્તિને આત્મભાન કરાવે છે અને કલિ કલ્મષથી મુક્ત કરે છે. કથાથી કલિના પાપ મટી જાય છે. માણસને પોતાના મૂળ સ્વરૂપનું ભાન કરાવે, સુશોભિત કરે,આભૂષિત કરે અને વિભૂષિત કરે એનું નામ કથા. સૂનો રામકથા, ગાઓ રામકથા, સ્મરો રામકથા તમારાં કલિકલ્મષનો નાશ થઈ જશે. હરિની સ્મૃતિ સૌથી મોટું સુકૃત છે.

રામકથા એક વૈશ્વિક બુલાવા છે. આપણે પાંચ લોકોનું મનોરંજન નથી કરી શકતાં. મેરે ભાઈ-બહેન, આખો સંસાર રામકથામાં ઝૂમે છે, કેમ? કારણ કે ભગવાનની કથા કલિયુગના કલિ કલ્મષને હરે છે. તો આનાથી વધુ સરળ ઉપાય બીજો કયો હોઈ શકે? આપણામાં જે કલિયુગના મેલ હશે તેને છોડાવી દેશે રામકથા. ધીરે ધીરે છૂટશે. જૂઠું બોલવા જશો ને 'માનસ'ની ચોપાઈ યાદ આવશે તો જૂઠું બોલતાં બાધ્ય કરશે.

અસત્યમાં જીવવું, અપવિત્રતામાં જીવવું, હિંસક અને ક્રૂર બનીને જીવવું, નિર્દયી અને કઠોર બનીને જીવવું, નિરંતર ભયભીત રહેવું, આયુષ્ય ઓછું છે છતાં મારે આટલું કરી લેવું છે એવી સમજનો અભાવ અને ભગવદ્ સુમિરનનો વેગ ઘટી જવો, એ બધા કલિકલ્મષ છે.

તુલસી કહે છે દંભ, પાખંડ, દ્વેષ, કપટ, મદ, માર એ બધાં આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યા છે. લોકો કરશે તો પણ તામસ તપ, જપ કરશે. એકબાજુ આટલી ભીષણતા છે પાપોની અને બીજી તરફ કેટલું સરળ સાધન, ઉપાય છે કે સૂનો રામકથા, ગાઓ રામકથા અને સ્મરો રામકથા, તમારાં કલિકલ્મષનો નાશ થઈ જશે !

મેં કેટલીયે વાર કહ્યું છે કથામાં આનંદ આવે છે, કારણ કે કથા પાપોનો નાશ કરે છે. પાપ હી આનંદ નથી લેવા દેતાં. આનંદ તો આપણો સ્વધર્મ છે. આનંદ કંઈ ખરીદ કરવા નથી જવું પડતું, પણ પાપ છાયેલાં છે અને કથામાં આનંદ આવે છે, કારણ પાપ મિટે છે. મન રંજન થાય છે, કથામાં એ કામ કરી દીધું, આપણાં કલ્મષ મિટાવી દીધાં, આપણા સ્વરૂપનું આપણને ભાન કરાવી દીધું.

તમે થોડો સમય કથા શ્રવણ કરો છો તે વખતે સંસારને ભૂલો છો, સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિઓ, કેટલી સમસ્યાઓ ચુકાઈ જાય છે! કારણ કથા દરમિયાન ચિત્ત હરિમાં જોડાય છે. આ કળિયુગમાં જ્યારે મન અને સમય બંને મલિન છે, કાળ મલિન છે એવા સમયે ચિત્તને ભગવતસ્મરણમાં લગાવવા માટે કથા એક સફળ પ્રયોગ છે.

- સંકલનઃ જયદેવ માંકડ ■

## મગજ મંથન

# સત્ત્વ-રજસ ને તમસ ગુણ... મનુષ્ય સ્વભાવના આધાર સ્તંભ જેવા છે

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com




ભારતીય તત્ત્વજ્ઞાનમાં, ખાસ કરીને સાંખ્ય અને ભગવદ્ ગીતા જેવા ગ્રંથોમાં, સમગ્ર જગતને ત્રણ મૂળભૂત ગુણ વિશે સમજાવવામાં આવ્યું છે: સત્ત્વ (સતો ગુણ), રજસ (રજો ગુણ) અને તમસ (તમો ગુણ). આ ત્રણેય ગુણ કુદરતી, માનસિક અને આધ્યાત્મિક સ્તરે દરેક મનુષ્યમાં રહેલા છે. દરેકની અંદર આ ત્રણેય ગુણ છે, પરંતુ કયા ગુણનો પ્રભાવ વધુ છે તેના આધાર પર મનુષ્યનું વર્તન, વિચારધારા અને જીવનદૃષ્ટિ નક્કી થાય છે.

આ ત્રણેય ગુણ અગ્નિની ત્રણ અવસ્થાની જેમ છે પ્રકાશ, શક્તિ અને અંધકાર. એમાંથી કોઈ એકને દૂર કરી શકાય તેમ નથી, પરંતુ એને જાણીને સંતુલિત કરવું એ જ જીવનનું મૂલ્ય છે.

૧) સત્ત્વ ગુણ (સતો ગુણ):

સત્ત્વ ગુણ શાંતિ, શુદ્ધિ અને પ્રકાશનું સ્વરૂપ છે. સત્ત્વ ગુણનું મુખ્ય લક્ષણ શાંતિ, સ્પષ્ટતા, પવિત્રતા, જ્ઞાન અને સંતુલન છે. સત્ત્વ ગુણ વ્યક્તિને સાચા માર્ગે, સત્ય તરફ અને માનવતાવાદી વિચારધારા તરફ દોરી જાય છે. આ ગુણ ધરાવતી વ્યક્તિના વિચાર સ્વચ્છ, ભાષા મૃદુ અને વર્તન શિસ્તબદ્ધ હોય છે. સત્ત્વ ગુણ ધરાવતી વ્યક્તિ સકારાત્મક વિચારે છે. અજ્ઞાન કરતાં જ્ઞાનને પ્રાથમિકતા આપે છે. હાનિકારક અથવા હઠીલા નિર્ણય લેતી નથી. આવી વ્યક્તિ સૌમ્ય, મૃદુ અને સમાધાન પ્રિય હોય છે. અન્યના સુખ માટે જીવતી હોય છે.

* સત્ત્વ ગુણનાં લક્ષણો:

આ ગુણ ધરાવતી વ્યક્તિ પૂજા, જપ-તપ, યોગ-ધ્યાનમાં રસ ધરાવે છે. સેવા, દયા, ક્ષમાના ગુણ ધરાવે છે. દૂધ, ફળ, તાજાં શાકભાજી, અનાજ જેવો તેમનો સાત્ત્વિક આહાર હોય છે.

* સત્ત્વગુણ જીવનમાં કેવો પ્રભાવ પાડે છે?

સત્ત્વ ગુણ વધે ત્યારે મનુષ્ય આત્મજ્ઞાન તરફ આગળ વધે છે. જીવનમાં સંતોષ, સ્થિરતા આવે છે. ઓરા મંડળ તેજ બને છે. વસ્તુઓનું યથાર્થ જ્ઞાન થવા લાગે છે. સ્વ-કલ્યાણની સાથે સાથે જગતકલ્યાણ કરવા પ્રેરાય છે.

૨) રજસ ગુણ (રજો ગુણ):

ચંચળતા, ઈચ્છા અને પ્રવૃત્તિનું સ્વરૂપ છે. રજસ ગુણ ગતિ અને ઈચ્છાનું પ્રતિનિધિ છે. આ ગુણ વ્યક્તિને કાર્યશીલ બનાવે છે, પરંતુ સાથે સાથે અતિ ઈચ્છાઓ, લાલસા, મહત્ત્વાકાંક્ષા અને અશાંતિ પણ પેદા કરે છે. રજોગુણી વ્યક્તિ હંમેશાં કાંઈક હાંસલ કરવા, નામ મેળવવા, મોખરાનું સ્થાન મેળવવા માટે પ્રયત્ન કરતી રહે છે. રજસ ગુણ ધરાવતી વ્યક્તિ સખત મહેનત કરે છે, પણ ઘણીવાર અશાંત જોવા મળે છે. પ્રતિષ્ઠા અને પ્રશંસાની ઈચ્છા વધુ હોય છે. સફળતા-અસફળતા એને માનસિક રીતે વધુ અસર કરે છે. ક્રોધ અને ઉત્સાહ વચ્ચે સતત ફેરફાર રહ્યા કરે છે.

* રજસ ગુણનાં લક્ષણઃ

રજસ ગુણ ધરાવતી મોટે ભાગે વ્યક્તિ વેપાર અને સ્પર્ધામાં જોવા મળે છે. રાજકારણ તેમને ગમતી વાત છે. સત્તાની લાલસા રહ્યા કરે છે. દેખાવ અને નામ માટે કાર્ય, રજો ગુણી લોકોના આહારમાં તીખાં, તેલવાળાં, મસાલેદાર અને ગરમ તેજાના યુક્ત વ્યંજનો વધુ હોય છે.

* રજસ માણસને શું આપે છે?

રજસ માણસને પ્રગતિ તરફ પ્રેરિત કરે છે, નવાં કાર્ય કરવા ઉત્સાહિત કરે છે, પરંતુ જો રજસ ગુણનો અતિરેક થાય તો મનુષ્ય તણાવ, ચિંતાઓ, હિંસા, અહંકાર અને અશાંતિમાં ફસાઈ જાય છે. એટલે રજસ જરૂરી છે, તેમ છતાં નિયંત્રિત રહેવું જરૂરી છે.

૩) તમસ ગુણ (તમો ગુણ):

તમો ગુણ એ અજ્ઞાન, આળસ અને અંધકારનું સ્વરૂપ છે. તમસ ગુણનું મૂળ સ્વરૂપ અંધકાર, આળસ, મોહ, ભય, અને સ્થિરતા છે. આ ગુણ શરીરને આરામ આપે છે, પરંતુ તે વધુ વધે ત્યારે મનુષ્યમાં નિષ્ક્રિયતા, અજ્ઞાન, તર્કહિનતા અને નૈતિક મૂલ્યોની અવગણના જોવા મળે છે. તમસ ગુણ ધરાવતી વ્યક્તિ નિર્ણય લેવામાં ધીમી હોય છે. જવાબદારીથી દૂર ભાગે છે. વિચારોમાં ગૂંચવાયેલી રહે છે. તેમનામાં આળસ અને ઉદાસીનતા વધારે હોય છે. નકારાત્મકતા અને અંધવિશ્વાસ તરફ વળે છે.

* તમસનાં ઉદાહરણઃ

તમસ ગુણ ધરાવનાર વ્યક્તિ દારૂ, તમાકુ, ડ્રગ્સ જેવાં વ્યસનની ટેવ ધરાવે છે. આવી વ્યક્તિમાં અતિ નિંદ્રા હોય છે અને આળસુ હોય છે. અંધવિશ્વાસ ધરાવનાર હોય છે. નબળા સંસ્કાર ધરાવે છે.

તામસિક લોકોના આહારની વાત કરીએ તો તે વાસી અને પચવામાં ભારે ખોરાક ખાય છે.

* તમસનું પરિણામ કેવું હોય છે?

તમસ વધવાથી જીવનમાં નૈતિક મૂલ્યનો હ્રાસ થાય છે, સતત કંટાળો અનુભવે છે. તેમનામાં અનુશાસનનો અભાવ જોવાં મળે છે, અર્થહીનતા વધે છે, પરંતુ તમસને સંપૂર્ણ રીતે દૂર કરવો શક્ય નથી, કેમ કે શરીરને આરામ અને નિંદ્રા પણ તમસના કારણે જ મળે છે. એટલે તમસનું પ્રમાણ નિયંત્રિત અને સ્વસ્થ માત્રામાં જરૂરી છે.

* ત્રણેય ગુણ વચ્ચેનું સંતુલનઃ

જીવનમાં સફળતા, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે આ ગુણોનું સંતુલન જ અત્યંત મહત્ત્વનું છે.

વ્યક્તિએ રજસનો ઉપયોગ કર્મ માટે, સત્ત્વનો ઉપયોગ જ્ઞાન અને દિશા માટે તેમ જ તમસનો ઉપયોગ શારીરિક આરામ માટે કરવો જોઈએ.

* આ ગુણોમાં વધારો કે ઘટાડો કેવી રીતે કરી શકાય?

સત્ત્વ ગુણ વધારવોઃ

ધ્યાન, યોગ, સાત્ત્વિક આહાર, સદ્‌ગ્રંથ વાચન અને સારા સંગ દ્વારા સત્ત્વ ગુણ વધારી શકાય.

રજસ ગુણ વધારવોઃ

લક્ષ્યાંક નક્કી કરવો અને સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવો, કાર્યક્ષમતામાં વધારો કરવાથી રજસ ગુણમાં વધારો કરી શકાય છે.

રજસ ઘટાડવોઃ જરૂરી આરામ, મનને શાંત રાખવાથી અને ઈર્ષ્યા, ક્રોધ ઘટાડવાથી રજસ ગુણમાં ઘટાડો કરી શકાય છે.

તમસ વધારવોઃ

રાત્રે નિંદ્રા, શરીરને આરામ આપવાથી તમસ ગુણમાં વધારો કરી શકાય છે.

તમસ ઘટાડવોઃ

સવારનો સૂર્યપ્રકાશ લેવાથી, જરૂરી વ્યાયામ કરવાથી અને સકારાત્મક કાર્ય કરવાથી તમસ ગુણમાં ઘટાડો કરી શકાય છે.

નિષ્કર્ષ:

સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણેય ગુણો જગત અને મનુષ્ય સ્વભાવના આધારસ્તંભો છે. કોઈ પણ ગુણ સારો કે ખરાબ નથી; તેનું અસંતુલન જ સમસ્યા છે.

જીવનમાં સત્ત્વનું પ્રમાણ વધુ, રજસનું નિયંત્રણપૂર્વક અને તમસનું જરૂરી માત્રામાં રહેવું જ સર્વોત્તમ છે.

જો માણસ સત્ત્વને પોતાનું માર્ગદર્શક બનાવે, રજસને કાર્ય માટે વાપરે અને તમસને આરામ માટે નિયંત્રિત રાખે, તો તેનું જીવન સુંદર, સંતુલિત અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બની શકે છે. ■

# સંસાર તમને દુર્ગમનો નાશ કરનારી માતા દુર્ગા તરીકે પૂજશે...

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

દેવગુરુ બૃહસ્પતિ અને દેવર્ષિ નારદ ચર્ચામગ્ન હોય છે કે ત્યાં દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણો પધારે છે અને આવી પડેલી વિપદા માટે માર્ગદર્શન માગે છે. દેવર્ષિ નારદ તેમને કૈલાસ જવા કહે છે. દેવરાજ ઇન્દ્ર બ્રહ્માજીને પણ સાથે લઈ જવાનું સૂચન કરે છે. સમસ્ત દેવગણો બ્રહ્મલોક પહોંચી બ્રહ્માજીને તેમની સાથે આવવા વિનંતી કરે છે. બ્રહ્માજી સમસ્ત દેવગણોની વિનંતીને માન આપી તેઓ કૈલાસ પહોંચે છે. મોટી સંખ્યામાં આવેલા દેવતાઓનું ભગવાન શિવ સ્વાગત કરે છે. દેવર્ષિ ભગવાન શિવને કહે છે, 'પ્રભુ સંસારમાં ક્યાંય ધર્મનું આચરણ દેખાતું નથી, ચારેય વેદ બંદી હોવાથી વરુણદેવ વર્ષા કરી શકતા નથી. સંસારમાંથી ફળ ફૂલ સમાપ્ત થઈ ગયા છે. સંસારવાસીઓની રક્ષા કાજે ચારેય વેદને મુક્ત કરવા અનિવાર્ય થઈ ગયા છે. તમે આ સંસારના સ્વામિ છો તમારે તેમની રક્ષા કરવી આવશ્યક છે.' ભગવાન શિવ કહે છે, 'હું બ્રહ્મ વાક્યને ક્યારેય ખોટું નહીં પડવા દઉં. તમારે જગતજનની તમારી માતા શક્તિ એટલે પાર્વતીના શરણે જવું જોઈએ તેઓ જ ચારેય વેદને મુક્ત કરાવી શકે.' આટલું સાંભળતા જ દેવગણો માતા પાર્વતીને શોધવા માંડે છે. માતા પાર્વતી કૈલાસ ખાતે ક્યાંય ન મળતાં બ્રહ્માજી તેમને કહે છે, 'પાર્વતી હિમાલયની હારમાળામાં તપ કરવા બેઠાં છે. ચાલો ત્યાં જઈએ.' બ્રહ્માજીની આજ્ઞા થતાં સમસ્ત દેવગણ હિમાલયની હારમાળા ખાતે પહોંચે છે, તેઓ જુએ છે કે સામેના પર્વત પર માતા પાર્વતી તપમાં લીન છે. દેવગણો માતા પાર્વતીની આરાધના શરૂ કરે છે. માતા પાર્વતી તેમના તપમાંથી બહાર આવતાં નથી. અંતે દેવર્ષિ નારદ કહે છે, 'રક્ષા કરો માતા રક્ષા કરો, ત્રાહિમામ્ માતા ત્રાહિમામ્.' દેવર્ષિ નારદના સ્વરથી માતા પાર્વતીનું તપ ખંડિત થાય છે. દેવરાજ ઈન્દ્ર કહે છે, 'દુર્ગમાસુરનો આતંક સમસ્ત દેવગણ અને સંસારવાસીઓ માટે અસહ્ય છે, દુર્ગમાસુરે ચારેય વેદને બંદી બનાવતાં સંસાર ચક્ર સ્થગિત થઈ ગયું છે માતા, સમસ્ત પૃથ્વીવાસીઓ જળ અને ફળ માટે તલસી રહ્યાં છે.' દેવરાજ ઇન્દ્રની વાત સાંભળતાં માતા પાર્વતીએ પોતાની નજર સંસારવાસીઓ પર પાડી, તેમના હૃદયમાં માતૃવાત્સલ્યતા જાગી આવી. જગતજનની માતા પાર્વતીના હૃદયમાંથી એક ચારહાથવાળી એક દેવી કમળ, બાણ, ધનુષ્ય અને ફળ-ફૂલ લઈને પ્રગટ થઈ. આ



કરુણામયી જગતજનની પ્રગટેલી માતા શક્તિ સંસારવાસીઓનું દુઃખ જોઈ ન શકતાં તેઓના નયન અશ્રુભીના થઈ ગયા અને તેમની આંખોમાંથી અસંખ્ય અશ્રુઓની ધારાઓ વહેવા લાગી. એ અશ્રુઓની ધારાઓ એટલી ગતિમય હતી કે સમસ્ત સંસારમાં નદીઓનાં નીર તરીકે વહેવા માંડી, સમસ્ત સંસાર પાણીમય થઈ ગયું. માતાના ચોથા હાથમાં ફળ-ફૂલ હતા એ ત્યાંથી અદૃશ્ય થતાં જ સંસારના દરેક છોડ, લતાઓ અને વૃક્ષો ફળ-ફૂલ મય બની ગયાં. સમસ્ત દેવગણ હર્ષ અનુભવી રહી હતી. દેવર્ષિ નારદ સહિત સમસ્ત દેવગણ માતા શાકંભરીનો જયજયકાર કરવા લાગી.

* * *

દેવર્ષિ નારદઃ 'માતા તમારા પ્રાગટ્યથી સમસ્ત સંસારવાસીઓ પ્રસન્ન થઈ રહ્યાં છે. સંસારમાં પાણી અને ફળ-ફૂલ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. માતા હવે દુર્ગમાસુરના બંદી એવા ચાર વેદને મુક્ત કરવા અનિવાર્ય છે.'

આટલું સાંભળતાં જ માતા શાકંભરી ફરી માતા પાર્વતીના હૃદયમાં સમાઇ ગયા.

માતા પાર્વતીઃ 'દેવતાગણ વિચલીત ન થાઓ, હું હમણાં જ દુર્ગમાસુરને આદેશ આપીશ કે ચારેય વેદને મુક્ત કરે.'

દેવર્ષિ નારદઃ 'માતા દુર્ગમાસુરે તમારો આદેશ માનવો અનિવાર્ય છે, અન્યથા એનો વિનાશ નિશ્ચિત છે.'

ક્રોધિત માતા પાર્વતી દુર્ગમાસુરને પ્રગટ થવા આહ્વાન આપે છે. માતા પાર્વતીનો આહ્વાન સાંભળી દુર્ગમાસુર તેમની સમક્ષ પ્રગટ થાય છે.

દુર્ગમાસુરઃ 'હે સુંદરી! તમારા મુખ પર આટલો ક્રોધ કેમ છે.'

માતા પાર્વતીઃ 'હે પાપી દુર્ગમાસુર હું તને આદેશ આપું છું કે ચારેય વેદને તુરંત મુક્ત કર.'

દુર્ગમાસુરઃ 'સુંદરી! તું કહે તો હું આ સંસારને પણ મુક્ત કરી શકું છું, પણ પહેલા તું વચન આપ કે વેદને મુક્ત કર્યા બાદ તું મને વરીશ.'

માતા પાર્વતીઃ 'હે મૂર્ખ દુર્ગમાસુર તને ખબર નથી કે શક્તિનો એકમાત્ર આશ્રય શિવ છે. અત્યાર સુધી મને લાગતું હતું કે તું પાપી છે પણ તું તો મૂર્ખ પણ નિકળ્યો, જા ચારેય વેદને મુક્ત કરે, અન્યથા.........'

દુર્ગમાસુરઃ 'અન્યથા... શું કરી લેશે તું સુંદરી?'

માતા પાર્વતીઃ 'શિવની શિવા પર કુદૃષ્ટિ નાખનાર દુર્ગમાસુર તારો અંત નિશ્ચિત છે. લે તારા દુઃસાહસનું ફળ.'

આટલું કહી માતા પાર્વતીના હૃદયમાંથી અષ્ટભૈરવી પ્રગટ થાય છે. એ અષ્ટભૈરવી દેવી દુર્ગમાસુર પર આક્રમણ કરે છે, પણ બળશાળી દુર્ગમાસુર એ આક્રમણને ખાળી દે છે. દુર્ગમાસુરની મુખાગ્નિમાંથી નીકળેલી અગ્નિ અષ્ટભૈરવી સહન કરી શકતી નથી અને રાખ થઈ જાય છે.

દુર્ગમાસુરઃ 'સુંદરી મારી અતુલ્ય વરદાની ત્રિલોક વિજેતા દુર્ગમાસુરની શક્તિ' સામે તારી તુચ્છ શક્તિ ક્યારેય ટકી નહીં શકે! હવે વ્યર્થમાં પોતાનો સમય બરબાદ ન કર, મારી શરણોમાં આવી જા, અન્યથા ચારેય વેદની જેમ તને પણ પાતાળલોકમાં બંદી બનાવીશ.'

દુર્ગમાસુરઃ 'સુંદરી મેં પહેલા જ કહ્યું હતું કે મારી અતુલ્ય શક્તિ' સામે તારી તુચ્છ શક્તિ ક્યારેય ટકી નહીં શકે. હવે વધુ સમય વ્યતીત ન કર અને મારી રાણી બની જા.'

આઠ દિવસ સુધી માતા પાર્વતી અને દુર્ગમાસુર વચ્ચે યુદ્ધ ચાલે છે. દુર્ગમાસુર એક પછી એક મોટાં શસ્ત્રોનો ઉપયોગ માતા પાર્વતી પર કરે છે પણ માતા પાર્વતી એ શસ્ત્રોને નિસ્તેજ કરી નાખે છે.

માતા પાર્વતીઃ 'દુર્ગમાસુર હજી મોકો છે ચારેય વેદને મુક્ત કર.'

કોઈપણ વાત ન સમજતા દુર્ગમાસુરનો અંત લાવવા માતા પાર્વતી વિરાટ રૂપ ધારણ કરે છે અને પોતાના ચરણ પ્રહારથી દુર્ગમાસુરને પાતાળલોક મોકલી આપે છે. બળશાળી દુર્ગમાસુર ફરી પાતાળલોકથી ઉપર આવે છે અને માતા પાર્વતી પર આક્રમણ કરવાની કોશિશ કરે છે, અંતે માતા પાર્વતી વધુ ક્રોધિત થાય છે અને તેમના દસ દેવીઓ પ્રગટ થાય છે જેમનું નામ છે કાલી, તારા, છિન્નમસ્તા, શ્રી વિદ્યા, ભુવનેશ્વરી, ભૈરવી, બગલા, ધૂમા, ત્રિપુરા અને માતંગી. આ બધી દેવીઓ મળીને દુર્ગમાસુરની સો અક્ષૌહિણી સેનાનો નાશ કરે છે. પોતાની સેનાનો નાશ થતો જોઈ દુર્ગમાસુર ગભરાઈ જાય છે. એ ક્ષણે જ માતા પાર્વતીનું ત્રિશુળ દુર્ગમાસુરના શરીરને વિંધી નાખે છે. દુર્ગમાસુરનો અંત થાય છે. દેવતાઓ માતા પાર્વતીનો જયજયકાર કરે છે. દુર્ગમાસુરનો અંત થતાં જ ચારેય વેદ મુક્ત થાય છે અને બ્રહ્મલોકમાં ફરી નિવાસ કરતાં સંસારમાં ચક્ર ફરી ગતિમાન થાય છે.

***

માતા પાર્વતી સાથે સમસ્ત દેવગણ કૈલાસ પહોંચે છે. માતા પાર્વતીને સાથે આવેલા જોઈ ભગવાન શિવ હર્ષ અનુભવે છે. દેવગણ માતા પાર્વતી અને ભગવાન શિવનો જયજયકાર કરે છે.

ભગવાન શિવઃ 'હે શક્તિસ્વરૂપા પાર્વતી તમે સંસારચક્રને ગતિમાન રાખવા દુર્ગમનો વિનાશ કર્યો છે. આ સંસાર તમને દુર્ગમનો નાશ કરનારી માતા દુર્ગા તરીકે પૂજશે.' (ક્રમશઃ)■

---

## ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# સ્વભાવસ્તુ પ્રવર્તતે
# સ્વભાવ અનુસાર બધું અસ્તિત્વમાં આવે છે



દર વખતે એ પ્રશ્ન પુછાતો હોય છે કે શું આ બધું ઈશ્વર કરે છે કે પછી માનવીના પ્રયત્નો અનુસાર બધું થઈ રહ્યું છે. જે કંઈ થઈ રહ્યું છે તે શું અકસ્માત છે કે એક વિશાળ યોજનાના ભાગ સ્વરૂપે છે. જો આ બધું ઈશ્વર કરતો હોય તો તેનું પ્રયોજન શું અને ઈશ્વર ન કરતો હોય તો પછી જે કંઈ થઈ રહ્યું છે તેની પાછળનું પ્રેરક બળ કયું. ગીતાના આ કથનમાં આ પ્રશ્નનો જવાબ મળી રહે છે.

સ્વભાવ અનુસાર બધું જ અસ્તિત્વમાં આવે છે. ગીતાનું આ એક સર્વ સ્વીકૃત વિધાન છે. એ પ્રશ્ન દર વખતે પુછાતો હોય છે કે જે કંઈ થઈ રહ્યું છે તેની પાછળ પરિબળ કયું છે. જે કંઈ ઘટના અસ્તિત્વમાં આવે છે તેની પાછળનાં કારણ કયાં છે. કેવાં પ્રકારની પરિસ્થિતિમાં કેવાં પ્રકારનું પરિણામ ઊભરે છે. આ બધાંનું કોઈ સંચાલન કરે છે કે બધું જ આપમેળે અસ્તિત્વમાં આવે છે. શું જે કંઈ થઈ રહ્યું છે એ અકસ્માત સ્વરૂપ છે કે એક સ્થાપિત પરંપરા પ્રમાણે. જે કંઈ થઈ રહ્યું છે તે કોઈ વ્યવસ્થિત વ્યવસ્થાનો ભાગ છે કે કારણ વગર ઉદ્ભવતું પરિણામ છે. આ પ્રશ્નનો જવાબ શ્રીકૃષ્ણ સરળતાથી આપી દે છે. આ જવાબ અન્ય સનાતની સંસ્કૃતિના શાસ્ત્રમાં પણ જોવા મળે છે. આ અંતિમ જવાબ છે.

અહીં સૌ પ્રથમ તો શ્રીકૃષ્ણ ઈશ્વરના હસ્તક્ષેપની વાતનો છેદ ઉડાડે છે. તેઓ જણાવે છે કે કર્તાપણાને, કર્મને કે કર્મના પરિણામે ઉદ્ભવતા ફળને ઈશ્વર સર્જતો નથી. આ બધું તો સ્વભાવ પ્રમાણે જ પ્રવૃત્ત થાય છે. કર્તાપણું અહંકારને લીધે સ્થાપિત થાય. કર્તાપણા પાછળ કોઈ હેતુ હોય, ઉદ્દેશ્ય હોય. કર્તાપણું પુરુષાર્થ આધારિત હોય અને પુરુષાર્થ પાછળ ધર્મ, અર્થ, કામ અથવા મોક્ષની ભાવના છુપાયેલી હોય. આ ભાવના પ્રમાણે પુરુષાર્થ જે તે પરિણામ આપે. અર્થાત કર્તાપણું પરિણામ લક્ષી છે, તે સવિકલ્પ છે, તે નિર્ધારિત લક્ષ્ય માટે છે, તે સંકલ્પ આધારિત છે. ઈશ્વરનો હાથ આમાં ન હોય. ઈશ્વર તો વ્યક્તિને નિષ્કામ કર્મ કરવાની પ્રેરણા આપે. જે ધર્મ હોય, જે ઉત્તરદાયિત્વ હોય, જે નિમિત્ત કર્મ હોય તેને નિભાવવાનું ઈશ્વર પરોક્ષ સૂચન કરે. કર્તાપણાની સ્થાપના એ ઈશ્વરનું કાર્ય નથી.

કર્મની સ્થાપના પણ ઈશ્વરનું કાર્ય નથી. પ્રત્યેક દેહધારીએ કર્મ તો કરવું જ પડે. કર્મ વિના તેનું અસ્તિત્વ જ ટકી ન શકે. કર્મ એ અસ્તિત્વનો સ્વાભાવિક ધર્મ છે. જન્મની સાથે કર્મ ઉદભવે છે, કર્મની સ્થાપના માટે અન્ય કોઈ પ્રયત્નની જરૂર નથી. હા, પુરુષાર્થલક્ષી કર્મ સહેતુક હોય. પણ તેમાં ઈશ્વરની પ્રેરણા ન હોય. ધર્મનું પાલન એ ઉત્તરદાયિત્વ છે, અર્થની પ્રેરણા એ ભવિષ્યના કામનો આધાર છે, કામ એ વર્તમાનમાં ઉદ્ભવેલી આશા અને અપેક્ષા છે, જ્યારે મોક્ષ અંતિમ ગતિ તરફનું પ્રયાણ છે. સ્થાપિત ઉત્તરદાયિત્વ જન્મ અને સંજોગોને આધારે નિર્ધારિત થાય. કામ અને અર્થ બંધનના કારણ સમાન છે. મોક્ષ તરફની ગતિ માટેના વિવિધ સંભવિત માર્ગ તથા તે માટે જરૂરી માનસિક ભૂમિકા સ્પષ્ટ પણે નિર્ધારિત થયેલ છે. ઈશ્વરે કંઈ કરવાનું બાકી નથી. આ બધું સજીવની ચેષ્ટાથી સ્થાપિત થાય છે. આ બધું પણ સ્વભાવ અનુસાર અસ્તિત્વમાં આવે છે.

કયું કર્મ કરવાથી કયું ફળ પ્રાપ્ત થશે તેનું નિર્ધારણ તો પહેલેથી થઈ ચૂક્યું છે. શુભ કર્મનું ફળ શુભ મળે અને અશુભનું અશુભ. આમાં ઈશ્વરના સંમિલિત થવાની સંભાવના જ નથી. કર્મ તથા તેના ફળનો સંયોગ, કાર્ય તથા તેનાં કારણનું સમીકરણ, ભાવ તથા તેને આધારે સ્થપાતો પ્રતિભાવ, ક્રમણના વિરોધી તરીકે સ્વીકારાયેલું પ્રતિક્રમણ - આ અને આવી બાબતો સિદ્ધાંત આધારિત હોય છે. આ બધું સૃષ્ટિના નિયમો પ્રમાણે કાર્યરત થાય. સૃષ્ટિનું પ્રત્યેક તત્ત્વ તેના ગુણધર્મો અનુસાર પરિણામ આપે.

ગીતાના આ શ્લોકનો અર્થ થાય છે કે સ્વભાવથી જ વસ્તુઓ પોતાની રીતે વર્તે છે. દરેક તત્ત્વ, પદાર્થ અથવા પ્રાણી પોતપોતાના સ્વભાવ અનુસારનું વર્તન કરે છે. કુદરતી ધોરણે જેવો સ્વભાવ હોય તે પ્રમાણેનું પરિણામ તેનાં થકી સ્થાપિત થાય. જેવો સ્વભાવ હોય તેવું વર્તન થવાનું સામાન્ય છે. અગ્નિનો સ્વભાવ દાહ આપવાનો છે, તે બાળવાનું જ કામ કરે, તેનાથી ક્યારેય શીતળતા સ્થાપિત ન થઈ શકે. તેવી જ રીતે પાણીના જે તે સ્વભાવને કારણે તે અગ્નિનું વિરોધી બને, તે શીતળતા આપે, એનામાં પ્રવાહિતતા હોય. હા, નિયમ બધાને દરેક સ્વરૂપે લાગુ પડે. સમગ્ર સૃષ્ટિ અને સૃષ્ટિના ઉદ્ભવનું કારણ માયા પણ પોતાનાં સ્વભાવ અનુસાર કાર્યરત થાય.

એક વિચારધારા પ્રમાણે પ્રકૃતિ અને સ્વભાવમાં સૂક્ષ્મ તફાવત છે. સ્વભાવ સાથે સ્વ જોડાયેલો હોય છે જ્યારે પ્રકૃતિ સાથે પર સંકળાયેલું હોય છે. તેથી જ્યારે સ્વયંની વાત કરવાની હોય ત્યારે સ્વભાવનો પ્રયોગ થાય અને જ્યારે અન્યની વાત કરવાની હોય ત્યારે પ્રકૃતિ શબ્દનો પ્રયોગ વધુ થતો જોવા મળે છે. જોકે આ બંને શબ્દોમાં સામ્ય પણ છે. મૂળ વાત એ છે કે જેનાથી પરિણામ અસ્તિત્વમાં આવે છે તેની પાછળ પ્રકૃતિ છે અથવા સ્વભાવ છે અથવા બંને છે.

સૃષ્ટિની રચના એ જ રીતે નિર્ધારિત થઈ છે કે અહીં કાર્ય-કારણનો સંબંધ કાયમી અને અફર રહે. ઈશ્વર ચાહે તો પણ તેમાં વિક્ષેપ ન પાડી શકે. આ વિક્ષેપ માટેના પણ નિયમ છે. બધું જ વ્યવસ્થિત છે. બધું જ સુનિશ્ચિત છે. બધું જ તર્કસંગત છે. બધું જ આશીર્વાદ સમાન છે, કારણ કે આ પ્રકારની નિયમબદ્ધતાને કારણે જ જે તે નિર્ણય સરળતાથી લઈ શકાય છે.

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જોખમ | ઢીલું |
| જોડાણ | ઘડપણ |
| જોબન | કમજોર |
| જોરાવર | ભંગાણ |
| જોશીલું | સલામતી |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | | | ■ | | ■ | |
| ૯ | | ૧૦ | | ■ | ■ | ૧૧ | | ૧૨ | |
| | ■ | | ■ | ૧૩ | | | ■ | | ■ |
| ■ | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | | | |
| ૧૬ | ૧૭ | | | ■ | ૧૮ | | ■ | | ■ |
| ■ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | ■ | ૨૧ |
| ૨૨ | | ૨૩ | | ■ | ■ | ૨૪ | | ૨૫ | |
| | ■ | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | |
| ૨૮ | | | | | ■ | ૨૯ | | | |

**આડી ચાવી**

૧. નાખુશી, ખોફ (૪)
૪. પરંપરાગત (૫)
૭. પર્વત (૨)
૮. રીંગણું (૩)
૯. --- થવું=કામમાં આવવું, અર્થ સરવો (૪)
૧૧. જોગવાઈ, અનુકૂળતા (૪)
૧૩. સંધિ, સમાધાન (૩)
૧૪. વિષ, ઝેર (૨)
૧૫. બારી (૪)
૧૬. --- ચૂક્યા મેહુલા (૪)
૧૮. વિશિષ્ટ, અસાધારણ (૨)
૧૯. નાવ, મોટો મછવો (૩)
૨૨. દેવની સ્ત્રી (૪)
૨૪. પાસે (૪)
૨૬. એક વાદ્ય (૩)
૨૭. આકાશમાંથી પડતા કુદરતી બરફના કકડા (૨)
૨૮. સમાચાર (૫)
૨૯. બેફિકરું, જડ (૪)

**ઊભી ચાવી**

૧. અસ્વીકાર, નામંજૂરી (૪)
૨. સુગંધ માટે વપરાતી એક વનસ્પતિ (૩)
૩. સજીવ, જીવતું (૩)
૪. પવિત્ર (૨)
૫. ફૂલમાંની રજ (૩)
૬. કોટિ, સો લાખ (૩)
૧૦. હાથી (૨)
૧૧. સાથ, સંગાથ (૪)
૧૨. કંકણ, કડું (૩)
૧૩. ---માં સાંભરે સોની (૨)
૧૪. પતિપત્ની (૪)
૧૭. કોઠાર, જથ્થાબંધ માલ ભરવાની દુકાન (૩)
૧૮. ખનીજ પદાર્થો કાઢવા માટે ખોદેલો ખાડો (૨)
૨૦. ઝંડો, વાવટો (૨)
૨૧. ભયાનક, ડરામણું (૪)
૨૨. ઘાટીલું (૩)
૨૩. સોનાચાંદીની પાતળી પતરી (૩)
૨૪. રત્ન (૩)
૨૫. પુત્ર (૩)
૨૬. કસ, સત્ત્વ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શિ | ૨ વા | લ | ૩ ય | ■ | ૪ પ્ર | ૫ વે | શ | ૬ પ | ૭ ત્ર |
| ૮ ક | સ | ■ | ૯ દા | ૧૦ ન | વી | ર | ■ | ૧૧ દ | યા |
| ૧૨ સ્ત | વ | ૧૩ ન | ■ | ૧૪ વ | ણ | ■ | ૧૫ ન | વિ | ન |
| ■ | ■ | ૧૬ દા | ન | ત | ■ | ૧૭ વા | ■ | ■ | ન |
| ૧૮ ધ | ૧૯ રા | ર | ■ | ર | ■ | ૨૦ ચા | ૨૧ ન | ૨૨ ક | ■ |
| ■ | ૨૩ મ | દ | ૨૪ દ | ■ | ૨૫ હ | ■ | ૨૬ જા | મી | ન |
| ૨૭ સૂ | ■ | ■ | રું | ■ | ૨૮ ર | સિ | ક | ■ | ■ |
| ૨૯ ધ | ૩૦ ડા | કો | ■ | ૩૧ ક | દ | ■ | ૩૨ ત | ૩૩ મા | લ |
| ૩૪ બૂ | મ | ■ | ૩૫ મ | રા | મ | ૩૬ ત | ■ | ૩૭ હે | ડ |
| ૩૮ ધ | ર | ણી | ધ | ર | ■ | ૩૯ મ | હુ | ર | ત |

### માતૃભાષાની મહેક

જીવનમાં સતકર્મ કરવા કે કુકર્મ એ અંગત મુન્સફીની વાત છે. જાણીતી કહેવત છે કે 'પાપ કરતાં વાળિયે ને ધરમ કરતાં હા, બે મારગ બતલાવિયે, પછી ગમે ત્યાં તું જા.' ધરમમાં આગળ વધતા રહેવું અને પાપ - દુષ્કર્મ કરતાં હોય તો પાછા વળવું એ બે માર્ગ આપણી સમક્ષ હોય છે. પસંદગી જાતે કરવાની છે.

### ઓળખાણ પડી?



સીતામૈયાનાં સ્વતંત્ર મંદિરો પણ છે. સીતાજી જાતને સમર્પિત કરી પૃથ્વીમાં સમાઈ ગયાં હતાં એ સીતામઢી મંદિર કયા રાજ્યમાં છે?

અ) મધ્ય પ્રદેશ બ) ઉત્તર પ્રદેશ ક) આંધ્ર પ્રદેશ ડ) હિમાચલ પ્રદેશ

### સુડોકુ-૯૧૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૯ | | | ૪ | |
| ૭ | | ૫ | | | | | | |
| ૪ | ૯ | | ૬ | | ૩ | ૭ | | |
| ૬ | | | ૪ | | ૧ | | ૫ | |
| ૫ | | | | | | | | ૭ |
| | ૨ | | ૯ | | ૫ | | | ૧ |
| | | ૨ | ૫ | | ૭ | | ૮ | ૬ |
| | | | | | | ૨ | | ૪ |
| | ૮ | | | ૧ | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-૯૧૮૫**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૭ | ૪ | ૮ | ૫ | ૯ | ૬ | ૩ |
| ૬ | ૮ | ૪ | ૯ | ૧ | ૩ | ૫ | ૭ | ૨ |
| ૩ | ૫ | ૯ | ૭ | ૨ | ૬ | ૪ | ૧ | ૮ |
| ૯ | ૨ | ૩ | ૮ | ૬ | ૧ | ૭ | ૫ | ૪ |
| ૧ | ૭ | ૬ | ૨ | ૫ | ૪ | ૩ | ૮ | ૯ |
| ૮ | ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૧ | ૨ | ૬ |
| ૫ | ૬ | ૮ | ૧ | ૩ | ૯ | ૨ | ૪ | ૭ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૪ | ૮ | ૬ | ૯ | ૧ |
| ૪ | ૯ | ૧ | ૬ | ૭ | ૨ | ૮ | ૩ | ૫ |

### ગુજરાત મોરી મોરી રે

૧૯૬૪થી શ્રી રામ જય જય રામના અખંડ જાપ અવિરત થઈ રહ્યા છે એ બાળ હનુમાનનું મંદિર ગુજરાતના કયા શહેરમાં આવ્યું છે?

અ) જામનગર બ) પાટણ
ક) વેરાવળ ડ) કલોલ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પાને પડેલું પાલવી લેવું' પંક્તિમાં 'પાલવી લેવું' શબ્દનોઅર્થ શું થાય એ જણાવો.

અ) પ્રવેશવા દેવું બ) સ્વાગત કરવું ક) ગણતરી કરવી ડ) નિભાવી લેવું

### ઈર્શાદ

*વૃદ્ધોની મશ્કરી જે કરે બાળક સાથે તકરાર,*
*નારીને માન આપે નહીં તે મૂરખનો સરદાર.*

*--- લોક રચના*

### માઈન્ડ ગેમ

૬.૫ કરોડના વ્યવસાયિક રોકાણમાં જો કુલ ૧૫% નુકસાન થયું હોય તો પછી હાથમાં કેટલી રકમ આવી એ ગણતરી કરી જણાવો.

અ) ૪,૯૨,૫૦,૦૦૦ બ) ૫,૧૦,૫૦,૦૦૦
ક) ૫,૫૨,૫૦,૦૦૦ ડ) ૫,૬૦,૨૫,૦૦૦

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| જીર્ણ | નવીન |
| જીવંત | દિવંગત |
| જીવન | મરણ |
| જીત | હાર |
| જિજ્ઞાસુ | ઠોઠ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
અરવલ્લી

**ઓળખાણ પડી?**
ગુજરાત

**માઈન્ડ ગેમ :**
૨,૯૨,૫૦૦

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
રાજી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટરિયા (૪) વિપીન શાહ (૫) શ્રદ્ધા આશર (૬) નૂતન વિપીન શાહ (૭) હર્ષા મહેતા (૮) જ્યોતિ ખાંડવાલા (૯) ભારતી બુચ (૧૦) મહેશ સંઘવી (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) પુષ્પા પટેલ (૧૫) કમલ માતલિયા (૧૬) નયના ગિરીશ મિસ્ત્રી (૧૭) ભરત કજરિયા (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કિરીટ છેડા (૨૪) ખુશરૂ કાપડિયા (૨૫) ચેતના છેડા (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અંજુ ટોલિયા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) અલકા વાણી (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ઈનાક્ષીબેન દલાલ (૩૩) હિનાબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) પ્રવીણ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) પ્રકાશ કટકિયા (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭)મહેશ દોશી (૪૮) મૂળરાજ કપૂર

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# આવકાર નવા વર્ષને, સંતોની વાણીના સથવારે...



૨૦૨૫ના વર્ષે વિદાય લઈ લીધી છે, અત્યારે તો ૨૦૨૬ના આરંભના તહેવારો સમગ્ર વિશ્વમાં ઉજવાઈ રહ્યા છે ત્યારે સૌ વાચકોને શુભ કામનાઓ... આ વર્ષ આપણા સૌને માટે તમામ પ્રકારનાં સુખ, સમૃદ્ધિ, શાંતિ, સ્વાસ્થ્ય, સંપત્તિ, સત્સંગ, સેવા અને સનાતન ઈશ્વરકૃપાનો અનુભવ કરાવતું રહે, લૌકિક અને આધ્યાત્મિક દરેક પ્રકારના ક્ષેત્રમાં ગતિ-પ્રગતિ થતી રહે, યશ, કીર્તિ, નામના, સન્માનની સાથોસાથ તમામ પ્રકારના મનવાંછિત સંકલ્પો પરમાત્મા પૂર્ણ કરે, શુભ લક્ષ્મીનો કાયમી નિવાસ થાય, ભારતીય સંસ્કૃતિના તપ, ત્યાગ, સેવા, સાધના, સત્સંગ, જીવમાત્ર પ્રત્યે કરૂણા અને સ્નેહ તથા ખરેખરા જરૂરિયાતમંદો માટે હમદર્દી જેવા સંસ્કારોની સરવાણી સૌના હૃદયમાં વહેતી રહે, ભવિષ્યની અનેક પેઢીઓ સુધી આપણો આ દિવ્ય વારસો જળવાતો રહે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરૂં છું.

હવે પછી આવનારા અતિશય કપરા દિવસોમાં પણ આપણું તન તંદુરસ્ત રહે, મન પ્રફુલ્લિત રહે, ધન ખરેખર આત્માની શાશ્વત પ્રસન્નતા મળે એવી કલ્યાણકારી પ્રવૃત્તિમાં વપરાય અને શુદ્ધ અંતરયાત્રા-અંતર્યાગ તરફ આપણે સૌ ગતિમાન થઈ શકીએ એવી શુભ ભાવના વ્યક્ત કરવાનો આ સમય છે. એટલે પાણીનું એકએક બુંદ, વાણીનો એકએક શબ્દ,અનાજનો એકએક કણ અને જીવનની એકએક ક્ષણને બચાવતા રહીએ. એ આપણી અમૂલ્ય વિરાસત છે.

આજે તો દુન્યવી મનોરંજન માટે મનુષ્ય સતત ઝંખતો રહે છે અને પોતે આ સંસારનો સૌથી વધુ ભાગ્યશાળી છે એમ માનીને ઈશ્વરના ભજન- કીર્તન, દેવદર્શન, દયા, કરુણા, જીવમાત્ર પ્રત્યે પ્રેમ છોડીને સ્વાર્થમાં આંધળોભીત બનીને દોડ્યા કરે છે. છત્રી પલંગમાં- સુંવાળી સેજમાં સૂનારા પોતાની આંખોમાં છવાયેલા માયાના ઘેનને કારણે એવી ભ્રમણામાં રહે છે કે જાણે આ ધરતી પર પોતાનું કાયમી શાશ્વત સ્થાન અને માન રહેવાનું છે, આવા મિથ્યા અહંકારને વશ થઈને જગતનો તિરસ્કાર કરતા રહે છે, પોતે અમરપટ્ટો લખાવીને નથી આવ્યા. આ તો ચાર દિવસની ચાંદની છે, ક્યારે અંધારી બિહામણી કાળી ડિબાંગ રાત્રી આવી જશે એનો વિચાર એને નથી આવતો. આપણા સંતો-ભક્તોએ એટલે તો રાજા-મહારાજાઓ તરફથી સામેથી મળતા ગામ- ગરાસ- વૈભવનો સ્વીકાર નહોતો કર્યો.

તેઓ જાણતા હતા કે એમના શિષ્યો કે વંશજોમાં અધ્યાત્મસાધના, તપ, ત્યાગ, સેવા, સત્સંગ, ભજન કે કરૂણા ઓછી થતી જશે, માયાના અહંકારમાં મૂળ પુરુષના સંસ્કારો લૂપ્ત થઈ જશે અને સત્તા અને સંપત્તિના મોહમાં અનેક અનાચારો શરૂ થઈ જશે. એટલે તો કેટલાક સંત-ભક્તોએ પરમાત્મા પાસે નખોદ માગ્યું હતું, નિર્વંશ રહેવાની યાચના કરેલી. તમામ ધર્મ-પંથ-સંપ્રદાયોમાં એક ઘટના વારંવાર નામફેરે કહેવાતી રહે છે કે એક શ્રીમંતે કરુણાવશ થઈને એક નપાણિયા મુલકના ધોરી રસ્તા પર તરસ્યા મુસાફરોની તરસ છીપાવે એવી વાવ ગળાવી, એના ગુરુજી કે પરમાત્મા પોતે પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું ત્યારે એ ધનપતિએ પોતે નિર્વંશ રહે એવી માગણી કરી. કારણ કે એને ભય હતો કે ભવિષ્યમાં મારા દ્વારા ગળાવેલી આ વાવના કાંઠે બેસીને મારા વંશજો તરસ્યા વટેમાર્ગુઓની તરસ છીપાવતા પાણી માટે પણ એમ કહીને દોકડા માગશે- કે 'અમારા દાદાએ આ વાવ બંધાવી આપેલી માટે અમને એનું મૂલ્ય લેવાનો અધિકાર છે..' એટલે તો જે સંત સ્થાનકો અભ્યાગતોનો આશારો હતાં, સમાજથી તરછોડાયેલાં નિર્ધનો માટેનું આશ્રયસ્થાન હતાં તે આજે ??? વારંવાર આપણા દેશી ભજનિકો - 'તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય, મૂએ ઢોર કે ચામસે, લોહા ભસમ હો જાય..' જેવી સાખીઓ ગાઈ ગાઈને સમસ્ત માનવજાતને ચેતવતા રહે છે પણ લગભગ તમામ સંપ્રદાયોના સંસાર છોડીને સાધુ બનેલા કહેવાતા વિરક્તો પણ યુવાનીના તોર, અપાર સંપત્તિ અને સત્તાના અહંકારમાં અંધ બનીને આવા ઉપદેશાત્મક ભજનોની સાથે મનોરંજક-ઉત્તેજક સંગીત પીરસનારા કલાકારો ઉપર નાણાંનો વરસાદ વરસાવતા રહે છે. એને સંતવાણીના શબ્દો સાથે કોઈ જ નિસ્બત હોતી નથી, અધ્યાત્મ કે આત્મસાધના સાથે કોઈ જ નાતો હોતો નથી, જગતમાં ખોટી ખુશામત કરીને એકબીજાની વાહવાહ કરનારી જમાતોના નાયક બનીને ફૂલાતા અને પોરસાતા રહે છે. સંત કબીરસાહેબની એક વાણી સંદેશો સમગ્ર માનવજાતને આપે છે.

*તારા ઘટમાં છે કિરતાર,*
*મનવા હવે ખોજી લે કાયા ગઢ નગરી...*
*કાળ પારધી શિર ઉપર બેઠા, પ*
*લમેં પ્રાણ હરનાર,*
*કલજુગમેં તૂ સુમિરન કરલે, ક્યોં ભટકે દુઃખિયાર...*
*તારા ઘટમાં સરજનહાર,*
*માનવી ખોજ કાયા ગઢ નગરી...*
*હદ બેહદમેં ભાઈ સબ ખેલે,*
*અનહદ જાવે નૈં કોઈ ;*
*અનહદ કે મેદાનમેં રમે,*
*વાં તો કબીરા સોઈ...*
*તારા ઘટમાં છે કિરતાર,*
*મનવા હવે ખોજી લે કાયા ગઢ નગરી...* ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# માનવને જીવનબોધ અર્પતા દુહા

દુહામાં એના રચયિતાનું નામ ઓગળી ગયું હોય છે. પણ એ ઓળખ સાવ પાતળી પણ એમાથી પ્રગટતી તો હોય જ છે. સોરઠિયા નામછાપના ઘણાં દુહા પ્રચલિત છે. એ કોણ હશે એનો ખ્યાલ આવતો નથી. પણ એટલું ખરું કે એ સોહામણાં અને ડહાપણથી સભર સોરઠ દેશનો કોઈ ઘરડેરો-પ્રૌઢ વ્યક્તિ હશે. એણે પોતાની જાતને સોરઠ દેશના વિસ્તારમાં ઘસી નાખી હશે. આ પ્રદેશનું ડહાપણ, આ પ્રદેશની સમજણ એણે દુહાના માધ્યમથી વહાવી અને સોરઠિયાના દુહા ગુજરાતીમાં કંઠસ્થ પરંપરામાં વહેતા રહ્યા. એમના નામથી પ્રચલિત થોડા દુહા આસ્વાદીએ.

અહીં કોઈની મદદના પોકારની વાતનો દુહો છે પણ એનો ભાવ અનેરો છે, જુઓ દુહાગીર ગાય છે કે,

**પડકારે પીઠ નંઈ, હૈયે મરવાની હામ;**
**એ મરદુનાં કામ, સાચું સોરઠિયો ભણે.**

જે માણસ કોઈનો પડકારો સાંભળે અને પીઠ ન ફેરવે પણ સામી છાતીએ હૈયામાં ખમી જવાની-મરી ફિટવાની હોંશ રાખીને નીકળી પડે એ મરદની ઓળખ છે. પડકારો એટલે પોકાર મદદ માટેનો, પછી એ કોઈ શીયળ ન લુંટાવા દેનારી નારી હોય, કે ગાયને હરી ન જવા દેવા માટેની હોય કે દુશ્મનો-વેરી ગામમાં રંજાડ કરવા આવી પહોંચ્યા હોય આવા સમયે જે પોતાની જાતને સ્વને ભૂલી જાય છે એ મરદ છે. એમ સોરઠિયો કહે છે. અહીં માનવમાં રહેલો પરહિતાર્થે ખપી જવાની વૃત્તિનો મહિમા દુહામાં ગાયો છે અને આવા માણસને મરદાઈ-હિંમતથી સભર માણસનું બિરુદ મળેલું છે. આવા વ્યક્તિત્વના વખાણ થાય છે. બીજા દુહામાં પ્રગટતો બોધ જુઓ.

**ભરજે ભડથી બાથ, રાંકને રંજાડીશ મા;**
**રાજી દીનોનાથ, સાચું સોરઠિયો ભણે.**



અહીં દુહા દ્વારા માનવીને એવી સૂચના એવો ઉપદેશ અહીં અપાયો છે કે તોરે જો કોઈને ભેટવું હોય સંબંધ બાંધવો હોય તો જે કોઈ ભડવીર-વીર હોય એમને ભેટવું. જે કોઈ ગરીબ-રાંક છે એને પરેશાન-હેરાન ન કરવા. આવા વ્યવહારથી ઈશ્વરરાજીપો અનુભવશે.

સોરઠનો દુહાગીર સત્યવાત જણાવી રહ્યો છે. મૂળભૂત વસ્તુ ભાઈબંધી મૈત્રી ભડ નિર્ભિક વ્યક્તિત્વ સાથે રાખવી અને ગરીબોને પરેશાન ન કરવાનું અહીં કહેવાયું છે. સાચુકલો માનવ ધર્મ એમાં નિહિત છે.

બીજા એક દુહામાં આતિથ્યભાવના અને મહેમાન અતિથિ પરત્વેના વ્યવહારનો નિર્દેશ છે. તે દુહો આસ્વાદીએ.

**મે માનુંને માન, જેણે દિલ ભરી દીધાં નંઈ;**
**મંદિર નંઈ મસાણ, સાચું સોરઠિયો ભણે.**

આંગણે આવેલા અતિથિ મહેમાનને પૂરા ભાવથી, હૃદયથી માન-સન્માન આપવાનું હોય. જે ઘરમાંથી આવું માન નથી આપી શકાતું એ ઘર મંદિર નહીં પણ સ્મશાન છે. સોરઠનો દુહાગીર સત્ય વાત, વ્યવહાર કરી રહ્યો છે. આતિથ્ય સત્કાર એ આપણી સંસ્કૃતિ છે એની જાળવણી થતી હોય એ ઘર મંદિર સમાન ગણાય એવો ભારતીય વ્યવહારભાવ અહીંથી પ્રગટે છે.

બીજા એક દુહામાં ભારતીય જન-વ્યક્તિની ઓળખ પ્રસ્તુત થઈ છે એ દુહો આસ્વાદીએ.

**હાકલેથી હથિયાર પડે, થરથર જાંગું થાય;**
**ઈ કાયર નર કેવાય, સાચું સોરઠિયો ભણે.**

કોઈની હાક, પડકાર સાંભળતા જ જેમના હાથમાંથી હથિયાર પડી જાય અને થર-થર ધ્રુજારી થાય. કંપવા લાગે એ માણસ કાયર-બીકણ કહેવાય. સોરઠનો દુહાગીર ભારતીય નર-પુરુષની સાચી-ખરી ઓળખ આ રીતે આપે છે. શૌર્ય પ્રગટાવવું અને અભય રહેવું. બીક, ડર ન રાખવાના હોય એ આપણી ભારતીય-સોરઠી ઓળખ છે.

સોરઠિયા નામથી દુહાગીરે કથેલા આલેખેલા દુહા ભારતીય વ્યક્તિમત્તા, ભારતીય જીવનમૂલ્યો અને ભારતીયતાની ઓળખ સમાન છે. આપણી આઈડેન્ટિટિ આપણે ન ગુમાવીએ એનું ભાન કરાવતા દુહાગીરો મોટા ઉપદેશક અને હીત પ્રબોધક છે. એમના દુહાનું મૂલ્ય આવા કારણથી કાયમ રહેવાનું. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# સુખનું સરનામું શોધવાની લ્હાયમાં દુઃખના દરવાજે ટકોરા વાગી જાય

મનુષ્ય પોતાના જીવનમાં આખરે શું શોધે છે? કોઈ કહે છે સુખ. તો સવાલ એ આવે કે તેને સુખ શેમાં દેખાય છે? કોઈને ધર્મમાં સુખ દેખાતું હોય, કોઈને ભૌતિક સાધનોમાં સુખ દેખાતું હોય, કોઈને સફળતામાં સુખ દેખાતું હોય તો કોઈને ઐશ્વર્યમાં.

સુખ અને આનંદ વચ્ચે બહુ પાતળી ભેદ રેખા હોય છે. સદગુરુ જગ્ગી વાસુદેવ સરળ શબ્દો આ ભેદને ઉજાગર કરતા કહે છે કે, 'સુખ કોઈ વસ્તુ કે વ્યક્તિ પર નિર્ભર હોય છે, જ્યારે આનંદ આંતરિક હોય છે.' જ્ઞાનીજનો કહે છે કે, ભૌતિક વસ્તુઓમાં આપણે સુખ બુદ્ધિ ધરાવીએ છીએ. આપણી આંખને ગમે તેવી વસ્તુઓ સુખ આપે છે, કાનને સાંભળવું ગમે તેવું સંગીત સુખદાયક લાગે છે, જેનો સ્પર્શ સુંવાળો હોય તેવી વસ્તુઓ સુખનો અનુભવ કરાવે છે. આપણી ઈચ્છા મુજબનું પ્રાપ્ત ન થાય, અનુકૂળતાને બદલે પ્રતિકૂળતા સર્જાય એટલે દુઃખ!

અર્થશાસ્ત્રમાં લો ઓફ ડિમિનિશિંગ માર્જિનલ યુટિલિટીનો એક સિદ્ધાંત આવે છે. આ સિદ્ધાંત મુજબ જેમ જેમ કોઈ એક વસ્તુનો વધુ અને વધુ ઉપયોગ કે ઉપભોગ થાય તેમ તેમ આપણા માટે તેની ઉપયોગિતા અથવા ઈચ્છા ઓછી થતી જાય છે. શાસ્ત્રકારો કહે છે કે સુખની બાબતે પણ આવું જ છે. કોઈ બાળક એક નવું રમકડું જુએ એટલે તેને એ જોઈએ. ન મળે તો જીદે ચઢે, રડે...અંતે જ્યારે મળે ત્યારે શાંત થાય. પણ પછી? થોડી વાર બાદ કોઈ નવું રમકડું દેખાય એટલે જેના માટે રોકકળ કરી હોય એ રમકડું એક બાજુ ફેંકાઈ જાય અને નવા રમકડાં માટે રુદન શરૂ થાય. આપણે સહુ આવા નવાનવા રમકડાં માટે રડતા બાળકો જ છીએ.



આપણે સુખની એક વ્યાખ્યા નક્કી કરી લીધી છે,

*પહેલું સુખ તે જાતે નર્યા,*
*બીજું સુખ તે ઘેર દીકરા;*
*ત્રીજું સુખ તે ગુણવંતી નાર,*
*ચોથું સુખ તે ભરેલા ભંડાર સુધી*

પહેલા તો આપણે સ્વસ્થ હોઈએ એ સુખ છે. તે વાત બરાબર. કારણકે આરોગ્ય સારું હોય તો ભૌતિક હોય કે આધ્યાત્મિક કર્મો કરવામાં અનુકૂળતા રહે. સંતાન હોય એ સુખ ગણાય. પણ સંતાન આડે પાટે ચડેલા હોય કે કહ્યામાં ન હોય તો? ત્રીજું સુખ ગુણવંતી નાર, પરંતુ એ ગુણવંતી નારને અવગુણથી ભરેલો પતિ મળે તો? પુરુષ પણ ગુણવાન હોવો જોઈએ. દારૂડિયો, જુગારી, લંપટ, બેરોજગાર, એવો પતિ મળે તો સ્ત્રી પણ દુઃખી થાય. અંતે ભરેલા ભંડાર પણ આપણને જોઈએ. ટૂંકમાં આપણા મોટાભાગના સુખ બધા ભૌતિક બાબતો પર જ આધારિત છે. ધર્મ વિના ચાલશે, પણ ધન વિના નહીં!?

સુખ બેધારી તલવાર જેવું હોય છે. ક્યારેક સુખનું સરનામું શોધવાની લ્હાયમાં દુઃખના દરવાજે ટકોરા વાગી જાય છે. ખાવાનું સુખ, આરોગ્ય માટે દુઃખ ઊભું કરી શકે. વ્યસનો સેવવામાં સુખનો અનુભવ કરતા લોકો, મોટા અક્ષરે છાપેલી ચેતવણીઓ પણ અવગણી કાઢે છે. પછી કેન્સરનું દુઃખ આવીને ઊભું રહે છે. આ ભવમાં સુખ મેળવવાની લાલચમાં કરેલા પાપકર્મો પછીના જન્મમાં છાપરે ચડીને પોકારે છે. પણ મનુષ્ય તો 'આ ભવ મીઠા, પરભવ કુણ દીઠાં?' માનીને પાપકર્મોમાં રાચેલો રહે છે.

સમસ્યા ત્યારે પણ સર્જાય છે જ્યારે આપણું સુખ અન્ય માટે દુઃખ બની જાય. જગતમાં આવા અનેક કિસ્સાઓ જોવા મળે છે. પોતાના સુખ માટે બીજાનું શોષણ કરનારા, પોતાના વર્ચસ્વ માટે બીજાને ગુલામ બનાવનારા લોકો પોતે કેટલા સુખી થાય છે એ તો ઈશ્વર જાણે, પણ લાખોને દુઃખી જરૂર કરે છે. આપણું સુખ 'નિર્દોષ' હોવું જોઈએ.

આપણા શાસ્ત્રો તેથી સુખ નહીં પણ આનંદ પ્રાપ્ત કરવાનું કહે છે. સુખ અસ્થાયી છે, પણ આનંદ સ્થાયી છે. આત્માની પ્રકૃતિને આનંદમય કહેવાઈ છે. અર્થાત્ આત્મા પ્રકૃતિથી આનંદમય છે. પણ જેમ અગ્નિ ઉપર રાખ ઢંકાઈ જાય તો અગ્નિ દેખાતો નથી, જેમ સૂર્ય આગળ વાદળ છવાઈ જાય તો સૂર્ય અદ્રશ્ય થઇ જાય છે, તેવી રીતે આત્મા પર પાપકર્મોના ચઢેલા આવરણોના કારણે તેનું આનંદમય સ્વરૂપ આપણે જોઈ શકતા નથી. બહારના સુખને સતત શોધતા રહેવું અને તેને જ સત્ય માનવું એ જ મોહ છે. જીવનમાં અનેકવાર આપણો મોહભંગ થાય છે. પણ ફરી આપણે મોહને વશ થઇ જઈએ છીએ. કારણકે આપણી બુદ્ધિ સુખ બહાર જ છે તેવું માની બેસે છે.

*શ્રીમદ્ રાજચંદ્રના શબ્દો યાદ આવે,*
*સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે,*
*લેશ એ લક્ષે લહો,*
*ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે,*
*કાં અહો રાચી રહો?* ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# ધર્મનો સ્તંભઃ પ્રેમ-મહોબ્બત-ભાઈચારો

ગુરુબાની નામે શીખોના સર્વોચ્ચ ધર્મગ્રંથમાં ગુરુ નાનકનું એક પદ છે. ના કોઈ બૈરી, નાહી બેગાના, સકલ સંગ હમ કો બન આઈ બિસર ગઈ સબ તાત પરાઈ... મારો કોઈ વેરી નથી, કોઈની સાથે વિખવાદ નથી. બધા મારા મિત્રો છે, કોઈ મારે માટે પરાયું નથી.

ઋગ્વેદના દસમાં કાંડના ૧૯૨માં શ્લોકમાં કહ્યું છે કે, માનવ માત્ર પરસ્પર હળીમળીને રહે અને સૌ સાથે મળીને પરમની ઉપાસના કરે, તો અથર્વવેદના સાતમાં કાંડના બાવનમાં શ્લોકમાં કહ્યું છે કે, સૌ જનોની એકમતી સત્યમાં સધાઓ અને સૌ પોતપોતાનું કામ પ્રેમથી કરો. યજુર્વેદ સૌ જીવમાત્રમાં મૈત્રીની ભાવના વિકસે એવું કહે છે.

ઉપનિષદની વાત કરીએ તો કઠોપનિષદ મૈત્રીને સૂર્ય સાથે સરખાવતાં પ્રેમ વિના મૈત્રી શક્ય નથી એવો ઉપદેશ આપે છે. એજ રીતે છાંદોગ્ય ઉપનિષદના કહેવા મુજબ સુચારુ પ્રેમ સ્વર્ગનો માર્ગ છે. ઈશ ઉપનિષદ તો વળી 'વસુધૈવ કુટુંબકમ્'ની વાત કરતાં કહે છે કે, આ જગત ઈશ્વરનું મકાન છે અને જીવમાત્ર એમાં અતિથિ છે માટે સૌ સાથે હળીમળીને રહો.

મનુસ્મૃતિમાં પોતાને વહાલા હોય એ સૌ સાથે સદ્ભાવ અને સદાચારથી રહેવાની ભાવના છે તો અમિસ્મૃતિમાં કહ્યું છે કે, પ્રેમ વિનાનો માનવ પશુ સમાન છે. પ્રેમ તો પશુમાત્રમાં હોય છે, તો માનવ પ્રેમવિહોણો શી રીતે હોઈ શકે? સબ સે ઊંચી પ્રેમ સગાઈ - શ્રીમદ્ ભાગવતમાં મહર્ષિ વ્યાસે પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા જ ગાયો છે. અતૂટ સ્નેહસંબંધ જ ભક્તિનું સ્વરૂપ છે, એમ જણાવી એમાં કૃષ્ણ સુદામાની કથા વર્ણવી છે.



જૈન ધર્મ માનસિક દ્વેષનો ત્યાગ કરવાનું કહેતા એનું કારણ સમજાવે છે- અપ્રિયતાનું કારણ માનસિક દ્વેષ છે. આપણે તો વિતરાગી થઈને જીવમાત્રને પ્રેમ કરવાનો છે. રખે કોઈને દુભવતા અહિંસા અને પ્રેમનું સાચું પ્રમાણ જ આ છે. કોઈને દુભવશો નહીં. પગ નીચે ઝીણી કીડી પણ ન આવી જવી જોઈએ. કીડીને પણ મારા તમારા જેટલો જ જીવવાનો હક છે.

બૌધ ધર્મ સંઘભાવનાનું મહત્ત્વ ગાય છે અને પરસ્પર પ્રેમ અને વિશ્વાસ વિના સંઘભાવના શી રીતે શક્ય બને, પ્રેમ અને કરુણા દ્વારા જ સકલ વિશ્વને પોતાનું બનાવી શકાય એવી ભાવના બૌધ ધર્મની છે.

ઈસ્લામના સ્થાપક હઝરત મહંમદ પયગંબર સાહેબ દ્વારા માનવજાતને મળેલા ધર્મગ્રંથ કુરાન કરીમમાં બહુ સરળ ભાષામાં સુંદર શિખામણો આપી છે. મા-બાપ, કુટુંબ, અનાથ, યતિમ, ફકીર, પડોશી, તમારી નિકટથી પસાર થનારાઓ, પ્રવાસીઓ, નોકરચાકરો, ગુલામો તથા બાંદીઓ આ બધા સાથે નેકી અને ઈમાનદારીથી વર્તો. નેકી દ્વારા અને સદ્વર્તન દ્વારા સૌના દિલને જીતી લ્યો. જે વ્યક્તિ આ માર્ગે ચાલશે તેના માર્ગમાં કદી કાંટા નહીં આવે. કાંટા હશે તો દૂર થઈ જશે.

પારસી પ્રજા તો જૂના જમાનાથી માયાળુ, દયાળુ અને પ્રેમાળ ગણાતી રહી છે. તેમના જરથોસ્તિ ધર્મના આદરણીય ગ્રંથ 'અવસ્તા'માં જણાવ્યું છે કે, અન્ય જનોની તકલીફો દૂર કરીને અન્યને સુખ પહોંચાડનાર ઈન્સાન જ સત્યના માર્ગે છે. આવો મનુષ્ય સૌને પ્રેમ કરે છે અને સૌ આવા ઈન્સાનને ચાહે છે.

યહૂદી ગ્રંથ 'તોરા'નો સાર શું છે? તારે આદરમાન જોઈતાં હોય તો તું પોતે બીજાનો આદર કરતાં શીખ. કોઈને માન આપ્યા વિના સામું માન મેળવી શકાતું નથી. પ્રમાણિક જીવન જીવ અને પ્રમાણિક જીવન મેળવ. વેરને શમાવી દે અને મૈત્રી તથા પ્રેમના પાયા પર મધુવન ખડું કર.

ચીનના તાઓ ધર્મમાં તો દરેક સદ્ગુણનું સન્માન થાય છે. ન્યાય, વિવેક, સૌજન્ય, સભ્યતા અને સુખ એ પાંચને મેળવવાનો એકમાત્ર માર્ગ પ્રેમ છે. આજ વાત કન્ફ્યુશિયસ નામના ચિંતકે જુદા શબ્દોમાં રજૂ કરી છે. એ કહે છે કે, જો તારા અર્થાત્ દરેક મનુષ્યના પ્રેમમાં સચ્ચાઈ હશે તો દરેક કામ આસાન થઈ જશે. પ્રેમ એટલે સત્યની લગન અને પ્રેમ અર્થાત્ સત્યનિષ્ઠ વર્તન વિના જગતમાં વિકાસ કે ઉત્ક્રાંતિ શક્ય નથી.

ઈસા મસીહા તો સાદા-સરળ શબ્દોમાં જીવનનો સાર સમજાવી દે છેઃ લવ ધાય નેવર. પડોશીને સ્નેહ કર.

આપણે બધા એક છીએ, બધાનું લોહી લાલ છે. માનવવંશ એક છે, સાગર અને આકાશ દુનિયાભરમાં એક જ છે. આદિ માતા અને પિતા પણ એક જ છે તો પરાયાપણું અને શત્રુવટ આવ્યા ક્યાંથી?

આમ જગતના બધા ધર્મો પરસ્પર ભાઈચારો, પ્રેમ, નિર્વેર અને સદ્ભાવની ભાવના ગાય છે. બધા ધર્મો વિશ્વશાંતિની અને જીવો તથા જીવવા દોની ભાવનાનો મહિમા ગાય છે, એ સંજોગોમાં યુદ્ધ, આતંકવાદ, દુશ્મની અને રાગદ્વેષની આગ બુઝાવીને જ્યોત સે જ્યોત જલાતે રહો, પ્રેમ કી ગંગા બહાતે ચલો...ની ઉમદા ભાવનાનો પ્રસાર કરીએ એજ સઘળા ધર્મોનો સાર છે. દુનિયાના દરેક ધર્મો તેની ઉમ્મતને પ્રેમ મોહબ્બત, ભાઈચારાના ગુણો પર ચાલવાનો ઉપદેશ આપે છે.

**પ્રેરણાસ્ત્રોતઃ**

***સુખી થવાની ગુરુચાવી છે સંતોષ...! ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે તે આપણી જરૂરિયાત કરતાં વધારે જ છે એવો જો માનસિક સંતોષ આપણે મેળવી શકીએ તો જ આપણે આપણી નજરમાં સુખી થઈ શકીએ...!*** ■

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૬૮૮૩)

### ૧૨. યાત્રા સહેલગાહ



(બી-૧૬૮૭૬)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન - મિલકત

**જૂનાગઢ જિલ્લો માંગરોળ**
બંધ મકાન પ્લોટ/ જમીન જુના ભાડુઆત/ કબજા/ સાંસણ ગીરમાં ફાર્મ હાઉસ લેવા/ વેચવા સંપર્કઃ- ભૂપતભાઈઃ- 6354281601. (એસડીબી-૩૦૨૧)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

■ નો GST, LIC અને મેડિકલેમ પૉલિસી ફેમેલી ફલોટર, મેડિકલેમ પૉલિસી 0 થી 75 અને 10 લાખથી 1 કરોડ. નો મેડિકલ રિપોર્ટ ૩ વર્ષની પૉલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વિગત માટે સંપર્કઃ- ''દિલીપભાઈ'' 9136621227. (૬૯૬-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**લગ્ન યોગ**
જન્મ તારીખ - સમય - સ્થાન વોટ્સએપ : 7304586200 (ફોન કરો 11-5). (૬૯૫-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૭૦૪-ઈ)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એકમાત્ર જુનુ વિશ્વસનીય નામ રમેશભાઈ- 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# મુસ્તફિઝુર ૯.૨૦ કરોડ રૂપિયામાં સાઈન થયો અને ૧૮ દિવસમાં આખી રકમ ગુમાવી દીધી


શાહરુખ ખાન


મુસ્તફિઝુર રહમાન

નવી દિલ્હીઃ ૧૬મી ડિસેમ્બરે અબુ ધાબીમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નું ખેલાડીઓનું જે મિની-ઑક્શન યોજાયું હતું એમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ બાંગ્લાદેશના પીઢ પેસ બોલર અને અગાઉ આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ સહિત કુલ પાંચ ટીમ વતી રમી ચૂકેલા મુસ્તફિઝુર રહમાને માત્ર નસીબમાં આવેલા ૯.૨૦ કરોડ રૂપિયા ૧૮ દિવસની અંદર ગુમાવી દેવા પડ્યા છે.

કેકેઆરના પ્રતિનિધિઓએ ઑક્શનના રૂમમાં મુસ્તફિઝુરને ખરીદવા માટેની તીવ્ર રસાકસીમાં મોડેથી ઝંપલાવ્યું હતું અને તેને ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. જોકે ત્યાર પછીના દિવસોમાં બાંગ્લાદેશમાં હિન્દુ લોકો પર ફરી હિંસક અત્યાચાર થવા લાગ્યા ત્યારે જ ધારણા હતી કે મુસ્તફિઝુરને ૨૦૨૬ની આઇપીએલમાં રમવા નહીં જ મળે. છેવટે બન્યું પણ એવું જ.

સામાન્ય રીતે કોઈ પણ ખેલાડીને હરાજીમાં ખરીદવામાં આવે એટલે તેની સાથે સંબંધિત ફ્રૅન્ચાઇઝી કૉન્ટ્રૅક્ટ બનાવી લે છે. મુસ્તફિઝુરને ૧૬મી ડિસેમ્બરે ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો અને શનિવાર, ત્રીજી જાન્યુઆરીએ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ની સૂચનાને પગલે કેકેઆરે મુસ્તફિઝુરને પોતાના સ્ક્વૉડમાંથી કાઢી નાખવો પડ્યો હતો.

એ રીતે, ૧૬મી ડિસેમ્બરે મુસ્તફિઝુર ૯.૨૦ કરોડ રૂપિયામાં કરારબદ્ધ થયો એ સાથે તેના પરિવારમાં તેમ જ મિત્રોમાં ઉજવણીઓ થઈ હશે, કારણકે આઇપીએલમાં હરાજીમાં ખરીદવામાં આવેલા સૌથી મોંઘા ખેલાડીઓમાં તેની ગણતરી થવા લાગી હતી. જોકે માત્ર ૧૮ દિવસ બાદ (ત્રીજી જાન્યુઆરીએ) મુસ્તફિઝુરના હાથમાં આવેલો કોળિયો છીનવાઈ ગયો હતો અને તેના ૯.૨૦ કરોડ રૂપિયા શૂન્ય થઈ ગયા હતા. જોકે શાહરુખ ખાનની સહ-માલિકીના કેકેઆર ફ્રૅન્ચાઇઝી તથા મુસ્તફિઝુર વચ્ચે શું સમાધાન થયું હશે એ સત્તાવાર રીતે જાણમાં નથી. એક વાત નક્કી છે કે અગાઉ મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ, રાજસ્થાન અને ચેન્નઈ વતી રમી ચૂકેલો મુસ્તફિઝુર આઇપીએલ મારફત કરોડો રૂપિયા તો કમાયો જ હતો.

મુસ્તફિઝુર હાલમાં બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)માં રમે છે. તે રંગપુર રાઇડર્સ ટીમમાં છે અને આ ટીમના મૂળ સ્થાન રંગપુરમાં હિન્દુ નાગરિકો પર હિંસક હુમલાના બનાવો બની ચૂક્યા છે. ■

# હિન્દુ-વિરોધી બાંગ્લાદેશમાં જોરદાર માગણી, 'આઈપીએલની મૅચો પ્રસારિત નહીં કરતા'

નવી દિલ્હીઃ બાંગ્લાદેશે આગામી ફેબ્રુઆરીમાં મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો રમવા પોતાના ખેલાડીઓને ભારત નહીં મોકલવાનો જે અપેક્ષિત નિર્ણય લીધો ત્યાર પછી હવે બાંગ્લાદેશમાં એવી માગણી થઈ રહી છે કે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની એક પણ મૅચનું બાંગ્લાદેશમાં પ્રસારણ ન થવું જોઈએ.

બાંગ્લાદેશ સરકારના માહિતી-પ્રસારણ વિભાગના સલાહકાર સૈયદા રિઝવાના હસને કહ્યું છે કે ૨૦૨૬ની આઇપીએલની મૅચો બાંગ્લાદેશમાં ન પ્રસારિત કરવા જોરદાર માગણી થઈ છે અને સરકાર આઇપીએલનું પ્રસારણ રોકવા વિચારી રહી છે.

કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદેલા પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને હરાજીમાં ખરીદ્યા બાદ કેકેઆરની ટીમમાંથી હવે કાઢી મૂકવામાં આવ્યો એને પગલે બાંગ્લાદેશના શાસકો રિસાઈ ગયા છે અને એનો ગુસ્સો પોતાના દેશમાં દર વર્ષે થતા આઇપીએલના પ્રસારણ પર ઉતાર્યો છે.

સૈયદા રિઝવાના હસને ઢાકામાં સ્થાનિક મીડિયામેન માટેના સમારોહને સંબોધતા કહ્યું, 'આઇપીએલમાં આપણા મુસ્તફિઝુર રહમાનને અન્યાય થયો છે. ક્રિકેટને લગતા કોઈ કારણસર તેને ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો હોત તો સમજી શકાત, પરંતુ જે કારણથી તેને ડ્રૉપ કરાયો છે એ બહુ ખોટું કહેવાય.'

ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં હિન્દુ ધર્મના લોકોની હત્યા, હિન્દુ સ્ત્રીઓ પર બળાત્કાર તેમ જ હિન્દુ નાગરિકો પરના અત્યાચારની જે ઘટનાઓ બની છે એને પગલે ભારતભરમાં મુસ્તફિઝુરના આઇપીએલમાં રમવા સામે પ્રચંડ વિરોધ શરૂ થયો જેને પગલે કેકેઆરે તેને બીસીસીઆઇની સૂચના બાદ સ્ક્વૉડમાંથી કાઢી નાખવો પડ્યો છે.■

## આઈસીસીએ બાંગ્લાદેશની મોટી માગણી સ્વીકારી લીધી?

નવી દિલ્હીઃ બાંગ્લાદેશે આગામી ફેબ્રુઆરીમાં ભારત અને શ્રીલંકામાં રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં પોતાની ટીમની જે મૅચો કોલકાતા તથા મુંબઈમાં નિર્ધારિત થઈ છે એ મૅચો ભારત સિવાય કોઈ દેશમાં રાખવા જે માગણી કરી હતી એ મુખ્ય આયોજક ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ સ્વીકારી લીધી હોવાનો અહેવાલ વાઇરલ થઈ રહ્યો છે.બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીસી)એ ભારતમાં પોતાના ખેલાડીઓની સુરક્ષા વિશે ચિંતા વ્યક્ત કરી અને ભારતમાં પોતાના ખેલાડીઓને વર્લ્ડ કપ રમવા નહીં મોકલે એવો રવિવારે નિર્ણય જાહેર કર્યો એના ગણતરીના કલાકોમાં માગણી સ્વીકારી લેવાઈ હોવાનું કહેવાઈ રહ્યું છે.

શ્રીલંકા આ વર્લ્ડ કપનું સહ-યજમાન છે એટલે કોલકાતા તથા મુંબઈની મૅચો કોલંબોમાં કે અન્ય કોઈ શ્રીલંકન શહેરમાં રમાશે એવી સંભાવના છે.

શનિવારે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને પોતાના સ્ક્વૉડમાંથી કાઢી નાખ્યો એના વળતા જવાબમાં બીસીબીએ બાંગ્લાદેશ સરકારના કહેવા મુજબ ફેબ્રુઆરીમાં પોતાના ખેલાડીઓને વર્લ્ડ કપ માટે ભારત નહીં મોકલવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

# રાઈફલધારી પોલીસ અને અસંખ્ય સલામતી રક્ષકોની હાજરીમાં શરૂ થઈ સિડની ટેસ્ટ! જાણો શા માટે...


ખ્વાજા સહિત ઘણા ખેલાડીઓને અહમદ અલ અહમદ મળ્યો હતો


ગઈ કાલે હૅરી બ્રુક ૭૮ રને દાવમાં હતો

સિડનીઃ ત્રણ અઠવાડિયા પહેલાં અહીં સિડની શહેર નજીકના બૉન્ડી બીચ પર થયેલા જીવલેણ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા ૧૫ જણને અહીં રવિવારે ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચેની છેલ્લી ટેસ્ટના આરંભ પહેલાં અંજલિ આપવામાં આવી હતી અને આ સમયે (પહેલી જ વાર) સિડનીમાં ટેસ્ટના આરંભ વખતે અનેક રાઇફલધારી પોલીસ તેમ જ તોફાન રોકવા માટેના સલામતી રક્ષકોની હાજરી જોવા મળી હતી.

પાંચમી અને અંતિમ ટેસ્ટમાં પ્રથમ દિવસની રમત પૂરી થઈ ત્યારે ઇંગ્લૅન્ડનો પહેલા દાવનો સ્કોર ૩/૨૧૧ હતો. જો રૂટ ૭૨ રને અને હૅરી બ્રૂક ૭૮ રને રમી રહ્યો હતો.

### હજારો પ્રેક્ષકોએ કર્યું બહુમાન

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (એસસીજી)ના સ્ટેડિયમમાં ૪૪,૦૦૦થી પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે. સ્ટેડિયમ હાઉસ-ફુલ હતું અને પાંચમી ટેસ્ટ શરૂ થઈ એ પહેલાં બૉન્ડી બીચમાં હુમલો કરનાર એક આતંકવાદીને જીવના જોખમે પકડી લેનાર નજીકની દુકાનના માલિક અહમદ અલ અહમદનું તેમ જ તેમના સહયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ગાર્ડ ઑફ ઑનરથી તેમની નવાજેશ કરવામાં આવી હતી અને તમામ પ્રેક્ષકોએ ઊભા થઈને તેમનું બહુમાન કર્યું હતું. પ્રેક્ષકોના એક વર્ગમાંથી ' અહમદ અલ અહમદ'ની બૂમો ઘણી વાર સુધી સંભળાતી હતી.

આતંકવાદીને પકડતી વખતે અહમદ અલ અહમદને હાથ પર ગોળી વાગી હતી એટલે એ ઈજા માટે તે સારવાર હેઠળ હોવા છતાં સિડનીના મેદાન પર આવ્યો હતો. અહમદ તમામ ખેલાડીઓને મળ્યો હતો. આ મૅચ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ છોડી રહેલા ઑસ્ટ્રેલિયાના બૅટ્સમૅન ઉસ્માન ખ્વાજા જાંબાઝ અહમદને ભેટ્યો હતો.

### પવનનું તોફાન, વરસાદ અને બૅડલાઈટઃ રમત વહેલી પૂરી થઈ

સિડનીમાં રવિવારે તોફાની પવન, વરસાદ તેમ જ ઝાંખા પ્રકાશને કારણે પહેલા દિવસની રમત માત્ર ૪૫મી ઓવરના અંતે સમેટી લેવામાં આવી હતી. બૅટિંગ પસંદ કરનાર ઇંગ્લૅન્ડની ટીમનો સ્કોર ત્યારે ત્રણ વિકેટે ૨૧૧ રન હતો. જો રૂટ ૭૨ રન પર રમી રહ્યો હતો અને તેની સાથે હૅરી બ્રુક ૭૮ રને દાવમાં હતો.

ઑસ્ટ્રેલિયાની આ સિરીઝમાં ૩-૧થી વિજયી સરસાઈ છે. ■

# રેકૉર્ડ-બ્રેક યંગેસ્ટ કૅપ્ટન સૂર્યવંશી બૅટિંગમાં નિષ્ફળ, પણ ભારતને જિતાડવામાં સફળ

બનોની (સાઉથ આફ્રિકા): ભારતની અન્ડર-૧૯ ટીમે શનિવારે અહીં યજમાન સાઉથ આફ્રિકાની અન્ડર-૧૯ ટીમને (ડકવર્થ/લુઇસ મેથડ લાગુ કરાતાં) સિરીઝની પ્રથમ વન-ડેમાં પચીસ રનથી પરાજિત કરી હતી અને ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી બૅટિંગમાં નહીં, પણ નેતૃત્વની કલા બદલ છવાઈ ગયો હતો. યુથ (અન્ડર-૧૯) વન-ડે ક્રિકેટના ઇતિહાસમાં વૈભવ સૂર્યવંશી સૌથી યુવાન સુકાની બન્યો છે અને તેણે કૅપ્ટન તરીકેની આ રેકૉર્ડ-બ્રેક મૅચમાં ભારતને વિજય અપાવ્યો છે.

વૈભવે કૅપ્ટન્સી સંભાળીને પાકિસ્તાનના અહમદ શેહઝાદનો ૧૯ વર્ષ જૂનો વિશ્વવિક્રમ તોડ્યો હતો. શેહઝાદે ૨૦૦૭માં પાકિસ્તાનની અન્ડર-૧૯ ટીમનું સુકાન પહેલી વાર સંભાળ્યું હતું ત્યારે તે ૧૫ વર્ષનો હતો.

### વૈભવના ૧૧ રન, પંગાલિયાના ૯૩

નવાઈની વાત એ છે કે શનિવારે ભારતની યુથ વન-ડે ટીમનો સુકાની આયુષ મ્હાત્રે તેમ જ વાઇસ-કૅપ્ટન વિહાન મલ્હોત્રા બન્ને ખેલાડી ઈજાને કારણે ન રમી શક્યા હોવાથી ટીમનું નેતૃત્વ વૈભવને સોંપાયું હતું. તે બે ચોગ્ગાની મદદથી બનેલા માત્ર ૧૧ રનના પોતાના સ્કોર પર વિકેટ ગુમાવી બેઠો હતો. જોકે હરવંશ પંગાલિયાએ ૯૩ રન કર્યા હતા. તેની અને આર. એસ. અંબરિશ (૬૫ રન) વચ્ચે પાંચમી વિકેટ માટે ૧૩૭ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. અમદાવાદનો વેદાંત ત્રિવેદી ૨૧ રન કરીને ૬૭ રનના કુલ સ્કોર પર આઉટ થયો ત્યાર બાદ પંગાલિયા-અંબરિશની જોડીએ ટીમનો સ્કોર ૨૦૦ રનને પાર કરાવ્યો હતો.

### ભારતની પચીસ રનથી જીત

ભારતીય યુથ ટીમે ૫૦ ઓવરમાં ૩૦૧ રન કર્યા બાદ સાઉથ આફ્રિકા અન્ડર-૧૯ ટીમને વરસાદના વિઘ્ન બાદ ૨૭.૪ ઓવરમાં ૧૭૪ રન કરવાનો નવો લક્ષ્યાંક મળ્યો હતો.

જોકે યજમાન ટીમ ૨૭.૪ ઓવરમાં ચાર વિકેટના ભોગે સ્કોર ૧૪૮ રન સુધી જ પહોંચાડી શકી હતી. વૈભવે એક ખેલાડીને રનઆઉટ કરાવ્યો હતો તેમ જ બોલિંગ અને ફીલ્ડિંગમાં સમજદારીપૂર્વક ફેરફાર કર્યા હતા. ■

## દેશ-વિદેશ

# કાશ્મીરમાં ઠંડીનું મોજું ફરી વળ્યું, ગુલમર્ગમાં સૌથી વધુ માઈનસ ૬.૫ ડિગ્રી સેલ્સિયસ



શ્રીનગર : કાશ્મીર ખીણમાં લઘુતમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે, જેના કારણે સમગ્ર પ્રદેશમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. શનિવારે રાત્રે શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિના માઈનસ ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી ઓછું હતું. ઉત્તર કાશ્મીરમાં પ્રખ્યાત સ્કી રિસોર્ટ ગુલમર્ગ ખીણનું સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુલમર્ગમાં સતત બીજી રાત્રે લઘુતમ તાપમાન માઈનસ ૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દક્ષિણ કાશ્મીરના પર્યટન સ્થળ પહલગામમાં લઘુતમ તાપમાન માઈનસ ૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ખીણના પ્રવેશદ્વાર કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઈનસ ચાર ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કોકેરનાગમાં લઘુતમ તાપમાન માઈનસ ૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ઉત્તર કાશ્મીરના કુપવાડામાં લઘુતમ તાપમાન માઈનસ ૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રદેશ હાલમાં ''ચિલ્લા-એ-કલાં''ના સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે. આ ૪૦ દિવસનો ભારે ઠંડીનો સમયગાળો છે, જે દરમિયાન રાત્રિનું તાપમાન ઘણીવાર શૂન્યથી ઘણા ડિગ્રી નીચે જાય છે. જોકે, વર્તમાન તાપમાનના આંકડા સામાન્ય પેટર્નથી અલગ હોય તેવું લાગે છે. આ સમયગાળા દરમિયાન સામાન્ય રીતે એવો સમય હોય છે જ્યારે હિમવર્ષા થવાની સંભાવના સૌથી વધુ હોય છે.■

# ઓડિશામાં ગેરકાયદે ચાલતા ખનનમાં થયો વિસ્ફોટઃ બે કામદારનાં થયાં મોત

ભૂવનેશ્વરઃ સોનાના ભંડાર અને ખાણો ધરાવતા રાજ્યોમાં ઓડિશાનો સમાવેશ થાય છે. અહીં સતત ખનનની કામગીરી ચાલતી હોય છે. ઘણા લોકો ગેરકાયદે પણ ખનન કરતા હોય છે. તાજેતરમાં ઓડિશાના એક ગામમાં થઈ રહેલા ગેરકાયદે ખનનમાં બે કામદારોનું મોત નિપજ્યું છે.

ઓડિશાના ઢેંકાનાલ જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામની એક ગંભીર અને જીવલેણ ઘટના સામે આવી છે. શનિવારે મોડી રાત્રે મોટાંગા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગોપાલપુર ગામ પાસે આવેલી પથ્થરની ખાણમાં શનિવારની મોડી રાત્રે જોરદાર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો તીવ્ર હતો કે ખાણની માટીનો એક મોટો ભાગ તૂટી પડ્યો હતો, જેમાં કામદારો દબાઈ ગયા હતા.

ખાણમાં વિસ્ફોટ થયાની ઘટનાની જાણ થતાં જ મોટાંગા પોલીસ અને ઓડાપારા તાલુકા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. મામલતદાર અને પોલીસ ઇન્સ્પેક્ટર (IIC) સહિતના વરિષ્ઠ અધિકારીઓએ આખી રાત સ્થળ પર હાજર રહી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. રેસ્ક્યૂ ટીમે ખાણના કાટમાળ નીચે દબાયેલા કામદારોની શોધખોળ શરૂ કરી હતી. અત્યારસુધીમાં બે કામદારો મૃતદેહો મળી આવ્યા છે. વધુ તપાસ માટે ડોગ સ્ક્વોડની મદદ લેવામાં આવી રહી છે. હાલ મોટાંગા પોલીસે સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો છે અને લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે.

જિલ્લા ખનન કાર્યાલયે ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ જ આ ખાણના લીઝધારકને બ્લાસ્ટિંગની પરવાનગી ન હોવાને કારણે કામ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ સ્થાનિકોના દાવા અનુસાર ખાણની લીઝનો સમયગાળો પૂર્ણ થઈ ગયો હોવા છતાં અહીં ગેરકાયદે ખનનની પ્રવૃત્તિ ચાલતી હતી. આમ, આ અકસ્માતે વહીવટી તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા કર્યા છે.

ઓડિશાના ઢેંકનાલ જિલ્લાના મોટાંગા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે એક પથ્થરની ખાણમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેમાં બે લોકોનાં મોત નીપજ્યા હતા. જ્યારે અનેક લોકો અંદર ફસાયા હોવાની આશંકા સેવાઇ રહી છે. ફસાયેલા લોકોને બચાવવા માટે બચાવ દળ અભિયાન ચલાવી રહ્યા છે.

આ વિસ્ફોટ બાદ વિસ્તારમાં ગેરકાયદે ખનન પ્રવૃત્તિઓને લઇને ચિંતા વધી છે. આ વિસ્ફોટ ગોપાલપુર ગામ નજીક એક ગેરકાયદે ધમધમતી ખાણમાં થયો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરવામાં આવી છે . તેમજ સામાન્ય લોકોના પ્રવેશને રોકવા માટે પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. ■

# ફોર્બ્સની ૪૦ અંડર ૪૦ અબજોપતિની યાદીમાં નિખિલ કામથ એક માત્ર ભારતીય

ન્યૂ જર્સી : ફોર્બ્સની ૪૦ અંડર ૪૦ સ્વ-નિર્મિત અબજોપતિની યાદીમાં ભારતીય ઉદ્યોગ સાહસિક નિખિલ કામથનું નામ સામેલ છે. ફોર્બ્સની આ યાદીમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના એવા વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમણે નાની ઉંમરે અબજો ડોલરની સંપત્તિ એકત્ર કરી છે. આ યાદીમાં ભારતીય મૂળના ચાર ઉદ્યોગ સાહસિકોનો સમાવેશ થાય છે.

ભારતીય મૂળના ઉદ્યોગ સાહસિકોની વાત કરીએ તો તેમાં એક માત્ર ભારતીય નિખિલ કામથના નામનો સમાવેશ થાય છે. તેમની ઉંમર ૩૯ વર્ષની છે. તે ૩.૩ અબજ ડોલરની નેટવર્થ સાથે યાદીમાં ૨૦મા ક્રમે છે. નિખિલ કામથ બેંગલુરુ સ્થિત ડિસ્કાઉન્ટ બ્રોકરેજ ફર્મ ઝેરોધાના સહ-સ્થાપક અને સીએફઓ છે. વર્ષ ૨૦૧૦ માં તેમણે તેમના ભાઈ સાથે મળીને ઝેરોધાની સ્થાપના કરી.જે હવે ભારતની સૌથી મોટી બ્રોકરેજ કંપનીઓમાંની એક છે. ફોર્બ્સ અનુસાર, ઝેરોધાનું મૂલ્યાંકન આશરે ૮ અબજ ડોલર હોવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૪ માં નિખિલ કામથે તેમનું લોકપ્રિય પોડકાસ્ટ, ''ડબલ્યુટીએફ ઈઝ?'' લોન્ચ કરીને તેમની જાહેર પ્રોફાઇલને વધુ મજબૂત બનાવી હતી.

જ્યારે આ યાદીમાં ભારતીય મૂળના ન્યૂયોર્ક સ્થિત ઉદ્યોગ સાહસિક ૩૫ વર્ષના અંકુર જૈન ૧૯મા ક્રમે છે. તેમની નેટવર્થ ૩.૪ અબજ ડોલર હોવાનો અંદાજ છે. અંકુર જૈન બિલ્ટ રિવોર્ડ્સના સ્થાપક અને સીઈઓ છે. જે ભાડે રહેનારાને પુરસ્કાર આપતું એક અનોખું પ્લેટફોર્મ છે. ખાનગી રોકાણકારોના મતે, બિલ્ટનું મૂલ્યાંકન ૧૦.૮ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. આ અગાઉ અંકુરે હ્યુમિન નામની એક કોમ્યુનિકેશન વ્યવસ્થાપન એપ્લિકેશનની સહ-સ્થાપના કરી હતી. જે ૨૦૧૬ માં ટિન્ડર દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. વ્હાર્ટન સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અંકુરને અમેરિકન ટેક ઇકોસિસ્ટમના સૌથી પ્રભાવશાળી યુવા સ્થાપકોમાંના એક માનવામાં આવે છે.

આ ભારતીય મૂળના અન્ય બે ઉદ્યોગ સાહસિક આદર્શ હિરેમથ અને સૂર્યા મિધા આ બંનેની ઉંમર ૨૨ વર્ષની છે. જેઓ સંયુક્ત રીતે યાદીમાં ૨૭મા ક્રમે છે. તેઓ વિશ્વના સૌથી નાની ઉંમરના અબજોપતિઓમાંના એક છે. તેમણે વર્ષ ૨૦૨૩ માં શરૂ કરાયેલા મર્કોર નામના એઆઈ ભરતી સ્ટાર્ટઅપના સહ-સ્થાપક છે. મર્કોર સિલિકોન વેલીના મુખ્ય એઆઈ લેબ્સને તેમના મોડેલોને તાલીમ આપવામાં મદદ કરે છે. તેમની વ્યક્તિગત નેટવર્થ આશરે રૂપિયા ૧૮૨૬ કરોડ હોવાનો અંદાજ છે.■

# નિફ્ટી ૨૬,૩૦૦ વટાવશે તો તેજીની ચાલની અપેક્ષાઃ અમેરિકા-વેનેઝુએલા સંઘર્ષની માર્કેટ પર કેવી અસર પડી શકે?

મુંબઇઃ નવા વર્ષની રજાઓ પછી, વૈશ્વિક બજારોએ ૨૦૨૬ની શરૂઆત સકારાત્મક રીતે કરી હતી અને મજબૂત સ્થાનિક ઓટોમોબાઇલ વેચાણે ભારતીય ઇક્વિટીને નવા સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કરવામાં મદદ કરી હોવાનું જણાવતાં ટોચના રિસર્ચ એનાલિસ્ટે કહ્યું હતું કે, રોકાણકારોનું વલણ વ્યાપકપણે રચનાત્મક રહે છે કારણ કે ધ્યાન ત્રીજા ક્વાર્ટરની કોર્પોરેટ કમાણી પર છે, જે બજારને નજીકના ગાળાની દિશા આપશે.

વેચાણના પ્રોત્સાહનજનક આંકડાઓને કારણે ઓટો શેરોમાં વધારો થયો, જ્યારે સ્થિર સ્થાનિક મેક્રો પરિસ્થિતિઓ અને ભારતના મધ્યમ ગાળાના વિકાસના દૃષ્ટિકોણમાં વિશ્વાસ દ્વારા એકંદર સેન્ટિમેન્ટને ટેકો મળ્યો.વ્યાપક બજારોએ બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

સહાયક રાજકોષીય નીતિઓ અને ક્રમશઃ નાણાકીય સરળતા ૨૦૨૬માં રોકાણના લેન્ડસ્કેપને આકાર આપે તેવી શક્યતા છે. જો કે, રોકાણકારો સ્થિરતા માટે લાર્જ કેપ શેરો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે જ્યારે સ્થાનિક વૃદ્ધિ દ્વારા સંચાલિત ચક્રીય ક્ષેત્રો અને ક્ષેત્રોમાં પસંદગીયુક્ત રીતે મિડ કેપમાં પણ તકો શોધી રહ્યા છે.

ભારતીય શેરબજારે શુક્રવાર, બીજી જાન્યુઆરીના રોજ જે મજબૂત વધારો નોંધાવ્યો, તે ત્રીજા ક્વાર્ટરની કોર્પોરેટ કમાણીની સીઝન શરૂ થવા પહેલા વધતા આશાવાદ વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક ખરીદીને કારણે થયો હોવાનું બજારના નિરીક્ષકો માને છે. આ સપ્તાહમાં બજાર પર અમેરિકા અને વેનેઝુએલા વચ્ચેના લશ્કરી સંઘર્ષ તેમ જ સોના અને ચાંદીના ભાવની વધઘટની પણ અસર જોવા મળશે.

ભારતીય શેરબજારોએ નવા વર્ષની શરૂઆત મજબૂત નોંધ સાથે કરી, લગભગ ૧% વધ્યા અને પાંચ અઠવાડિયાના કોન્સોલિડેશન તબક્કામાંથી નિર્ણાયક રીતે બહાર નીકળ્યા. મિશ્ર સંકેતો વચ્ચે અઠવાડિયાની શરૂઆત થોડી ધીમી રહી, પરંતુ અંતિમ સત્રોમાં તીવ્ર સુધારાને કારણે બેન્ચમાર્ક સૂચકાંકો અઠવાડિયાના ઉચ્ચતમ સ્તરની નજીક બંધ થયા. નિફ્ટીએ ૨૬,૩૨૮.૫૫ પોઇન્ટના નવા રેકોર્ડ સ્તરને સ્પર્શ્યો હતો, જ્યારે સેન્સેક્સ ૦.૮૫ ટકા વધીને ૮૫,૭૬૨.૦૧ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો.

માર્કેટની આ મુવમેન્ટ બજારની નવાં જોખમ લેવાની ક્ષમતા અને રોકાણકારોના સ્થાનિક વૃદ્ધિના દૃષ્ટિકોણમાં વિશ્વાસમાં સુધારો દર્શાવે છે.

આ સપ્તાહે મજબૂત સ્થાનિક ફંડામેન્ટલ્સ, સ્થિર સ્થાનિક સંસ્થાકીય પ્રવાહ અને સ્વસ્થ કોર્પોરેટ કમાણી વૃદ્ધિની અપેક્ષા સાથે ભારતીય શેરબજારોમાં પોઝિટિવ ટોન જળવાઈ રહેવાની અપેક્ષા છે. આગળ જોતાં, બજારનું ધ્યાન ત્રીજા ક્વાર્ટરના કમાણીના મોસમ તરફ વળવાનું નક્કી છે, જેમાં ટ્રેડર્સ બેન્ચમાર્કની હેવીવેઇટ કંપનીઓના પરિણામો પહેલાં પસંદગીયુક્ત રીતે પોઝિશન બનાવે એવી શક્યતા છે.

કમાણીની અપેક્ષાઓ ઉપરાંત, વ્યાપક આર્થિક રિકવરીની સ્થિતિસ્થાપકતા અને ટકાઉપણાની પુષ્ટિ કરવા માટે ઔદ્યોગિક પ્રવૃત્તિને ટ્રેક કરતા હાઇ ફ્રિક્વેન્સી ઇન્ડિકેટર્સનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવશે. સ્થાનિક સ્તરે, એસએન્ડપી ગ્લોબલ સર્વિસીસ અને કમ્પોઝિટ પીએમઆઇ ડેટા વેપારધંધાની ગતિ અને રોજગાર વલણોમાં વધુ સ્પષ્ટતા પૂરી પાડશે.

ભારતીય શેરબજાર માટે ટોચના ટ્રિગર્સમાં સૌથી પ્રથમ રોકાણકારો ગ્રોથ પર ધ્યાન આપશે. ભારતીય રોકાણકારો એચએસબીસી સર્વિસીસ

**શેર બજાર**
**નિલેશ વાઘેલા**

પીએમઆઇ અને કમ્પોઝિટ પીએમઆઇના અંતિમ ડેટાને ટ્રેક કરશે, ત્યારબાદ નાણાકીય વર્ષ જીડીપી વૃદ્ધિ ડેટા આવશે. બેંક લોન વૃદ્ધિ, ડિપોઝિટ વૃદ્ધિ અને વિદેશી વિનિમય અનામત ડેટા ધિરાણ માગ અને પ્રવાહિતાની પરિસ્થિતિ પર પ્રકાશ પાડશે.

સીબીએસ ન્યૂઝ અને ફોક્સ ન્યૂઝના અહેવાલો અનુસાર, અમેરિકન દળોએ વેનેઝુએલા પર લશ્કરી હુમલાઓ કર્યા છે. અમેરિકાએ હવે વેનેઝુએલા ઓઇલ પર કન્ટ્રોલ મેળવવાની વાત પણ કરી છે. આ હુમલાને કારણે શેરબજારથી માંડીને બુલિઅન માર્કેટમાં અસર થઈ શકે છે. ખાસ કરીને ચાંદીના ભાવ અને ડોલરના મૂલ્યમાં મોટી વધઘટ શક્ય છે. જોકે, ભારત વેનેઝુએલા પાસેથી ખૂબ જ ઓછા પ્રમાણમાં ક્રૂડ ઓઇલની આયાત કરે છે અને વૈશ્વિક પુરવઠામાં પણ આ દેશનું મોટું યોગદાન નથી. વિશ્વબજાર પર યુએસના મુખ્ય આર્થિક ડેટાની અવશ્ય જોવા મળશે. વૈશ્વિક સ્તરે રોકાણકારો એમરિકાના નોન-ફાર્મ પેરોલ્સ અને બેરોજગારીના ડેટા પર ધ્યાન રહેશે, જે ફેડરલ રિઝર્વના વ્યાજદરના નિર્ણય અને એકંદર રિસ્ક એપીટીટીને આકાર આપી શકે છે. અલબત્ત, ડેટા રિલીઝની આસપાસ ટૂંકા ગાળાની અસ્થિરતાને નકારી શકાય નહીં, પરંતુ અંતર્ગત બજાર માળખું નિશ્ચતપણે હકારાત્મક રહે છે, જે ૨૦૨૬ના વિકાસ સાથે પસંદગીયુક્ત આશાવાદી અભિગમને પ્રોત્સાહન આપે છે.

ભૂરાજકીય જોખમમાં વધારો થશે તો કેપિટલ ઇક્વિટીમાંથી બુલિયન તરફ પ્રવાહિત થઇ શકે છે અને હાલ સોનાચાંદીમાં ભારે અફડાતફડી મચી છે. અમેરિકા અને ચીન વચ્ચે સિલ્વર વોર ચાલી રહી છે.

આ સ્થિતિમાં મેટલ માર્કેટમાં પણ અફડાતફડી ચાલુ રહેશે. એ જ રીતે, ડોલર સામે રૂપિયાના મૂલ્યની વધઘટની એફઆઇઆઇના વલણ પર અસર પડી શકે છે. શુક્રવારે ભારતીય રૂપિયો ૯૦ ના સ્તરને વટાવી ગયો, સત્રના અંતે ૨૨ પૈસા ઘટીને ૯૦.૨૦ પર બંધ થયો, જે નબળા મેક્રોઇકોનોમિક ડેટા અને વૈશ્વિક બજારોમાં મજબૂત ડોલરના દબાણને કારણે હતું.

ટેકનિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, નિફ્ટી નિર્ણાયક રીતે ૨૬,૨૦૦ ઝોનથી ઉપરની સપાટીએ પહોંચીને રેકોર્ડ ઊંચાઈએ બંધ થયો છે, જે પાંચ અઠવાડિયાના કોન્સોલિડેશન તબક્કાના અંતની પુષ્ટિ કરે છે. તાત્કાલિક સપોર્ટ ૨૬,૦૦૦ની આસપાસ મૂકવામાં આવ્યો છે, જેનો આધાર ૨૫,૭૦૦ પર મજબૂત છે. જો નિફ્ટી ૨૬,૩૦૦થી આગળ વધે તો તેજીની ચાલ જોવા મળે એવી સંભાવના છે.

સપ્તાહ દરમિયાન સૌથી મહત્ત્વની ઘટના સરકારે તંબાકુ ઉત્પાદનો પર લાદેલી તોતિંગ આબકારી જકાતની અસર રહી હતી. સરકારે પહેલી ફેબ્રુઆરીથી તમાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ ડ્યુટી અને પાન મસાલા પર હેલ્થ સેસ લાદવાની તારીખ જાહેર કર્યા પછી ગોડ્ફ્રે ફિલિપ્સ અને આઇટીસી સહિતની સિગારેટ અને તંબાકુ ઉત્પાદનો બનાવતી કંપનીના શેરોમાં વર્ષના પહેલા જ દિવસથી જોરદાર કડાકા શરૂ થઇ ગયા હતા.

ગુરુવારના સત્રમાં જ આઇટીસીના શેરમાં દસેક ટકાનો અને ગોડફ્રેના શેરમાં ૧૭.૧૭ ટકા એટલે કે શેરદીઠ રૂ.૪૭૪નો કડાકો નોંધાયો હતો. આઇટીસીના શેરમાં શુક્રવારે પણ કડાકા ચાલુ રહ્યા હતા અને સત્ર દરમિયાન તે વધુ પાંચ ટકા, એટલે કે બે દિવસમાં ૧૪ ટકા જેવો તૂટીને ત્રણ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો.

સરકારે પહેલી ફેબ્રુઆરીથી તંબાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ જકાત અને પાન મસાલા પર હેલ્થ સેસ લાદવાની જાહેરાત કરી છે. પાન મસાલા, સિગારેટ, તંબાકુ અને એ પ્રકારના ઉત્પાદનો પર ચાલીસ ટકા જ્યારે બીડી પર ૧૮ ટકા જીએસટી લાગુ થશે.

નોંધવું રહ્યું કે આઇટીસીના શેરમાં પડેલા દસેક ટકાના કડાકા સાથે તેના માર્કેટ કેપમાંથી ગુરુવારના સત્રમાં અંદાજે રૂ. ૫૦,૦૦૦ કરોડનું ધોવાણ થઇ ગયું હતું અને આ શેર માટે તેનો સાત વર્ષનો સૌથી ખરાબ દિવસ રહ્યો હતો.

# ડીઆઇઆઇએ નોંધાવી ₹ ૧૮,૮૯૨ કરોડની લેવાલી

મુંબઇઃ સપ્તાહ દરમિયાન મેટલ અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને એફએમસીજી, આઈટી અને ટેક શેરો ઘટ્યા હતા. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૧૮,૮૬૧.૭૫ કરોડ્ની ચોખ્ખી લેવાલી નોંધાઇ હતી. શુક્રવાર તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૭૨૦.૫૬ પોઈન્ટ્સ (૦.૮૫ ટકા) વધ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૫,૦૦૪.૭૫ પોઈન્ટ્સ પર ખૂલી મંગળવાર ૩૦ ડિસેમ્બરે નીચામાં ૮૪,૪૭૦.૯૪ અને શુક્રવાર ૨ જાન્યુઆરીએ ઊંચામાં ૮૫,૮૧૨.૨૭ થઈ એ જ દિવસે ૮૫,૭૬૨.૦૧ બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૭૩.૯૭ લાખ કરોડ હતું તે ૨ જાન્યુઆરી, ૨૦૨૬ના અંત સુધીમાં રૂ.૭.૨૭ લાખ કરોડ વધીને રૂ.૪૮૧.૨૪ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૭૫ ટકા, બીએસઈ સ્મોલકેપ ૧.૧૭ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૨૫ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૧.૩૮ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૧.૩૫ ટકા વધ્યા હતા. એસએમઈ આઈપીઓ ૧.૬૬ ટકા ઘટ્યો અને બીએસઈ આઈપીઓ ૦.૯૮ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મેટલ ૫.૬ ટકા, પીએસયુ બેન્ક ૫.૧૬ ટકા, પીએસયુ ૩.૯૯ ટકા, પાવર ૩.૬૭ ટકા, ઓટો ૩.૫૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૩.૪૯ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૨.૫૯ ટકા, બેન્કેક્સ ૨.૨૬ ટકા, રિયલ્ટી ૧.૬૪ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૦૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯૨ ટકા અને હેલ્થકેર ૦.૪૩ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી ૩.૪૮ ટકા, આઈટી ૦.૭૬ ટકા અને ટેક ૦.૩૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૮૦ સ્ક્રિપ વધી, ૨૦ ઘટી, બીએસઈ ૨૦૦માં ૧૫૨ સ્ક્રિપ વધી, ૪૮ સ્ક્રિપ ઘટી, બીએસઈ ૩૦માં ૨૪ સ્ક્રિપ ઘટી, ૦૬ સ્ક્રિપ ઘટી. બીએસઈ ૫૦૦માં ૩૪૨ સ્ક્રિપ વધી, ૧૫૭ સ્ક્રિપ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપની ૧૦૨ સ્ક્રિપ વધી, ૪૨ સ્ક્રિપ ઘટી હતી. સ્મોલ કેપની ૭૫૭ સ્ક્રિપ વધી, ૪૫૪ સ્ક્રિપ ઘટી અને ત્રણ સ્ક્રિપ સ્થિર રહી હતી. બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપમાં એનટીપીસી ૭.૯૪ ટકા, તાતા સ્ટીલ૭.૪૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૪.૭૫ ટકા, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ૩.૩૦ ટકા અને એક્સિસ બેંક ૩.૧૧ ટકા વધ્યો હતો અને સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપમાં આઈટીસી ૧૫.૪૬ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૧.૩૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૨ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૯૧ ટકા, ઈન્ફોસિસ ટેક્નોલોજી ૦.૯૧ ટકા ઘટ્યો હતો. સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૧,૦૨,૪૭૫.૨૫ કરોડની ખરીદી અને રૂ.૮૩,૬૧૩.૫૦ કરોડની વેચવાલી કરી હતી.

# ક્રૂડ ઓઈલની આયાતમાં ૧૧ ટકાનો ઉછાળો છતાં આયાત બિલ સ્થિર

મુંબઇઃ ભારતે નવેમ્બર મહિના દરમિયાન ૨૧.૧ મિલિયન ટન ક્રૂડ ઓઇલ આયાત કર્યું, જે ગયા વર્ષની તુલનાએ વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ૧૧ ટકાનો વધારો દર્શાવે છે, આમ છતાં આયાત બિલ સ્થિર જ રહ્યું છે. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર નવેમ્બરમાં દેશનું ક્રૂડ ઓઇલ આયાત બિલ ૯.૯ અબજ ડોલર રહ્યું છે, જે એક વર્ષ અગાઉના સમયની સાપેક્ષે સ્થિર જ છે. ભારતે મહિના દરમિયાન ૨.૧૧ કરોડ ટન ક્રૂડ ઓઇલ આયાત કર્યું હતું, જે ગત વર્ષના સમાન સમયગાળામાં આયાત કરાયેલા ૧.૮૯ કરોડ ટન કરતા નોંધપાત્ર રીતે વધારે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ પડતા સપ્લાયના ડરના કારણે ૨૦૨૫માં ક્રૂડ ઓઇલના ભાવ નીચા રહ્યા છે. આ કારણોસર જ તેલ ખરીદીમાં વધારા છતાં ભારત માટે આયાત બિલ ઓછું થયું છે. નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતીય ક્રૂડ ઓઇલ બાસ્કેટની કિંમત સરેરાશ ૬૪.૩૧ ડોલર પ્રતિ બેરલ હતી, જે ગયા વર્ષે ૭૩.૦૨ ડોલર પ્રતિ બેરલ હતી. એપ્રિલ-નવેમ્બર સમયગાળા દરમિયાન દેશનું ક્રૂડ ઓઇલ આયાત બિલ લગભગ ૧૨ ટકા ઘટીને ૮૦.૯ અબજ ડોલર થયું. ડિસેમ્બરમાં આયાત બિલની આ સ્થિતિ ભારત માટે વધુ સુધરી શકે છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ૬૦ ડોલર પ્રતિ બેરલથી પણ નીચે ગગડીને પાંચ વર્ષના તળિયે પહોંચ્યું છે.

# એમઆઈઆઈ માટે ટેક રોડમેપ વિકસાવવા માટે સેબી કાર્યકારી જૂથની રચના કરશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બીએસઇ સેન્સેક્સના ૪૦ વર્ષ પૂર્ણ થવા પર, સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ શુક્રવારે જણાવ્યું હતું કે સ્કેલ અને ભાગીદારી સતત વધતી રહેશે, પરંતુ ભારતના મૂડી બજારોએ હવે ક્વોલિટી અને સોફિસ્ટિકેશન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે જાહેરાત કરી કે નિયમનકાર બજાર માળખાગત સંસ્થાઓ (માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્સ્ટિટ્યુશન્સ - એમઆઇઆઇ) માટે લાંબા ગાળાનો ટેકનોલોજી રોડમેપ તૈયાર કરવા માટે એક કાર્યકારી જૂથની રચના કરશે. તેમણે જણાવ્યું કે એમઆઇઆઇ માટે કેપિટલ માર્કેટ રેગ્યુલેટક, ટેકનોલોજી રોડમેપ વિકસાવવા માટે એક કાર્યકારી જૂથની રચના કરશે.

આ રોડમેપ સિક્યોરિટીઝ માર્કેટ ઇકોસિસ્ટમ માટે સંરચિત પાંચ વર્ષ અને દસ વર્ષનું વ્યૂહાત્મક ટેકનોલોજી વિઝન પ્રદાન કરશે. તેમણે ચેતવણી આપી હતી કે, જેમ જેમ બજારો વિકસિત થાય છે, તેમ તેમ ઉભરતી ટેકનોલોજી, ખાસ કરીને આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સ નવી કાર્યક્ષમતા લાવે છે, પણ સાથે નવી જટિલતાઓ પણ લાવે છે. આગામી સમયનો પડકાર જોખમો સપાટી પર આવે તે પહેલાં તેને શોધી કાઢવામાં રહેલો છે.

વિશ્વાસની કેન્દ્રિયતા પર ભાર મૂકતા, સેબીના ચેરમેને કહ્યું, નસ્ત્રકોઈપણ બજાર વિશ્વાસ કે ભરોસા વિના વિકાસ ટકાવી શકતું નથી અને આ વિશ્વાસ કે ભરોસો, યોગ્ય નિયમન, પારદર્શિતા અને અસરકારક અમલીકરણ પર આધારિત છે. તેમણે કહ્યું કે ભારતનું નિયમનકારી માળખું વિભાજિત દેખરેખથી પરિપક્વ થઈને બજાર સંકલિતતા, રોકાણકારોનું રક્ષણ અને પ્રણાલીગત સ્થિરતા પર કેન્દ્રિત વ્યાપક સિસ્ટમમાં પરિપક્વ થયું છે. આ દરમિયાન બજારની સહભાગીદારી વિસ્તૃત થવા સાથે રોકાણકારોનો આધાર વધુ વૈવિધ્યસભર બન્યો છે.

તેમણે કહ્યું કે, ચાર દાયકાથી વધુ સમય દરમિયાન, સેન્સેક્સ ભારતના આર્થિક પરિવર્તનને પ્રતિબિંબિત કરતા મજબૂત બજાર સૂચકાંક તરીકે સમયની કસોટી પર ખરો ઉતર્યો છે, જે તેની બદલાતી રચના ઉદારીકરણ, ખાનગી સાહસોના ઉદય અને ઊંડા વૈશ્વિક જોડાણોમાં પ્રતિબિંબિત થાય છે.

# ૨૦૨૫માં ૬,૩૦૦થી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ બંધ, મહારાષ્ટ્રમાં મોખરે

નવી દિલ્હીઃ સ્ટાર્ટઅપ્સના ઝડપી વિકાસ બાદ હવે અધોગતિ જોવામાં મળી છે. એક ડેટા અનુસાર વર્ષ ૨૦૨૫માં ૬,૩૦૦થી વધુ માન્ય સ્ટાર્ટઅપ્સ બંધ થયા છે. જોકે, સરકાર કહે છે કે સ્ટાર્ટ અપ્સ બંધ થવાની સંખ્યામાં કોઈ વધારો થયો નથી.

રાજ્ય કક્ષાના પ્રધાન જિતિન પ્રસાદે જણાવ્યું હતું કે બંધ થવાનું કારણ સામાન્ય રીતે બજારની સદ્ધરતાને લગતા મુદ્દાઓ, ભંડોળના પડકારો, આર્થિક પરિસ્થિતિઓ અને ઉત્પાદન સુસંગતતા હોય છે, સ્ટાર્ટઅપ સ્વાસ્થ્યમાં પ્રણાલીગત ખરાબી જેવા કારણો નથી. ડેટા અનુસાર મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૨૦૦ એકમો બંધ છે, ત્યારબાદ કર્ણાટકમાં ૮૪૫, દિલ્હીમાં ૭૩૭ અને ઉત્તર પ્રદેશમાં ૫૯૮ સ્ટાર્ટઅપ્સ બંધ થયા છે. સરકારે સંસદમાં માહિતી આપી છે કે, ૩૧ ઓક્ટોબર સુધીમાં ૬,૩૮૫ જેટલા માન્ય સ્ટાર્ટઅપ્સ બંધ થયા છે, પરંતુ સરકારે વર્ષ ૨૦૨૪ની સરખામણીમાં આ વર્ષે બંધ થનારા સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં કોઈ વધારો થયો હોવાના અહેવાલોને નકારી કાઢ્યા છે.

માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ દ્વારા સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલ હેઠળ આવકવેરા લાભો જેવા અનેક પ્રોત્સાહનો માટે પાત્ર હોય છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ, કોર્પોરેટ બાબતોના મંત્રાલય (૧૧ નવેમ્બર ૨૦૨૫ ના રોજ શેર કરાયેલા ડેટાના આધારે) અનુસાર, ૬,૩૮૫ માન્ય સ્ટાર્ટઅપ્સને બંધ એટલે કે, વિસર્જિત તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે લોકસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૨૦૦ સ્ટાર્ટઅપ્સ શટડાઉન થયા, ત્યારબાદ કર્ણાટક (૮૪૫), દિલ્હી (૭૩૭) અને ઉત્તર પ્રદેશ (૫૯૮)નો ક્રમ રહ્યો છે. પ્રસાદે જણાવ્યું હતું કે સરકારે ૨૦૨૫ માં શટડાઉનની ગતિમાં કોઈ વધારો જોયો નથી, ઉમેર્યું હતું કે બંધ થવાના કારણો સામાન્ય રીતે વ્યવસાય-મૉડેલ પડકારો, ભંડોળની મર્યાદાઓ, બજારની સ્થિતિ અને ઉત્પાદનની કાર્યક્ષમતાને કારણે થાય છે. તેમણે ગૃહને માહિતી આપી કે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં સ્ટાર્ટઅપ્સ ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ દ્વારા ૧,૯૭,૬૯૨ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે. જે બંધ થાય છે તે સામાન્ય રીતે બિઝનેસ મૉડેલની સધ્ધરતા, બજારની માંગ સાથે સંરેખણ, સ્થાનિક અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓ, વિકસિત ઉત્પાદનો અને સેવાઓની પ્રકૃતિ, ભંડોળ આકર્ષવાની ક્ષમતા અને અન્ય વ્યવસાય-વિશિષ્ટ વિચારણાઓ જેવા પરિબળોથી પ્રભાવિત થાય છે.

# વીઆઈને ₹ ૮૭,૬૯૫ કરોડની ચુકવણી માટે ૧૦ વર્ષનો સમય અપાયો

નવી દિલ્હીઃ આર્થિક સંકટમાં ફસાયેલી ટેલિકોમ કંપની વોડાફોન-આઈડિયા (વીઆઇ) માટે કેન્દ્ર સરકારે વર્ષના અંતિમ દિવસે રાહતના સમાચાર આપ્યા છે. સાધનોના જણાવ્યા અનુસાર, ૩૧ ડિસેમ્બરે કેન્દ્રીય કેબિનેટે એક ખાસ રાહત પેકેજને મંજૂરી આપી હોવાથી કંપનીને કરજ ચૂકવણી માટે વધુ સમય મળશે. આ પેકેજ હેઠળ, કંપનીએ સરકારને ચૂકવવાના થતા રૂ. ૮૭,૬૯૫ કરોડના એજીઆરના બાકી લેણાંને હાલ પૂરતા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. સરકારના આ નિર્ણયનો મુખ્ય હેતુ ટેલિકોમ માર્કેટમાં હરીફાઈ ટકાવી રાખવાનો અને વોડાફોન-આઈડિયામાં રહેલી સરકારની ૪૯ ટકા હિસ્સેદારીની કિંમતને સુરક્ષિત કરવાનો છે. પેમેન્ટ શેડ્યૂલ અંતર્ગત દેવાની ચૂકવણી માટે ૨૦૩૨થી ૨૦૪૧નો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. કેબિનેટના નિર્ણય મુજબ, કંપનીએ હવે આ રકમ તાત્કાલિક ચૂકવવાની જરૂર રહેશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ચુકવણી માટે કંપનીને ૧૦ વર્ષ લાંબો સમયગાળો આપવામાં આવ્યો છે. એટલે કે, હવે આ રકમ નાણાકીય વર્ષ ૨૦૩૨થી ૨૦૪૧ની વચ્ચે ચૂકવવાની રહેશે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**PUBLIC NOTICE**

We are investigating the title of BALKRISHNA JAMNADAS CHADRAPOTA to the immovable property described in the **Schedule** below **("the Property").**

Any person having any claim, right, title or interest on the Property by way of inheritance, share, sale, mortgage, lease, license, gift, possession, possession/ custody of the original title deeds or any other form of encumbrance or otherwise is hereby required to notify the undersigned alongwith all the supporting documents within 10 (ten) days from the date of publication of this notice. Failure to do so, will result in such claim, right, title or interest if any, of any such person to be considered as waived and not binding on our client.

**SCHEDULE ABOVE REFERRED TO: ("the property")**

Residential Flat bearing No. 42 admeasuring 1325 sq. ft. of Built up area on the 4th floor in the building known as "SATYAM" together with right to use one open Car Parking space belonging to Ranju Manju Co-operative Housing Society Limited ("Society") situated at Rungta Lane, 68, Nepeansea Road, C. S. No. 4/355 of Malabar Hill and Cumbala Hill Division, Mumbai-400 006 alongwith 5 (five) shares issued by the Society.

Dated this 5th day of January 2026.

Sd/-
M/s. Vimadalal & Co.
(S. N. Vimadalal)
Advocates & Solicitors
14, Hamam House,
3rd floor, 36, Ambalal Doshi Marg, Fort,
Mumbai 400 001

# કંપનીના ટોચના અધિકારીઓમાં ત્રિમાસિક પરિણામો ટાળવાની વૃત્તિમાં વધારો

મુંબઇઃ ભારતીય કંપનીઓના મોટાભાગના સીઇઓ ત્રિમાસિક પરિણામોને બદલે અર્ધવાર્ષિક નાણાકીય પરિણામોની તરફેણમાં છે. જોકે, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં આ બાબતનો સખત વિરોધ છે. તાજેતરના સર્વે મુજબ, ૬૪ ટકા કોર્પોરેટ સીઇઓ કહે છે કે અર્ધવાર્ષિક નાણાકીય પરિણામો કંપનીઓ પર ટૂંકા ગાળાના દબાણને ઘટાડશે અને મેનેજમેન્ટને વ્યવસાય વ્યૂહરચના અને અમલીકરણ પર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપશે. તેનાથી વિપરીત, ૭૩ ટકા ફંડ મેનેજરોએ કહ્યું કે ત્રિમાસિક પરિણામો રોકાણકારો માટે મહત્વપૂર્ણ છે, કારણ કે તેઓ આ સમયસર જાહેરાતોના આધારે રોકાણના નિર્ણયો અને મૂડી ફાળવણી કરે છે. આ તીવ્ર વિરોધાભાસ કોર્પોરેટ બોર્ડમાં સુગમતાની ઇચ્છા અને પારદર્શિતા અને સુસંગત રિપોર્ટિંગ માટેની રોકાણકાર સમુદાયની માંગ વચ્ચેના સંઘર્ષને પ્રતિબિંબિત કરે છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલાથી જ યુએસમાં ત્રિમાસિક નાણાકીય પરિણામોથી અર્ધવાર્ષિક નાણાકીય પરિણામો તરફ જવા અંગે ચર્ચાને વેગ આપ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે આનાથી કોર્પોરેટ ખર્ચમાં ઘટાડો થશે અને મેનેજમેન્ટને વ્યવસાયિક કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સમય મળશે. જોકે, ભારતીય નિયમનકારી સૂત્રો કહે છે કે સ્થાનિક બજાર માટે હાલમાં આવી કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી. એક કંપનીના સીઇઓએ કહ્યું હતું કે કેટલીકવાર ક્વાર્ટરમાં શેર કરવા યોગ્ય કોઈ મોટી ઘટનાઓ હોતી નથી. અર્ધ-વાર્ષિક અહેવાલ અર્થપૂર્ણ ચર્ચા માટે વધુ સારું સાધન પુરવાર થશે.

સ્ટીલ ક્ષેત્રના સીઇઓ માને છે કે વર્તમાન સિસ્ટમ વધુ સારું શાસન નિયંત્રણ પૂરું પાડે છે અને અર્ધ-વાર્ષિક રિપોર્ટિંગ દેખરેખને નબળી બનાવી શકે છે. મોટાભાગના મની મેનેજરોએ કહ્યું હતું કે ત્રિમાસિક રિપોર્ટિંગને દૂર કરવાથી પારદર્શિતા ઓછી થશે.

# કેજી-ડીફ વિવાદઃ સરકારની રિલાયન્સ, બીપી પાસેથી 30 અબજ ડૉલરની માગણી

નવી દિલ્હીઃ સરકાર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને બીપી પાસેથી વળતર તરીકે ત્રીસ બિલિયન ડોલરથી વધુની માગણી કરી રહી છે. આ સંદર્ભે એવો આરોપ છે કે ઉપરોક્ત ભાગીદાર કંપનીઓએ ડીજી-૬ ગેસ ફિલ્ડમાં જરૂરિયાત કરતાં વધુ સવલતો ઊભી કરી છે અને ત્યારબાદ કુદરતી ગેસ ઉત્પાદન લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં તેઓ નિષ્ફળ ગયા છે. સરકારે ત્રણ સભ્યોની આર્બિટ્રેશન ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરેલી રજૂઆત દરમિયાન આ દાવો કર્યો હતો કે સાતમી નવેમ્બરના રોજ ૧૪ વર્ષ જૂના વિવાદ પર સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. ટ્રિબ્યુનલ આવતા વર્ષે કોઈક સમયે પોતાનો ચૂકાદો આપે તેવી અપેક્ષા છે. ઉપરાંત નુકસાનીને લગતા દાવાને સુપ્રીમ કોર્ટમાં પડકારાશે તેવી શક્યતા જણ હોવાનું આ બાબતથી વાકેફ ત્રણ સૂત્રોએ જણાવ્યું હતું. સમાચાર સંસ્થા પીટીઆઇ અનુસાર રિલાયન્સ અને બીપીએ આ મુદ્દા પર તાત્કાલિક કોઈ ટિપ્પણી આપી નથી.

# રિઝર્વ બેન્કે મેક્રોઈકોનોમિક પરિસ્થિતિ આધારીત નિર્ણય માટે સ્ટેન્સ ન્યૂટ્રલ રાખ્યું

મુંબઈઃ આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું છે કે મોનિટરી પોલિસી સ્ટેન્સ ન્યૂટ્રલ રાખવાથી આગામી સમયમાં ઊભી થનારી મેક્રોઈકોનોમિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પગલાં લેવામાં રિઝર્વ બેન્કને સાનુકૂળતા રહેશે. આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટી (એમપીસી)ની ગત ૩-૫ ડિસેમ્બર દરમિયાન મીટિંગ મળી હતી, જેમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરાયો હતો. આ મીટિંગની મિનિટ્સ શુક્રવારે જાહેર થઈ હતી જેમાં આ બાબત માલૂમ પડી હતી. એમપીસીના પાંચ સભ્યોએ મોનિટરી પોલિસી સ્ટેન્સ ન્યૂટ્રલ યથાવત રાખવાની તરફેણમાં મતદાન કર્યું હતું, જ્યારે એક સભ્યએ નએકોમોડેટિવથ સ્ટેન્સની તરફેણ કરી હતી. મલ્હોત્રાએ કહ્યું હતું કે નહું ૨૬ બેસીસ પોઈન્ટ રેટ કટની તરફેણમાં મતદાન કરું છું. તેનાથી માંગ વધશે અને ગ્રોથને સપોર્ટ મળશે. આ ઉપરાંત ન્યૂટ્રલ સ્ટેન્સ જાળવી રાખવાની પણ હું તરફેણ કરું છું, જેનાથી આગામી સમયમાં મેક્રોઈકોનોમિક પરિસ્થિતિ અને આઉટલૂક અંગે જે ડેટા આવશે તે મુજબ પગલાં લેવામાં સાનુકૂળતા રહેશે. તેમણે કહ્યું હતું કે રિટેલ ફુગાવાનો દર આગામી નવા વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છ મહિનામાં સરેરાશ ૪ ટકાની નજીક રહેશે તેવો અંદાજ છે. કિંમતી ધાતુઓને બાકાત રાખવામાં આવે તો ફુગાવો ખાસ્સો નીચો રહેશે.

ડેપ્યૂટી ગવર્નર પૂનમ ગુપ્તાએ કહ્યું હતું કે રિટેલ ફુગાવાનો દર અપેક્ષા કરતાં ઝડપથી નીચે આવી રહ્યો છે. રેપો રેટમાં છેલ્લાં એક વર્ષમાં ૧૨૫ બેસીસ પોઈન્ટનો ઘટાડો કરાયો તેનાથી અર્થતંત્રમાં ઓવરહીટિંગ થશે કે તેવો સવાલ થાય. પરંતુ માત્ર ફુગાવો અને કોર ઈન્ફલેશન જ નહીં, અર્થતંત્રના નોમિનલ ઈન્ડિકેટર્સ પણ સંકેત આપે છે કે ઓવરહીટિંગની સ્થિતિ જરા પણ નથી. ગુપ્તાએ પણ ન્યૂટ્રલ સ્ટેન્સની તરફેણમાં મતદાન કર્યું છે.

એમપીસીના સભ્ય નાગેશકુમારે કહ્યું હતું કે ભૌગોલિક-રાજકીય અને ટ્રેડ સંબંધિત અનિશ્ચિતતાને કારણે બિઝનેસ સેન્ટિમેન્ટ પર અસર થઈ હોવાના કેટલાક પુરાવા જોવા મળ્યા છે. ટ્રમ્પ ટેરિફ ખાસ કરીને શ્રમલક્ષી ઉદ્યોગો જેવા કે ટેક્સટાઈલ, ગારમેન્ટ, લેધર, જેમ્સ-જ્વેલરી, પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ (જેમ કે શ્રિમ્પ) પર વધારે અસર કરી રહ્યા છે કારણ કે આ ઉદ્યોગો અમેરિકા પર વધુ નિર્ભર છે.

# તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ

## ઉદ્ધવ-રાજ એકબીજાને કંઈ બોલતા અટકાવતા હોવાનું જણાયું, અટકળો વહેતી થઈ



### ઠાકરે બંધુઓના ચૂંટણી ઢંઢેરામાં મફત દવાઓ, દરેક ગલ્લીમાં બાઈક એમ્બ્યુલન્સ જેવી સુવિધાની જાહેરાત

મુંબઈ: મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે શિવસેના ઠાકરે જૂથ, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને રાષ્ટ્રવાદી પક્ષ શરદ પવાર જૂથનો સંયુક્ત ચૂંટણી ઢંઢેરો રવિવારે પ્રકાશિત કરવામાં આવ્યો.

આ મેનિફેસ્ટો માટે શિવશક્તિનું વચન, ઠાકરેનું વચન ટેગલાઇન અપનાવવામાં આવી હતી. ગઠબંધનના ઢંઢેરામાં મુંબઈગરાંના વિવિધ મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. મુંબઈગરાંને સ્વાસ્થ્ય અંગે મોટા વચનો આપવામાં આવ્યા છે. મુંબઈની ગલીઓમાં તાત્કાલિક સારવાર પૂરી પાડવા માટે બાઇક એમ્બ્યુલન્સનું વચન આપવામાં આવ્યું છે. તે ઉપરાંત ઢંઢેરામાં કેન્સર જેવા ગંભીર રોગોની સારવાર માટે સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ સ્થાપવાનું વચન આપવામાં આવ્યું છે.

**મુંબઈગરાં સ્વાસ્થ્ય માટે ઠાકરેના વચનો શું?**

ફક્ત પ્રાથમિક આરોગ્ય સંભાળ જ નહીં, પરંતુ તમામ પ્રકારની સૌથી અદ્યતન તબીબી સેવાઓ પણ પૂરી પાડવા માટે ત્રણ હાલની મેડિકલ કોલેજો અને જનરલ હોસ્પિટલો પછી બાળાસાહેબ ઠાકરે મેડિકલ કોલેજ વિલે પાર્લેની કૂપર હોસ્પિટલમાં શરૂ કરવામાં આવશે. ૧.૫ કરોડની વસ્તી ધરાવતા મુંબઈમાં દર્દીઓના ભારણને અસરકારક રીતે સંભાળવા અને આરોગ્યસંભાળ સેવાઓનો વિસ્તાર (જુઓ પાનું ૪) ▸▸

### ૨૦ વર્ષ પછી શિવસેના ભવનમાં પહોંચતા રાજ ઠાકરે ભાવુક થયા, કહ્યું 'જેલમાંથી મુક્ત થયો'

મુંબઈ: ૨૦ વર્ષ પછી શિવસેના ભવનમાં પહોંચતા રાજ ઠાકરે ભાવુક થઈ ગયા હતા. તેમણે જૂની યાદો તાજી કરી. તેમણે કહ્યું કે તેમને એવું લાગે છે કે તેઓ ૨૦ વર્ષ પછી જેલમાંથી મુક્ત થયા છે. તેમણે ૧૯૭૭ની પોતાની યાદો પણ શેર કરી. શિવસેના ભવનમાં પત્રકારો સાથે વાતચીત કરતી વખતે રાજ ઠાકરેએ કહ્યું કે મારા મિત્ર સંજય રાઉતે વારંવાર ઉલ્લેખ કર્યો છે કે રાજ ઠાકરે ૨૦ વર્ષ પછી શિવસેના ભવનમાં આવ્યા. પણ મને ખરેખર એવું લાગે છે કે હું ૨૦ વર્ષ પછી મુક્ત (જુઓ પાનું ૪) ▸▸

# ચૂંટણીના માહોલ વચ્ચે

## સંવેદનશીલ પરિસર દીવામાં રીઢા આરોપી પાસેથી હેન્ડ ગ્રેનેડ મળી

### બહેન-બનેવીને હેન્ડ ગ્રેનેડથી ઉડાવવાની યોજના હતી, એવો દાવો આરોપીએ કર્યો, પણ એજન્સીઓ આ કેસની તપાસમાં ઊંડી ઊતરવા માગે છે

**યોગેશ સી પટેલ**

મુંબઈ: મહાનગરપાલિકાઓની ચૂંટણી જાહેર થયા પછી આખું તંત્ર હાઈ અલર્ટ પર છે ત્યારે થાણેના અત્યંત સંવેદનશીલ વિસ્તાર ગણાતા દીવામાંથી રેકોર્ડ પરના આરોપી પાસેથી હેન્ડ ગ્રેનેડ મળતાં તપાસ એજન્સીઓની ઊંઘ ઊડી ગઈ હતી. જોકે વેર વાળવા બહેન-બનેવીને બૉમ્બથી ઉડાવવાની યોજના હોવાથી ઉત્તર પ્રદેશથી હેન્ડ ગ્રેનેડ ખરીદી હોવાનો દાવો આરોપીએ કર્યો હતો, પરંતુ તપાસ એજન્સીઓ આ મામલે ઊંડી તપાસ કરવા માગે છે.

વસઈની વાલિવ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ શિવશંકર રામમારુત વિશ્વકર્મા ઉર્ફે બબલુ તરીકે થઈ હતી. કોર્ટે બબલુને સાત દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

મળતી માહિતી અનુસાર વાલિવ પોલીસ બબલુને તેની બહેન પર જ ગોળીબાર કરવાના કેસમાં શોધી રહી હતી. બીજી જાન્યુઆરીએ વસઈ પૂર્વમાં ખાડી નજીકના પરિસરમાં બબલુએ બહેન પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં તેની બહેન બચી ગઈ હતી, પણ વાલિવ પોલીસે ગુનો નોંધી બબલુની શોધ હાથ ધરી હતી.

સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસની ટીમ છેક મુંબ્રા નજીકના દીવા સુધી પહોંચી હતી. દીવાના સાબેગાંવ વિસ્તારમાંથી પોલીસને બબલુનું સ્કૂટર મળી આવ્યું હતું. પરિણામે વધુ તપાસ અને બબલુની શોધ માટે વાલિવ પોલીસે શનિવારે મુંબ્રા પોલીસ સાથે જૉઈન્ટ ઑપરેશન હાથ ધર્યું હતું.

પોલીસે સ્કૂટરની તપાસણી કરી (જુઓ પાનું ૪) ▸▸

# ઉમેદવારોનો બિનવિરોધ વિજયનો મુદ્દો ગરમાયો

### ચૂંટણી પંચમાં હિંમત હોય તો ચૂંટણી રદ કરે: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ: રાજ્યની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે પહેલીવાર સાથે આવી ચૂંટણી લડી રહ્યા છે. આ માટે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ શિવસેના ભવનમાં પોતાના ચૂંટણી સંકલ્પની જાહેરાત કરી હતી. આ દરમિયાન બંને ઠાકરે ભાઈઓ ભાજપની આકરી ટીકા કરતા જોવા મળ્યા હતા. આ દરમિયાન બોલતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, અમે સામાન્ય કામો કર્યા હતા, જે હોર્ડિંગ્સ પર બતાવી રહ્યા છીએ. અમે કોસ્ટલ રોડનું કામ કર્યું, મધ્ય વૈતરણા પ્રોજેક્ટ કર્યો. કટાક્ષ કરતા તેમણે કહ્યું કે મોદીએ તો કૈલાશ પર્વત (જુઓ પાનું ૪) ▸▸

### 'નોટા' અધિકારનું શું?: મુંબઈ ગ્રાહક પંચનો સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યની અનેક મહાનગરપાલિકામાં પહેલી વખત મોટા પ્રમાણમાં ચૂંટણીના મેદાનમાં અનેક રાજકીય પક્ષોના અથવા અપક્ષ ઉમેદવારો પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા સત્તાધારી રાજકીય પક્ષના ઉમેદવારો ચૂંટણી પહેલા જ વિજયી થયા હોવાનું જણાઈ આવ્યું છે. લોકશાહી પ્રક્રિયામાં બિનહરીફ ચૂંટાવવું જોખમી ગણાય છે અને ચૂંટણી પંચે આ બાબતે અહેવાલ પણ મગાવ્યો છે, છતાં આ વોર્ડમાં ફેરચૂંટણી થવાની આવશ્યકતા છે એવી માગણી સાથે જ બિનહરીફ ચૂંટાઈ આવેલા ઉમેદવાર વિરુદ્ધ મતદારોને મળેલી નાપસંદગી (નોટા) મત નોંધાવાના અધિકારનું શું ? એવો સવાલ મુંબઈ ગ્રાહક પંચાયતે કર્યો છે. રાજકીય મેદાનમાં સામા પક્ષના ઉમેદવારોને ચૂંટણી લડવાથી રોકવા માટે ધાક-ધમકી, પૈસાનું દબાણ સહિત અનેક દાવપેચો અજમાવવામાં આવતા હોય છે. આવી પરિસ્થિતિમાં ચૂંટણી પંચે સંબંધિત વોર્ડના એક જ ઉમેદવારને ચૂંટણીમાં મેદાનમાં વિજજી જાહેર નહીં કરતા ત્યાં ચૂંટણી યોજવી. આવું નહીં કરવાથી મતદારોને આવા (જુઓ પાનું ૪) ▸▸

### વિપક્ષ કોર્ટમાં જાય તો પણ જનતાનો જનાદેશ જીતશે: ફડણવીસ

ચંદ્રપુર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું કે જો વિપક્ષો મહાયુતિના ઉમેદવારોની બિનહરીફ ચૂંટણીને પડકારવા માટે કોર્ટમાં જાય તો પણ જનતાનો જનાદેશ જીતશે.

ભાજપ અને તેના મહાયુતિના સાથી પક્ષોએ રાજ્યભરમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીમાં ૬૮ બેઠકો બિનહરીફ જીતી છે, જ્યારે વિપક્ષોનો આરોપ છે કે શાસક ગઠબંધન દ્વારા ઉમેદવારોને ચૂંટણી મેદાનમાંથી ખસી જવા માટે દબાણ કરવા માટે ધમકીઓ અને પૈસાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ શનિવારે કહ્યું કે તે મહાયુતિના ઉમેદવારોની બિનહરીફ ચૂંટણીને કોર્ટમાં પડકારશે.

ચંદ્રપુરમાં એક રોડ શો દરમિયાન પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું કે, તેઓ (જુઓ પાનું ૪) ▸▸

### આપણી ચૂંટણી વ્યવસ્થા સંકટમાં છે: કપિલ સિબ્બલ

મુંબઈ: મહારાષ્ટ્રમાં બિનહરીફ ચૂંટણીની પરંપરા પર પ્રહાર કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ટ્વિટ કરીને જણાવ્યું કે આપણી ચૂંટણી વ્યવસ્થા સંકટમાં મુકાઈ રહી છે.

કપિલ સિબ્બલે ટ્વિટ કર્યું હતું કે મહારાષ્ટ્રમાં ૬૯ માંથી ૬૮ બેઠકો પર ભાજપ અને શિંદે જૂથના શિવસેનાના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે તે ખૂબ જ ગંભીર બાબત છે. આપણી ચૂંટણી પ્રણાલી સંકટમાં છે. ચૂંટણી પરિણામો હવે પૈસાની તાકાત અને રાજકીય દબાણ દ્વારા નક્કી કરવામાં આવી રહ્યા છે. શું ચૂંટણી પંચ આ અંગે ચિંતિત નથી? તેમણે પૂછ્યું હતું. દરમિયાન, શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે મુંબઈ માટે (જુઓ પાનું ૪) ▸▸

### ઉદ્ધવ ઠાકરેએ ૨૯ બળવાખોરની હકાલપટ્ટી કરી

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં બધા રાજકીય પક્ષોએ બંડખોરીને ડામવા છેલ્લી ઘડી સુધી ઉમેદવારોનું સસ્પેન્સ કાયમ રાખ્યું હતું. તેમ છતાં દરેક પક્ષને બળવાખોર ઉમેદવારોનો (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

Satyam Enterprises
Since 1980
બારેમાસ ભરવાલાયક

ચોખા
(કોહિનુર/દાવત/દુન/રેશમ)
પ્રિમીયમ બાસમતી
પોણીચા બાસમતી
દુબાર બાસમતી
મીની દુબાર બાસમતી
ટુકડા બાસમતી
સુગંધી કૃષ્ણાકમોદ
સુગંધી આંબામોર
સુગંધી ચીનોર કોલમ
સુગંધી રસમલાઈ કોલમ
સુગંધી ત્રણ પાખડી ચોખા
સુગંધી ગુલાબી દુબરાજ
સુગંધી ઠીગલી દુધમલાઈ દુબરાજ
સુગંધી ઈન્દ્રાણી ચોખા
સુરતી વાડા કોલમ
સુરતી લચકારી વાડા કોલમ
સુરતી ખંભાતી વાડા કોલમ
H.M.T. સુરતી કોલમ
જાડા પરિમલ ચોખા
જાડા મસુરી ચોખા
કોલમની કણી/ સાદી કણી

ઘઉં
ઘઉં MP સિહોરી રજવાડી
ઘઉં MP સરબતી સિહોરી
ઘઉં MP લોકવન રજવાડી
ઘઉં MP લોકવન સરબતી
ઘઉં ગુજરાત સિહોરી સરબતી
ઘઉં ગુજરાત સોનેરી ટુકડી
ઘઉં પંજાબ પિસી સરબતી
ગોગારી સુપર બાજરો
ગુજરાત ગૌરવ બાજરો
સોલાપુર સુપર જુવાર
સોલાપુર રજવાડી જુવાર

મસાલા
કાશ્મીરી ખાંડેલા મરચા (ડિલક્સ)
કાશ્મીરી મરચા પાવડર (ડિલક્સ)
ડબલ રેશમપટ્ટી ખાંડેલા મરચા પાવડર
બેડગી ખાંડેલા મરચા પાવડર
રજવાડી ખાંડેલા ધાણાજીરૂ અને ધાણા પાવડર
સેલમ હળદર પાવડર
રજવાડી ગરમ મસાલો
સુપર ગરમ મસાલો
સુપર મિક્સ માલવની મસાલો

ડ્રાયફ્રુટ
સત્યમ સુપરડિલક્સ બદામ
સત્યમ અમેરિકન બદામ
અમેરિકન રનીંગ બદામ
સત્યમ સુપરડિલક્સ ગોવાના
અનેક પ્રકારના કાજુ
(આખા, ફાડચા, ટુકડા)
જમ્બો જરદાળુ
રનીંગ જરદાળુ
સુપરડિલક્સ અંજીર (રજવાડી)
રેગ્યુલર અંજીર
સુપરડિલક્સ ખારા પિસ્તા
રેગ્યુલર ખારા પિસ્તા
ડિલક્સ ખારા પિસ્તા (અકબરી)
અમેરિકન સ્મોલ સાઈઝ ખારા પિસ્તા
સુપરડિલક્સ અકબરી સાદા પિસ્તા
રેગ્યુલર સાદા પિસ્તા
સુપરડિલક્સ મિક્સ ડ્રાયફ્રુટ
સુપરડિલક્સ રજવાડી કિસમીસ
અફઘાની કિસમીસ
સિંધુકની કિસમીસ
અફઘાની સિડલેસ કાળી કિસમીસ
અફઘાની બીવાળી કાળી કિસમીસ

દાળ
ગુજરાત મઢીની તેલવાળી તુવરદાળ
ગુજરાત મઢીની કોરી તુવરદાળ
રેંટીયો તેલવાળી તુવરદાળ
અંગુર તેલવાળી તુવરદાળ
રજવાડી લાતુરની કોરી તુવરદાળ
છટ્ટીવાળી મગદાળ
જંબુસરી ચણાદાળ
સુપર મગદાળ
સુપર અડદદાળ
સુપર મસુરદાળ

દરેક પ્રકારના કઠોળ મળશે
દરેક પ્રકારના તૈયાર લોટ મળશે
ડબલ કડક આસામની મમરી ચા Rs. 400/-
દરેક પ્રકારના આખા ગરમ મસાલા મળશે
ઘઉં અને ચોખા મોચેલા અને બોરીક પાવડર લગાડીને મળશે
દરેક પ્રકારના સનફલાવર અને સીંગતેલ મળશે
સીડસ્ – પમ્પકીન સીડ • સીયા સીડ • સનફલાવર સીડ • વોટર મેલન સીડ • કિનોવા સીડ • અળસી સીડ
સુપરડિલક્સ ખારેક | કાળી ચુપચાપ ખારેક | મેઘજોલ ખજુર | કલમી ખજુર | ઓમાની કાળી ખજુર | ઓમાની સિડલેસ કાળી ખજુર | કિમીયા ખજુર | સુપર લાલ ખજુર
એડ્રેસ : ૧૧૦/૧૧૧, કલાઈવ રોડ, મસ્જીદ બંદર (ઈ), મુંબઈ-૪૦૦૦૦૯ • રવિવારે બંધ
FREE HOME DELIVERY
• કોલાબા, વાલકેશ્વર, ચર્ચગેટ થી દહિંસર ચેકનાકા સુધી
• CST થી મુલુંડ ચેકનાકા સુધી અને થાણા
ફોન પર ઓર્ડર આવકાર્ય
90047 21680 / 90049 01680 / 98192 78727

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**